C.C.No. 2790-1997

सत्य मेव जयते

| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખ:– | ૨૬/૧૨/૧૯૯૭ | | |
| દાખલ તારીખ:– | ૨૬/૧૨/૧૯૯૭ | | |
| જજમેન્ટ તારીખ:– | ૧૭/૦૪/૨૦૨૬ | | |
| અવધિ:– | વર્ષ | માસ | દિન |
| | ૨૮ | ૦૩ | ૨૨ |
| **આંક:–** | | | |

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તારીખ : ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.**

**FORM-A**

o––––––––––––––––––––––––––––––––––––––––o

**ધોળકાના મહે. એડી. જ્યુડીશીયલ મેજી. ફ. ક. સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ધોળકા.**

o––––––––––––––––––––––––––––––––––––––––o

**શ્રી પી.એમ.જોષી, એડી.જ્યુ.મેજી.ફ.ક., ધોળકા.**

**(ચુકાદા તારીખ :૧૭/૦૪/૨૦૨૬ )**

**ક્રીમીનલ કેસ નં. ૨૭૯૦/૧૯૯૭**

| **એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન.** | |
|---|---|
| પોલીસ સ્ટેશન : | ધોળકા રૂરલ પોલીસ સ્ટેશન |
| ગુનો : | ઈ.પી.કો.કલમ–૩૨૫,૩૨૪,૩૨૩,૪૫૨,૪૨૭,૫૦૪,૧૧૪ મુજબ |
| તહોમતનામા મુજબ તહોમત : | ઈ.પી.કો.કલમ– ૩૨૫,૩૨૪,૩૨૩,૪૫૨,૪૨૭,૫૦૪,૧૧૪ મુજબ |
| ફરિયાદી: | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી : | શ્રી ધર્મેશ ઠાકોર |
| આરોપી/આરોપીઓ : | (૧) ચંદનસિંહ જીવાભાઇ ડોડીયા રાજુપત(એબેટ)<br>(૨) વજુભાઇ પોપટભાઇ ડોડીયા રાજપુત(એબેટ)<br>(૩) જીતેન્દ્રસિંહ ચંદનસિંહ ડોડીયા રાજપુત |

| | |
|---|---|
| | (૪) હેમુભાઇ માવુભાઇ ડોડીયા રાજપુત<br>તમામ રહે.ધનવાડા, તા.ધોળકા જી.અમદાવાદ |
| આરોપી તરફે વિ.વ.શ્રી: | આર.એન.કીકાણી |

**FORM-B**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ : | ૧૭/૧૦/૧૯૯૭ |
| ફરિયાદની તારીખ : | ૧૭/૧૦/૧૯૯૭ |
| ચાર્જશીટની તારીખ : | ૨૧/૧૨/૧૯૯૭ |
| તહોમત ફરમાવ્યા તારીખ : | ૧૬/૧૨/૧૯૯૮ |
| પુરાવો શરૂ કર્યા તારીખ : | ૨૪/૦૧/૨૦૨૪ |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ : | ૦૩/૦૪/૨૦૨૬ |
| ચુકાદા તારીખ : | ૧૭/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | |

| આરોપી નંબર | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયાં ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર ? | શું સજા કરી ? | ક્રિ.પ્રો.કો. કલમ:૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચંદનસિંહ જીવાભાઇ ડોડીયા રાજુપત | – | – | ઈ.પી.કો.કલમ –૩૨૫, ૩૨૪,૩૨૩, ૪૫૨,૪૨૭, ૫૦૪,૧૧૪ | | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨. | વજુભાઇ પોપટભાઇ ડોડીયા રાજપુત | | | | | | |
| ૩. | જીતેન્દ્રસિંહ ચંદનસિંહ ડોડીયા રાજપુત | | | | | | |
| ૪. | હેમુભાઇ માવુભાઇ ડોડીયા રાજપુત<br><br>તમામ રહે.ધનવાડા, તા.ધોળકા જી. અમદાવાદ | | | | | | |

## <u>FORM-C</u>

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરિયાદપક્ષ તરફે

### <u>ફરિયાદપક્ષનો મૌખિક પુરાવા :</u>

| અનુ. નં. | વિગત | | આંક |
|---|---|---|---|
| ૧. | જગદીશભાઇ રત્નાભાઇ કો.પટેલની જુબાની | ફરીયાદી | ૮૩ |
| ૨. | સીકંદરભાઇ રાજાભાઇ વોરાની જુબાની | પંચ સાહેદ | ૮૬ |
| ૩. | દીલીપકુમાર લુણુમલ મહેશ્વરીની જુબાની | પંચ સાહેદ | ૯૦ |
| ૪. | ધનશ્યામભાઇ રત્નાભાઇ સોલંકીની જુબાની | સાહેદ | ૯૯ |
| ૫. | રાજુભાઇ ભીમાભાઇ કોલી પટેલની જુબાની | સાહેદ | ૧૦૭ |
| ૬. | નારણભાઇ રત્નાભાઇ કોલીપટેલની જુબાની | સાહેદ | ૧૧૧ |
| ૭. | ભીમાભાઇ રત્નાભાઇ કોલીપટેલની જુબાની | સાહેદ | ૧૨૫ |
| ૮. | હીરાબેન ભીમાભાઇ કોલીપટેલની જુબાની | સાહેદ | ૧૩૫ |
| ૯. | ડો.અહેમદહુસેન ગુલમહંમદ સચોરાની જુબાની | મેડી.ઓફીસર | ૧૩૯ |

(બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

(સી) કોર્ટ સાહેદ જો હોય તો,

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

## ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૮૪ |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૮૭ |
| ૩. | હથીયાર રીકવરી પંચનામું | ૯૧ |
| ૪. | મેડીકલ સર્ટી | ૧૪૦ થી ૧૪૩ |
| ૫. | ઠરાવ નં.૨૭ તથા ૩૩૪ ની નકલ | ૧૪૭ |

## બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો :–

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

## કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**-: JUDGEMENT :-**

૧. ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૧૭/૧૦/૯૭ કલાક-૯/૩૦ વાગે આરોપી નં.૧ નાએ પોતાના ઘરની દિવાલ ચણાવતા બારણું ફરીયાદીના ઘર તરફ મુકવા બાબતે બોલાચાલી કરી ગાળો બોલી આરોપી નં.૧ નાએ દાંતી (ધારીયાથી) ફીરયાદીના માથામાં મારી ઈજા કરી આરોપી નં.ર નાએ લાકડી ખોલીવાલી સાહેદ નં.૬,૭ ના માથામાં મારતા તેમજ આરોપી નં.૩ નાએ કોદાલીના હાથાથી ફરીયાદીને હાથ ઉપર મારી તેમજ આરોપી નં.૪ નાઓ પાઈપ સાહેદ નં.૯ ના ડાબા પગે નળા ઉપર મારી ફ્રેકચર કરી ફરીયાદીના ઘરમાં પેસી ટીવી, પંખો, ઘડીયાળ વિગેરે તોડી રૂા.૧૬૨૫/-નું નુકશાન કરી ગુનો કરવામાં મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૫,૩૨૪,૩૨૩,૪૫૨,૪૨૭, ૫૦૪, ૧૧૪ મુજબનો ગુનો કરેલ અને તે બાબતની ફરીયાદ ફરીયાદી ધ્વારા નોંધવામાં આવેલ તથા તપાસના અંતે ત.ક.અ.શ્રી ધ્વારા જરૂરી પુરાવાઓ એકિત્રત કરી આરોપીઓ વિરૂધ્ધ ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ-૧૭૩(૨) મુજબ ચાર્જશીટ આ અદાલતમાં દાખલ કરવામાં આવતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

૨. પોલીસ અહેવાલ રજુ થતાં, ફોજદારી કાર્યરીતી સંહીતા કલમ-૧૯૦ (૧) (ખ) આધારે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ- ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૪૫૨, ૪૨૭, ૫૦૪, ૧૧૪ મુજબના ગુન્હાઓ અંગેનું સંજ્ઞાન લઈ, કલમ-૨૦૪ અન્વયે સમન્સ કરતા, હાજર થતા, કલમ-૨૦૭ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ, કલમ-૨૪૦ મુજબ વિગતવારનુ તહોમતનામુ ફરમાવી, વાંચી સંભળાવતા સમજાવતા ગુન્હા અંગે પુછવામાં આવતા ઈન્કાર કરતા, કલમ-૨૪૨ મુજબ ફરીયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩. ત્યારબાદ પડેલ પુરાવા પરથી આ કામના આરોપીઓનું ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ - ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં

આરોપીઓએ ફરીયાદપક્ષના પુરાવાને નકારી કાઢી બચાવના સાક્ષી તપાસેલા નથી કે જાતે સોગંદ પર પુરાવો આપેલ નથી અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનુ અને ખોટી રીતે સંડોવી દઈ ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

૪. ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા આરોપીઓને સખ્તમાં સખ્ત સજા કરવા અરજ કરેલ છે. બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રીએ ખુબજ ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનો કેસ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

૫. સદર કામે ફરીયાદ પક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા, ફરીયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>-: મુદ્દાઓ :-</u>**

**મુદ્દા નં.૧** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૧૭/૧૦/૯૭ કલાક-૯/૩૦ વાગે આરોપી નં.૧ નાએ પોતાના ઘરની દિવાલ ચણાવતા બારણું ફરીયાદીના ઘર તરફ મુકવા બાબતે બોલાચાલી કરી ગાળો બોલી આરોપી નં.૧ નાએ દાંતી (ધારીયાથી) ફીરયાદીના માથામાં મારી ઈજા કરી આરોપી નં.૨ નાએ લાકડી ખોલીવાલી સાહેદ નં.૬,૭ ના માથામાં મારતા તેમજ આરોપી નં.૩ નાએ કોદાલીના હાથાથી ફરીયાદીને હાથ ઉપર મારી તેમજ આરોપી નં.૪ નાઓ પાઈપ સાહેદ નં.૯ ના ડાબા પગે નળા ઉપર મારી ફ્રેકચર કરી ફરીયાદીના ઘરમાં પેસી ટીવી, પંખો, ઘડીયાળ વિગેરે તોડી રૂા.૧૬૨૫/- નું નુકશાન કરી ગુનો કરવામાં મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૫,૩૨૪,૩૨૩,૪૫૨,૪૨૭, ૫૦૪, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નં.૨ શું હુકમ કરવો જોઈએ ?

૬. ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયો તેમજ તેના કારણો નીચે મુજબ છે.

**– <u>ન્યાયિક નિર્ણયો</u> –**

મુદ્દા નં.૧ નકારમાં

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

**– <u>નિર્ણય માટેના કારણો</u> –**

<u>મુદ્દા નં.૧</u> ::

૭. આ કામે વર્તમાન આરોપી વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે. આમ, આ કામે આરોપી સામે જયારે ઈ.પી.કો. કલમ–૩૨૫,૩૨૪,૩૨૩,૪૫૨,૪૨૭, ૫૦૪, ૧૧૪ મુજબના ગુન્હાનો આક્ષેપ છે, ત્યારે ફરીયાદપક્ષે નીચે મુજબના આવશ્યક તત્વો રેકર્ડ પરથી શંકાથી પર સાબિત કરવાના રહે છે.

**<u>ફરીયાદપક્ષનો પુરાવો અને તેનું મુલ્યાંકન:–</u>**

(૮.) આ કામે આંક ૮૩ થી ફરીયાદી જગદીશભાઇ રત્નાભાઇ કોલી પટેલે સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓએ તેમની સરતપાસમા જણાવેલ છે કે, બનાવ તા.૧૭/૧૦/૧૯૯૭ ના બનેલો. બનાવ સમયે તેઓ ઘરે હતા. તે વખત ચંદનસિંહ તેઓના ઘરની બાજુમાં દિવાલ ચણતા હતા. આ ચંદનસિંહે દિવાલમાં દરવાજા માટે જગ્યા મુકી હતી અને તેઓએ ના પાડી હતી જેથી ચંદનસિંહ ખરાબ ખરાબ ગાળો બોલવા લાગેલા. આ વખતે ચંદનસિંહના હાથમાં લોખંડની દાંતી હતી તે તેઓને માથાના ભાગે ઉપરના ભાગે ઘા કરેલો તેથી તેઓને લોહી નીકળવા લાગેલ અને આ

ઘા વાગવાથી તેઓ નીચે પડી ગયેલ ત્યારે જીતેન્દ્રસિંહે તેઓને ખભા ઉપર કોદાલીના બે ઘા મારેલા. તેઓના ભાઇ ઘનશ્યામભાઇને વજુભાઇ પોપટનાએ લોખંડની ખોડીવાલી લાકડી માથામાં મારી હતી. તેઓના નારણભાઇ ને આરોપી વજુભાઇ પોપટનાઓએ લોખંડની ખોડીવી લાકડી માથામાં મારતા લોહી નીકળેલું. તેઓના ભત્રીજા રાજુભાઇને હેમુભાઇ ભાવુભાઇનાઓએ ડાબા પગના નળા પર મારેલી. તેઓના ભાઇ નારણભાઇને હેમુભાઇ નારણભાઇ એ લોખંડની પાઇપના બંને હાથ પર ફટકા મારેલા.ઉપરોકત બનાવ બનતા આડોશ પડોશમા માણસો તેમજ તેઓના ભાઇ ભેમાભઇ પણ આવી ગયેલ. આરોપી ચંદનસિંહ જીવાભાઇ અને વજુભાઇ પોપટભાઇએ તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલી હતી આરોપી બનાવ બાદ પોતાના ઘરે જતા રહેલા પછી તેઓ ગામ વનકુટા ફરીયાદ આપવા ગયેલા ત્યારે આરોપી જીતેન્દ્રસિંહ ચંદનસિંહ અને મહેન્દ્રસિંહ ચંદનસિંહ આડા ઉભા રહેતા હતા અને ફરીયાદ કરવા જવા દેતા ન હોતા રાત્રે ૧૦ વાગ્યે તેઓ કોઠ પોલીસ સ્ટેશનમાં ગયેલા ત્યાં આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલી. તેઓને અસલ એફ.આઇ.આર. બતાવવામાં આવેલ છે તેમાં તેઓના અંગુઠાનો નિશાન ઓળખી બતાવેલ છે. જે એફ.આઇ.આર.આંક–૮૪ થી રજુ રાખેલ છે. આરોપી વજુભાઇ પોપટભાઇને તથા આરોપી જીતેન્દ્રસિંહ ચંદનસિંહને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.બીજા આરોપી હાજર નથી જેઓને ઓળખે છે. આરોપી હનુભાઇ ભાવુભાઇ, જીતેન્દ્ર ચંદનભાઇ તથા પલાભાઇ વજુભાઇ આ તમામે ભેગા થઇ તેઓના ઘરમાં તોડફોડ કરે તેમાં એક બ્લેક એન્ડ વ્હાઇટ ટી.વી. તથા નલીયા તોડી નાખેલા. આરોપીઓએ તેઓના ઘરનો સામાન વેર વીખેર કરી નાખેલ. આ સમગ્ર બનાવ દિવસના સાડા નવ વાગ્યાના બનેલો આ ઝઘડો થવાનું કારણ આરોપી ચંદનસિંહે તેઓના ઘરની બાજુમાં દિવાલ ચણી દરવાજો મુકતા હતા અને તેઓના ભાઇ ભેમાભાઇ તેમના ઘરમાં આરોપીઓએ એક ટી.વી. અને બે પંખા તોડી નાખેલા અને એક સુટકેશ લઇ ગયેલ હતા તેમાં દસ્તાવેજ હતા મુદ્દામાલ હથીયાર તેઓને બતાવવામાં આવે તો ઓળખતા હોવાનું જણાવે છે. જેથી કોઠ પો.સ્ટે. ૬૪/૯૭ થી રજુ થયેલ મુદ્દામાલ જેનો એમ.આર.નં.પર/૨૩ થી બતાવવામાં આવેલ તેમાં તેઓને મુદ્દામાલ આર્ટીકલ ૧ બતાવવામાં આવેલ જેને માર્ક એ આપવામાં આવેલ જે દાંતી છે (ધારીયુ) કહેવાય તે આ દાંતી ધારીયુ આરોપી ચંદનસિંહના હાથમાં હતી જેના વડે તેઓને મારી ઇજા કરેલ.તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૨ બતાવવામાં આવેલ જે

માર્ક–બી વાલી લાકડી આ વજુભાઇ પોપટભાઇના હાથમાં હતી જે લાકડી વડે વજુભાઇ ઘનશ્યામભાઇ, નારણભાઇને મારેલી. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ બતાવવામાં આવેલ જે માર્ક–સી વાલી લાકડી જીતેન્દ્રભાઇના હાથમાં હતી જે કોદાલીથી આરોપીએ તેઓને બન્ને ખભા પર મારેલી. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૪ બતાવવામાં આવેલ જે માર્ક–ડી વાલી લોખંડની પાઇપ હેમુભાઇના હાથમાં હતી આ લોખંડની પાઇપણી હેમુભાઇએ તેઓના ભત્રીજા રાજુને ડાબા પગના નીચે નળાના ભાગે મારેલ અને ઢાંકણી તુટી ગયેલી.

જયારે સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરતાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓ જન્મથી ધનવાડા પટેલવાસમાં રહે છે. એ વાત નો સ્વિકાર કરેલ છે કે તેઓનું મ કાન અને ચંદનસિહનુ મકાન એકબીજાને અડીને આવેલ છે. તેઓના સિવાય તેઓના ઘરની નજીકમાં તેઓના ચાર ભાઇઓના જ મકાન છે જે મકાનો તેઓની મકાનની લાઇનમાં છે તેઓના ઘરની સામેની બાજુએ કુલાભાઇ રામભાઇનુ મકાન આવેલુ છે. હવે જણાવુ છે કે પુજાભાઇ લવજીભાઇ ના બે મકાન પ્રભાભાઇ લવજિભાઇ ના બે મકાન હરીભાઇ ભગવાન ભાઇ ના બે મકાન, મોહનભાઇ ગોવાભાઇના બે મકાન મથુરભાઇ ગોવાભાઇના બે મકાન પસાભાઇ ગોવાભાઇના બે મકાન ચંદુભાઇ પ્રભાતસિંહના બે મકાન ગંભુભાઇ પઢેરીયાના બે મકાન, લકનુભાઇ પચાણભાઇનુ એક મકાન, ખુમભાઇ પચાણભાઇનુ એક મકાન, ભરતભાઇ દીપસંગભાઇનુ એક મકાન, તે રીતે આવેલા છે. તે વાત નો સ્વિકાર કરેલ છે કે બનાવ બન્યો તે અગાઉથી આ બધા સાથે તેઓને સારા સંબંધો છે અને તે સંબંધો એવા પ્રકારના કે કોઇના પણ ત્યા સારુ ખરાબ થાય ત્યારે દરેક એક બીજા સાથે ઉભા રહે. બનાવ બે કલાક ચાલેલો.એ વાતનો સ્વિકાર કરેલ છે કે બનાવ સમયે સામસામે બોલાચાલી ઉંચા અવાજે થયેલી. તે સમયે તેઓ જે આસપાસમાં રહેતા લોકોના નામ જણાવેલ તે બધા પણ ભેગા થઇ ગયેલા.તેમને જુના કાગળ અને નવા કાગળ વચ્ચેનો ફરક ખબર પડે છે. તે વાતનો સ્વિકાર કરેલ છે કે ચારે ચાર મુદ્ધામાલ આર્ટીકલ પર જે સ્લીપ ચોટાંડવામાં આવેલી છે. તે તમામ સ્લીપના કાગળ નવા લગાડેલા છે તેઓ ભણેલા નથી તેમને ટાઇપ કરેલા લખાણ અને હાથથી

લખેલા લખાણ વચ્ચેનો ફરક ખબર પડે છે. તેઓ કહી શકે નહી કે મુદ્દામાલ આર્ટીકલો પર ચોટાડેલી સ્લીપોમા ટાઇપીંગ થયેલુ તાજેતરમાં થયેલુ છે. તેમને ચારેય મુદ્દામાલ આર્ટીકલ બતાવવામા આવે જે જોઇને જણાવેલ કે તેની ઉપર અગાઉ કોઇ જુનુ કાગળ ચોટાડેલુ હોય તેવા નિશાન જણાતા નથી. તે વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓએ ઓળખી બતાવેલ મુદ્દામાલ આર્ટીકલો પર ચોંટાડેલી સ્લીપો પર કોની રૂબરુ કબજે કરવામા આવેલ તે પંચો કે અધિકારીની સહી નથી.તેમને પોલીસે બોલાવી આ મુદ્દામાલ હથીયારો કે અન્ય કોઇ હથીયારો બનાવ સમયના આરોપીઓ પાસેથી કબજે કરેલા છે અને તેની ઓળખ કરવા બોલાવેલ તેવુ બનેલ નથી. તે વાતનો સ્વિકાર કરેલ છે કે આ મુદ્દામાલ હથીયારોને નામ. કોર્ટ સમક્ષ તેઓએ પહેલી વખત જોયેલ છે. તે વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓના ગામમાં ખેતી કામ કરતા લોકો રહે છે. તે વાતનો સ્વિકાર કરેલ છે કે મુદ્દામાલ જેવા સાધનો સામાન્ય રીતે ગામના લોકો પાસે હોય. તે વાતનો સ્વિકાર કરેલ છે કે મુદ્દામાલ આર્ટીકલ નં બી કે જે તેઓ આરોપી વજુભાઇના હાથમા હોવાનુ જણાવેલુ તે જોઇને જણાવે છે કે તે ખોડી વાળી લાકડી નથી. તે વાતનો ઇન્કાર કરેલ છે કે તેઓએ જે મુદ્દામાલ નામ.કોર્ટ સમક્ષ ઓળખીયો તેવા કોઇ હથીયારો બનાવ સમયે આરોપીઓ પાસે હતા નહિ અને તેઓ સોગંદ પર ખોટુ જણાવે છે. વણકુટા ગામ તેઓના ગામથી ચાર કીલોમિટરના અંતરે આવેલુ છે. તેઓ વણકુટા સવારના અગિયાર બાર વાગ્યાના સવારે જતા રહેલા વણકુટા ગામ કોઠ ગામ તરફ આવે છે. તે વાતનો સ્વિકાર કરેલ છે કે વણકુટાથી કોઠ ગામ આશરે પાચ કીલોમિટરના અંતરે આવેલુ છે. તેઓ વણકુટા ગામે ચાલતા ગયેલા તેઓ ચાર ભાઇ એટલે કે તેઓ તથા ઘનશ્યામભાઇ, નારણભાઇ, ભીમાભાઇ તે રીતેના ગયેલા. તેઓ વણકુટા ગામે અમરસીંહભાઇ વાઘુભાઇને ત્યા ગયેલા તે તેઓના ભત્રીજા થાય છે. તે વાતનો સ્વિકાર કરેલ છે તે વખતે પભાભઇ હયાત હતા અને તેઓ મોટા વગવાળા માણસો તેથી તેઓ ત્યા ગયેલા. તે વાતનો સ્વિકાર કરેલ છે કે બનાવ સમયે તેઓના ગામમાં ટ્રેકટર ટ્રોલી મોટરસાઇકલો બળદગાડા જેવા સાધનો હતા. તે વાતનો સ્વિકાર કરેલ છે કે જેમના પાસે સાધનો હતા તેઓ ગામના અન્ય વ્યક્તિઓને સારા ખરાબ પ્રસંગે પોતાના સાધનો આપતા ગામમાં તે સમયે પંચાયત ઓફીસ પણ હતી. તેઓનું એવુ કહેવુ છે કે જે તે સમયે ગામમાં કોઇ ફોન ન

હતા તેઓનું એવુ કહેવુ છે કે તે સમયે ગામમાં પ્રાથમિક દવાખાનુ પણ નહોતુ. તેમને એવુ થયેલુ કે તેઓએ સારવાર તાત્કાલીક કરાવવી જોઇએ અમે વણકુટા ગયેલા. ત્યાં ગામમાં કોઇ દવાખાનુ નહિ. વણકુટા પહોચ્યા પછી અમરશીભાઇ અને પ્રભાભાઇને મળી અને દવાખાને જવા પ્રયત્ન કરેલ નહિ. વણકુટાથી તેઓ પહેલા કોઠ પોલીસ સ્ટેશન ફરીયાદ કરવા ગયેલા તેમને અમરશીભાઇ, પ્રભાભઇ અને બીજા સગા સબંધીઓ ફરીયાદ કરવા રાત્રે આઠ એક વાગ્યે લઇ ગયેલા તે બળદગાડામાં તેઓ બધા ગયેલા. તે વાતનો સ્વિકાર કરેલ છે કે અમરશીભાઇને ત્યાં અને પ્રભાભાઇને ત્યાં તેમની તથા સગાસબંધી સાથે ફરીયાદ કેવી રીતે આપવી તેની ચર્ચા કરેલી અને પછી તેઓ ફરીયાદ કરવા ગયેલા. ઉપરોકત હકીકતો તેઓ ફરીયાદ કરવા ગયેલ ત્યારે જાણતા હતા. તે વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓ તેઓની ફરીયાદમાં એવી હકીકત લખાવી નથી કે 'પછી અમો ગામ વનકુટા ગયેલા ફરીયાદ અમો આપવા ગયેલા ત્યારે આરોપી જીતેન્દ્ર ચંદનસિંહ અને મહેન્દ્ર ચંદનસિંહ આડા ઉભા રહેતા હતા અને ફરીયાદ કરવા જવા દેતા નહતા'. તે વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓએ તેઓની ફરીયાદમાં એવી હકીકત લખાવી નથી કે 'મારા ભેમાભાઇ જે મારા ભાઇ થાય છે તેમના ઘરમા આરોપીઓએ એક ટી.વી. અને બે પંખા તોડી નાખેલ એક સુટકેશ લઇ ગયેલ હતા તેમા દસ્તાવેજ હતા'. તે વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓએ તેઓની ફરીયાદમાં તેવુ લખાવેલ નથી કે 'આરોપી હેમુભાઇ ભાવુભાઇ જીતેન્દ્ર ચંદનભાઇ તથા પલાભાઇ વજુભાઇ આ તમામ ભેગા થઇ અમારા ઘરમા તોડફોડ કરેલ તેમા એક બ્લેક એન્ડ વ્હાઇટ ટી.વી તથા નળીયા તોડી નાખેલા આરોપીઓએ તેઓના ઘરનો સામાન વેર વીખેર કરી નાખેલ'.એવુ બનેલુ કે બનાવના દિવસે સવારે ચંદનસીહ જસુભાઇ પોતાના ઘરની આગળ દિવાલ ચણતા હતા. તે વાતનો સ્વિકાર કરેલ છે કે ચંદનસીંહે પોતાના ઘરની આગળ જે દિવાલ ચણતા હતા તેમા દરવાજો મુકવા માટે જગ્યા રાખેલી. તેમને ખબર પડતા તેઓએ તેઓના ભાઇઓને બોલાવીને આ હકીકત જણાવેલી. તે વાતનો સ્વિકાર કરેલ છે કે ત્યારબાદ તેઓ ચંદનસિહના ઘરે જઇ તે પોતાના ઘર આગળ જે દિવાલ ચણતા હતા તેમા દરવાજો ના મુકશો તેવું કહેવા ગયેલા. તે વાતનો સ્વિકાર કરેલ છે કે ચંદનસીહે પોતે પોતાના ઘર આગળની દિવાલ માં દરવાજો મુકશે તેવું જણાવતા તેઓની વચ્ચે બોલાચાલી થયેલી. તે વાતનો ઇન્કાર કરેલ કે તેઓને અને ચંદનસિહના ઘરનો કરો સહીયારો છે. તેઓની વચ્ચેની

બોલાચાલી આશરે અડધો કલાક ચાલેલી. તે વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓની વચ્ચે બોલાચાલી થયા બાદ ચંદનસિંહના મકાનની દિવાલ ખીલા મારી ઇંટો કાઢવાની શરુ કરેલી. તે વાતનો ઈન્કાર કરેલ છે કે ચંદનસિંહ મારી દિવાલ શુ કામ તોડો છો તેવુ કહેવા આવેલા. તે વાતનો સ્વિકાર કરેલ છે કે બોલાચાલીથી તેઓની તકરારોનો કોઈ નીકાલ આવ્યો નહિ. તે વાતનો સ્વિકાર કરેલ છે કે ત્યારબાદ વાતાવરણ ઉગ્ર બની ગયેલ અને તેઓની વચ્ચે ઝઘડો થયેલો. તે વાત ખરી છે કે આ ઝઘડામાં તેઓ બન્ને તરફવાળા પક્ષકારોને સામસામે ઈજાઓ થયેલી. તે વાતનો સ્વિકાર કરેલ છે કે ચંદનસીંહ જીવાભાઇ અને તેમના પક્ષે લોકોને જે ઈજાઓ થયેલી એ અંગે ચંદનસિંહ જીવાભાઈએ અમારી પક્ષવળા ભીમાભાઈ રત્નાભાઈ નારણભઆઈ રત્નાભાઈ,ચીકાભાઈ રત્નાભાઈ અને ઘનશ્યામભાઈ રત્નાભાઈ પર ફરીયાદ કરેલી. તે વાતનો સ્વિકાર કરેલ છે કે ચંદનસીંહ જીવાભાઇ એ કરેલી ફરીયાદ અનુશંધાને આ ચાર વ્યક્તિઓ વિરૂધ્ધ કરેલ ફરીયાદવાળો કેસ ધોળકા કોર્ટમા ક્રીમીનલ કેસ નં ૨૭૮૯/૧૯૯૭ થી રજીસ્ટ્રર થયેલ. તેઓના સામસામુ જે ઝઘડો ચાલેલો એ આશરે અડધો કલાક ચાલેલો. તે વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓને સામસામે છુટાહાથની મારામારી થયેલી. તે વાતનો સ્વિકાર કરેલ છે કે આ બનાવમાં ચંદનસીંહ જીવાભાઇ વજેસંગ પોપટભાઈ પ્રવિણસંગ વજેસંગભાઈ અને મોગીબેન પોપટભાઈને ઈજાઓ થયેલી. તે વાતનો સ્વિકાર કરેલ છે કે ચંદનસીંહ જીવાભાઈ ને માથામાં ઈજા થયેલી વજેસંગ ભાઈ પોપટભાઈ ને બન્ને પગે તેમજ બન્ને હાથે ફ્રેક્ચર થયેલા તથા પ્રવિણભાઈ વજેસંગ ભાઈ ને માથામાં વાગેલુ. તે વાતનો ઈન્કાર કરેલ છે કે મોગીબેન પોપટભાઈને જમણા હાથે ઈજા થયેલી. તે વાતનો સ્વિકાર કરેલ છે કે આ સામા પક્ષ વાળા ને ઈજાઓ થતા લોહી નીકળેલ. તે વાતનો સ્વિકાર કરેલ છે કે ફરીયાદ કરવા ગયો ત્યારે સામા પક્ષના લોકોને ઈજા થયેલ છે તે તેઓ જાણતો હોવા છતાં તેઓએ સામા પક્ષ વાળાને બનાવમાં ઈજાઓ પહોચાડેલી તેની વિગત તેઓની ફરીયાદમાં જણાવેલ નહિ. તે વાતનો સ્વિકાર કરેલ છે કે બનાવ સમયે ઘનશ્યામ રત્ના, નારણ રત્ના, રાજુભીમા, ભીમા રત્ના નાઓ હાજર હતા. તે વાતનો સ્વિકાર કરેલ છે કે સામાપક્ષને તેઓએ ઈજા પહોચાડેલ હકીકત તે લોકો પણ જાણે છે. તે વાતનો સ્વિકાર કરેલ છે કે તેમણે પણ પોતાના પોલીસ રુબરુના જવાબમાં તેઓએ સામા પક્ષવાળા ચંદનસીંહ જીવાભાઈ અને બીજાઓને બનાવમાં ઈજાઓ પહોચાડેલી છે તેવી હકીકત જણાવેલ નહી. તે વાતનો સ્વિકાર કરેલ છે કે બનાવ સમયે વીજુબેન

રત્નાભાઈ,લક્ષ્મીબેન રત્નાભાઇ, તથા હીરાબેન ભીમાભાઈ હાજર ન હતા. તે વાતનો ઇન્કાર કરેલ છે કે સવારના દિવાલ ચણતી વખતે ચંદનસીંહે દીવાલમાં બારણુ ન મુકવાની અમારી વાત ન સાંભળતા તેઓને ગુસ્સો આવેલો. તે વાતનો ઈન્કાર કરેલ છે કે ભીમાભાઈ રત્નાભાઇએ ચંદનસીંહના માથામાં ઉપરાઉપરી માથામાં બે ફટકા મારેલા. તે વાતનો ઈન્કાર કરેલ છે કે વજેસંગભાઇ પોપટભાઇ ના બન્ને પગે અને બન્ને હાથે નારાયણ રત્નાએ લાકડીઓ મારેલી. તે વાતનો ઈન્કાર કરેલ છે કે ચીકા રત્ના ના લાકડી પ્રવિણસંગ વજેસંગના માથામાં મારેલી. ઘનશ્યામ રત્નાએ મોગીબેન પોપટભાઇને જમણા હાથમાં લાકડી મારેલી.તે વાતનો સ્વિકાર કરેલ છે કે આરોપીઓ તેઓએ હુમલો કરેલ હોય પોતાનો બચાવ કરવા જતા તેઓના પક્ષે ઈજાઓ થયેલી. બનાવ સમયે ચોક્કસ કોણે કોને ઈજા પહોચાડી તે જાણી શકાય તેમ હતી, તેઓનું કહેવુ એવુ છે કે સામાપક્ષે જે ઈજાઓ થઇ તે જાતે કરેલી. તે વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓએ તેઓની ફરીયાદમાં ચંદનસીંહના હાથમા લોખંડની દાંતી હોવાનુ લખાવ્યુ નથી. તે વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓએ તેઓની ફરીયાદમાં નારણભાઇને વજુભાઇએ કોળીવાળી લાકડી માથામા મારી હોય તેવુ લખાવેલ નથી. તેઓની ફરીયાદમાં જો વજુભાઇએ નારણભાઇને લાકડી શરીરના અન્ય કોઇ ભાગે મારેલુ લખાવ્યુ હોય તો તે ખોટુ લખાવ્યુ છે. તે વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓની ફરીયાદમાં નારણભાઇને હેમુભાઇ એ લોખંડની પાઈપ હાથ પર મારેલ હોય તેવુ લખાવેલ નથી. તે વાતનો ઈન્કાર કરેલ છે કે સામાપક્ષ પર હુમલો કરી તેમને ગંભીર ઈજાઓ પહોચાડેલી હોય તેમાં તેઓનો બચાવ કરવા તેઓ સગાસબંધીઓને મળી સામાપક્ષ વિરુધ્ધ ખોટી રીતે ગંભીર બનાવના આક્ષેપ કરવા કાવતરુ કરી તેઓની જાતે તેઓના ઘરના નળીયા તથા પરચુરણ સરસામાનને તોડી વેર વિખેર કરી ખોટા આક્ષેપો કરી ખોટી ફરીયાદ આપેલી. તે વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓની ખોટી ફરીયાદને સમર્થન આપવા માટે સોગંદ પર ખોટી જુબાની આપે છે. તેમને ધારીયાનો ઘા તેઓના માથા પર જમણી દીશા તરફથી વાગેલો. તેમને ધારીયાની ચાંચ એટલે કે ધારીયાનો આગળનો વળેલો ભાગ વાગ્યો નહતો. તેમને ધારીયાના માથામા બે ઘા વાગેલા.બીજો ઘા પણ જમણી બાજુ થી વાગેલો. તેઓના કપડા બધા લોહીલુહાણ થઇ ગયેલા. પોલીસ વાળા ને તેઓના લોહી વાળા કપડા આપેલા. તે બીજા દિવસે આપેલા. તેઓના કપડા જયારે લીધા ત્યારે પોલીસવાળાએ કોઇ કાગળ બનાવેલ કે લખેલ તેવુ નહતુ. તેઓએ ડોક્ટર સાહેબ પાસે તેમને માથામા ધારીયાના બે ઘા

વાગેલા એમ કહેલુ તેઓએ ડોકટર સાહેબને આ બન્ને અલગ અલગ ઘા બતાવેલા. તેઓ ત્રણ ભાઈઓ એટલે કે તેઓ, નારણભાઈ, ઘનશ્યામભાઈ તથા પ્રભાભાઈ તે રીતેના ડોકટર સાહેબ પાસે ગયેલા. ડોકટર સાહેબે તેમને પુછપરછ કરેલી કે આ ઈજા કેવી રીતે થઈ છે અને શું બનાવ બન્યો છે? તે વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓએ ડોકટર સાહેબને તેમને કોણે ઈજા પહોચાડેલી છે તેવુ કહ્યુ નહી. તેઓ દવાખાને ગયા ત્યારે ડોકટર સાહેબે પોલીસની યાદી માંગેલી પણ તેમને ભાન નથી. દવાખાનામા પોલીસ જાતે આવેલી તેઓએ દવાખાનામાં પોલીસ ફરીયાદ આપેલી નહી. તેઓએ બનાવ બાદ હાલની ફરીયાદ આપી ત્યા સુધી તેઓના કોઈ સગા સબંધીને પોલીસને જાણ કરવા કે ફરીયાદ આપવા મોકલેલા નહી. તે વાતનો સ્વિકાર કરેલ છે કે જે જગ્યાએ ચણતર ચાલતુ હતુ ત્યા બનાવ બનેલો અને ત્યા તેઓ પડી ગયેલા.તે વાતનો સ્વિકાર કરેલ કે જગ્યાએ ચણતરનો બધો સામાન ઈંટો. પાવડા,તબડકા,ડોલ,પ્લાસ્ટરનુ લેલુ તે વિગેરે સાધનો હતા. તેઓનું એવુ કહેવુ છે કે તે દિવાલનુ ચણતર કામ કરવા વાળા પણ ત્યાં જ હતા. તે વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓ ધક્કામુકીમાં પડી જતા સ્થળ પર આવેલા ચણતરના સામાન ઉપર પડતા તે મને માથામા વાગતા તેમને ઈજા થયેલી.તેઓને બન્ને પક્ષકારો ને ઈજા થયેલી પણ જમીન પર લોહી પડેલુ નહી. તે વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓએ સામાપક્ષને કરેલી ઈજાઓ અંગેના કેસમાંથી બચવા માટે તેઓ સોગંદ પર ખોટી જુબાની આપે છે. તે વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓએ જણાવ્યા મુજબ કોઈ બનાવ બન્યો નથી અને તેઓ જણાવેલ છે તેવા હથીયારોથી કોઈ આરોપીએ તેમને કે સાક્ષીઓને કોઈ ઈજા પહોચાડેલી નથી.

(૯.) આ કામે ફરીયાદપક્ષે આંક-૯૯ થી સાહેદ ઘનશ્યામભાઈ રત્નાભાઈ સોલંકીએ સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ તા.૧૭/૧૦/૯૭ ના રોજ બનેલો. બનાવ સમયે તેઓ તેઓના ઘરે હાજર હતા અને તેઓના ઘરની બાજુમાં ચંદનસિંહ જીવાભાઈનું ઘર આવેલ છે. આ ચંદનસિંહ બારણું તેઓની માલીકીની જમીનમાં મુકતા હતા જેથી તેઓએ તેમને ના પાડેલી. જેથી આ ચંદનસિંહ જેમ ફાવે તેમ ગાળો બોલતા હતા. આ વખતે મોટાભાઈ જગદીશએ ચંદનસિંહને બારણુ મુકવાની ના પાડતા આ ચંદનસિંહે તેના હાથમાંનું ધારીયું જગદીશભાઈને માથાના ભાગે મારેલું. જગદશીભાઈને માથામાં મારતા લોહીની

ફુટ થયેલી અને લોહી નીકળેલું ત્યારબાદ તરત જ તેઓ તેઓના ભાઇ જગદીશને છોડાવવા ગયેલા. આ વખતે વજુભાઇ પોપટભાઇએ તેઓને માથામાં ખોડીવાલી લાકડી મારેલી. આ વખતે ચંદનસિંહનો દિકરો જીતેન્દ્રસિંહ તેઓના ભાઇ નારણને ખભા ઉપર બે કોદાલીના ફટકા મારેલા. હેમુભાઇ ભાવુભાઇ આવેલ અને તેઓના ભત્રીજા રાજુભાઇને લોખંડની પાઇપ ડાબા પગના નળા ઉપર મારી દીધેલી. અને આ ઉપરોકત આરોપીઓ હેમુભાઇ ભાવુભાઇ, જીતેન્દ્રસિંહ ચંદનસિંહ એ તેઓના ઘરમાં તોડફોડ કરેલી. આ લોકોએ તેઓના ઘરના ખેપડા, પાછળના ભાગના નલીયા તથા એક સીલીંગ પંખો તોડી નાખેલો. તથા તેઓના ભાઇ ભીમાભાઇના મકાનમાં ક્રાઉન ટીવી, એક ઘડીયાલ, એક સુટકેશ કાગળોથી ભરેલી આ બધી વસ્તુમાં તોડફોડ કરેલી. આ વખતે ભીમો આવેલો અને ચંદનસિંહને સમજાવતો હતો કે તમે અમારી હદમાં ખોટું કરો છો. આ લોકો બધા ઘા કરતા હતા અને તેઓ સંતાઇ ગયેલા. આ સ્વિાય બીજ કોઇને વાગેલ નહી. આ સિવાય વિશેષમાં કંઇ કહેવા માંગતા નથી. પોલીસે તેઓની બનાવ બાબતે પુછપરછ કરેલી. તમો આરોપી નં.૨ તથા ૩ ને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.મુદામાલ હથીયાર તેઓને બતાવવામાં આવે તો ઓળખતા હોવાનું જણાવે છે. મુદામાલ પાવતી નં. ૫૬/૧૯૯૭ જેનો એમ.આર.૫૨/૨૦૨૩ થી બતાવવામાં આવેલ તેમાં તેઓને મુદામાલ આર્ટીકલ ૧ બતાવવામાં આવેલ જે ધારીયું બનાવ સમયે ચંદનસિંહ જીવાભાઇના હાથમાં હતુ તે જ તેઓએ ઓળખી બતાવેલ. આ ધારીયું લાડાના હાથામાં ફીટ કરેલું છે. તેઓને મુદામાલ આર્ટીકલ નં.૨ બતાવવામાં આવેલ લાકડી વજુભાઇ પોપટભાઇના હાથમાં હતી જે તેઓએ ઓળખી બતાવેલ છે. તેમજ મુદામાલ આર્ટીકલ નં.૩ બતાવવામાં આવેલ જે કોદાલી જીતેન્દ્રસિંહ ચંદનસિંહ ના હાથમાં હતી. આ જીતેન્દ્રસિંહે આ કોદાલી નારણભાઇને કપાળના ભાગે મારેલી હતી. તેઓને મુદામાલ આર્ટીકલ નં.૪ બતાવવામાં આવેલ જે લોખંડની પાઇપ ઓળખી બતાવેલ છે જે ભાવુભાઇ હેમુભાઇએ રાજુભાઇને ડાબા પગના નળા ઉપર મારેલી અને ઢાંકણી તુટી ગયેલી. આ પાઇપ બનાવ વખતે ભાવુભાઇ હેમુભાઇના હાથમાં હતી તે જ પાઇપ છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. આ સિવાય વિશેષમાં કંઇ કહેવા માંગતા નથી.

જયારે સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરતાં એ વાત નો સ્વિકાર કરેલ છે કે, જગદીશભાઈ રત્નાભાઈ તેઓના સગા મોટાભાઈ થાય છે. નારણભાઈ રત્નાભાઈ તેઓના સગા નાના ભાઈ થાય છે. રાજુભાઈ

ભીમાભાઈ તેમનો સગો ભત્રીજો થાય છે. ભીમાભાઈ રત્નાભાઈ તેઓના સગા ભાઈ થાય છે. કાજુબેન રત્નાભાઈ તેઓના બા થાય છે, લક્ષ્મીબેન રત્નાભાઈ તેમના બહેન થાય છે, હીરાબેન ભીમાભાઈ તેમના ભાભી થાય છે. તેઓ ઘનવાડા ગામમાં કાયમથી રહે છે.તેઓ તેમના ગામના બધા લોકોને નામથી સારી રીતે ઓળખે છે. આરોપીઓના નામ, પિતાનું નામ અને દિકરાઓનું નામ શું છે તેની પણ તેમને ખબર છે. સવાલ: બનાવની ફરીયાદ આપી ત્યારે પોલીસ સ્ટેશને કયારે અને કોણ કોણ ગયેલા? જવાબ: તેઓ બનાવની ફરીયાદ આપવા સાંજે સાત વાગ્યે ગયેલા. પોલીસ સ્ટેશને ફરીયાદ આપવા ગયા ત્યારે તેઓ, તેઓના ભાઈ જગદીશ, તેઓની બે બહેનો ગયેલા. ત્યારબાદ જણાવેલ કે તેઓ ચાર ભાઈઓ ગયેલા. બીજા બે ભાઈઓમાં નારણભાઈ અને ભીમાભાઈ તે રીતના ગયેલા. સવાલ: તમે ચારેય ભાઈઓ ફરીયાદ લખાયેલી ત્યારે સાથે હતા? જવાબ: મારો ભાઈ જગદીશ ઉપર હતો અને અમે ત્રણ નીચે હતા. તેમજ એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓના ભાઈ જગદીશભાઈ જાણતા હતા કે તેઓ ત્રણેય ભાઈઓ પણ સાથે આવેલા છે. ફરીયાદ લખાવતા એક કલાકનો સમય થયેલો. આ એક કલાક દરમ્યાન જગદીશભાઈ તેમને મળવા નીચે આવેલા નથી કે તેઓ ઉપર જગદીશભાઈને મળવા ગયેલા નથી. તેમનો ભાઈ ફરીયાદ લખાવીને આવ્યો ત્યારે તેઓ પોલીસને કહેવા ગયેલો કે તેઓ પણ હાજર છે અને તેઓનો જવાબ લો. પોલીસે તેમનો જવાબ તે વખતે લીધેલો નહિં. સવાલ: પોલીસે જવાબ લેવાની કેમ ના પાડેલી? જવાબ: તેમને વાગેલુ હતુ એટલે દવાખાને મોકલેલા. તેમને દવાખાને મોકલેલા તેની પોલીસે યાદી આપેલી કે કેમ તે તેમને હાલ યાદ નથી. તેઓ જયારે ડોકટર પાસે સારવાર માટે ગયેલા ત્યારે પોલીસે આપેલું કોઈ કાગળ ડોકટરને આપેલુ કે કેમ તે તેમને હાલ યાદ નથી. તેમજ એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેમને પોલીસે ચોથા દિવસે જવાબ માટે બોલાવેલો. મને પોલીસ સ્ટેશને જવાબ માટે બોલાવેલો. પોલીસે તેમને ચોથા દિવસે જવાબ લેવા માટે બોલાવેલ ત્યારબાદ ફરીથી પોલીસને જવાબ લખાવવા જવું પડયું હોય તેવું બનેલ નથી. પોલીસે તેમને આશરે એક મહિનો

અને ત્રણ –ચાર દિવસ પછી જવાબ લેવા બોલાવેલા હોય અને તેમનો જવાબ લીધેલો હોય તેવું બનેલ નથી. તેમજ એ વાતનો સ્વિકાર કરેલ છે કે ચોથા દિવસે જવાબ લખાવ્યા પછી તેઓને બનાવ બાબતે પોલીસને મળવાની જરૂર પડેલ નથી કે તેઓ આ બનાવ બાબતે પોલીસને મળેલા પણ નથી. તેમજ એ વાતનો સ્વિકાર કરેલ છે કે પોલીસે બનાવના આશરે એક મહિના પછી તેઓના નામથી કોઈ નિવેદન લખ્યું હોય તો તેવુ તેઓએ લખાવેલ નથી. આ જે હથિયારો કોર્ટમાં તેઓએ જોયા તે હથિયારો ઓળખવા માટે પોલીસે તેમને બોલાવેલ હોય તેવું બનેલ નથી. પોલીસે તેમને આ હથિયારો બતાવી આ જ હથિયાર હતા કે કેમ અને કયુ હથિયાર કોના હાથમાં હતુ તેવું નિવેદન પણ લીધેલુ નથી. હથિયાર ઓળખે છે તેવું તેઓએ નામ.કોર્ટમાં પહેલી વખત જણાવેલુ. તેમને મુદ્દામાલ આર્ટીકલ નં.૧ વાળુ ધારીયુ બતાવવામાં આવેલ જે જોઈ જણાવેલ કે તે ધારીયાના હાથામાંની લાકડી નવી લાકડી છે. આ આખા આર્ટીકલ નં.૧ ઉપર કોઈ જગ્યાએ પંચો કે કબજે કરનાર, તપાસ કરનાર અધિકારીની સહીવાળી કાપલી લગાવેલી નથી. તેમજ એ વાતનો સ્વિકાર કરેલ છે કે આ મુદ્દામાલ આર્ટીકલ નં.૧ ઉપર જે કાપલી લગાવેલી છે તે કોમ્પ્યુટરથી ટાઈપ કરેલા અક્ષરોવાળી કાપલી છે. આ કાપલીમાં કોની પાસેથી આ હથિયાર કબ્જે કરવામાં આવેલુ તે વિગત લખેલી નથી. તેમને મુદ્દામાલ આર્ટીકલ નં. ૨ થી ૪ વાળા મુદ્દામાલ બતાવવામાં આવે છે જેમાં પંચો, કબજે કરનાર, તપાસ કરનારના સહીવાળી કાપલી લગાવેલી નથી, અને જે કાપલી લગાવેલી છે તે કોમ્પ્યુટર ટાઈપવાળી છે અને જે તે હથિયાર કોની પાસેથી કબ્જે કરેલ છે તેનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. તેઓના ગામમાં મોટા ભાગે બધા ખેડુત અને ખેત મજુર વર્ગના માણસો છે. આ ચારેય મુદ્દામાલ આર્ટીકલવાળા સાધનો સામાન્ય રીતે ગામમાં દરેક વ્યકિત પાસે હોય છે. જે જગ્યાએ બનાવ બનેલો ત્યાં આજુબાજુમાં કુલાભાઈ રામભાઈ, હરીભાઈ ભગવાનભાઈ, પુંજાભાઈ રવજીભાઈ, પ્રશાંતભાઈ લખાભાઈ,મથુરભાઈ ગોવાભાઈના મકાનો આવેલા છે. આ બધા આજુબાજુના લોકો સાથે મારે સારા સંબંધો છે.આ લોકો પોતાના પરિવાર

સાથે પોત પોતાના ઘરમાં રહે છે જેવી વાતનો સ્વિકાર કરેલ છે. બનાવ વખતે અમારે બન્ને પક્ષોને આશરે દશ થી પંદર મીનીટ જેટલી ચાલેલી. બોલાચાલી ચાલેલી તે વખતે પહેલાથી જ આ વાતચીત ઉગ્ર રીતે થયેલી. ઉગ્ર રીતે વાતચીત થયેલી તે વખતે બન્ને પક્ષ તરફ થી મોટા અવાજે બોલાચાલી થયેલી. અમારી આજુબાજુવાળા મકાન વાળા લોકો આ દશ–પંદર મીનીટ બુમાબુમ થઈ ત્યારે કોઈ આવી ગયેલું ન હતુ. દશ–પંદર મીનીટ બોલાચાલી થયેલી બાદ થયેલો ઝગડો આશરે પંદર–વીસ મીનીટ સુધી ચાલેલો. આ ઝગડો ચાલેલો, એટલે એકબીજાને વાગતુ હોય, બુમાબુમ થયેલી. તે વખતે પણ તેઓના પાડોશીઓમાંથી કોઈ આવેલુ નહિં. તેઓને અને સામાવાળા વચ્ચે મુખ્ય તકરાર દિવાલમાં બારણુ મુકવા બાબતની હતી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ચારેય આરોપીઓના બનાવ સ્થળે અલગ અલગ મકાનો આવેલા છે. આ ચારેય આરોપીઓમાંથી તેઓનું મકાન ચંદનસિંહ જીવાભાઈના મકાનને અડીને આવેલુ છે. ત્યારબાદ જણાવેલ કે આરોપીઓના બે મકાન છે અને તેઓના ત્રણ મકાન આવેલા છે. તેઓ તથા નારણભાઈ ભેગા રહે છે તે મકાન ચંદનસિંહના મકાનને અડીને આવેલું છે. તે પછી બળદની કોટ અને તે પછી ભીમાભાઈનું મકાન આવેલુ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે અમારા મકાનોના દરવાજા રસ્તા ઉપર પડે છે. સાહેદ જણાવે છે કે તેઓના મકાનોના દરવાજા ફળીયામાં પડે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે આરોપીઓના મકાન ના દરવાજા રસ્તા ઉપર પડે છે. સવાલ: આરોપીઓના ઘરમાંથી રસ્તા ઉપર જવા માટે કયાંથી નિકળ્યા ? જવાબ: ઘરના બારણા માંથી બહાર નીકળે એટલે રસ્તા ઉપર જવાય. તેઓએ જે કહેલ કે તેઓના મકાનના દરવાજા તેઓના ફળીયામાં છે તે ફળીયુ તેઓની માલીકીનું હોવા બાબતના દસ્તાવેજી પુરાવા તેઓની પાસે છે. પહેલા કયારેય તેઓના ફળીયાની માલીકી બાબતે આરોપીઓ સાથે તકરાર થયેલી નથી. તેઓની પાસે જે કોઈ દસ્તાવેજી પુરાવા હોય, કે આ જગ્યા માલીકીની છે તેવા દસ્તાવેજી પુરાવા તેઓએ પોલીસને તપાસ દરમ્યાન આપેલા નથી. તેમને દિશામાં ખબર પડતી નથી. તેમજ એ વાતનો સ્વિકાર કરેલ છે કે

બનાવ બાબતે જગદીશભાઈ જે જાણે તેટલુ જ હુ જાણતો હોવ. બનાવ બાબતે તેઓ જેટલુ જાણુ તેટલુ જગદીશભાઈ જાણે. તેમજ એ વાતનો ઈન્કાર કરેલ છે કે બનાવ બન્યો તે વખતે ચંદનસિંહના મકાનનો કરો સહીયારો છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તે વખતે તેઓ તે કરામાં ખુલ્લી જમીન તરફ બારણું મુકી દિવાલ ચણતા હતા. તેમજ એ વાતનો સ્વિકાર કરેલ છે કે ત્યાં ચણતર કામ ચાલતું હતું. ચણતરકામનો બધો સામાન ત્યાં સ્થળ ઉપર પડેલો હતો. એવુ તેઓએ જોયેલુ નથી કે, ચણતરકામ ના સામાનમાં ઈંટ, રેતી, સીમેન્ટ, તગારા, પાવડા વિગેરે વસ્તુ પડેલી હતી કે કેમ? તેમજ એ વાતનો સ્વિકાર કરેલ છે કે બનાવ પહેલા તેઓ ચારેય ભાઈઓ ભેગા થઈને પહેલા ચંદનસિંહને કહેવા ગયેલા કે અહિં બારણુ મુકશો નહિં. એ વાતનો સિવકાર કરેલ છે કે ચંદનસિંહ એ તેમને એવુ કહેલ કે તેઓ તો બારણુ મુકવાના છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે એટલે પહેલા તો તેઓની વચ્ચે ઉંચા અવાજે બોલાચાલી થયેલી અને પછી ઝગડો થયેલો. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તે જે ઝગડો થયેલો તેમાં સામસામી મારામારી થયેલી. તે વખતે ભીમા રત્નાએ ચંદનસિંહના માથામાં ઉપરા ઉપરી લાકડીના બે ફટકા મારેલા. પછી નારણ રત્નાએ તેના હાથની લાકડી વજેસીંગ ભાઈના બન્ને હાથે અને બન્ને પગે મારી ફ્રેકચર કરેલા. ચીકા રત્નાએ તેના હાથ માંની લાકડી પ્રવિણ વજેસંગના માથામાં મારેલી. **સવાલ: તમેં મોંઘીબેનને આ વખતે સાહેદ જણાવે છે કે એ વાત પણ ખોટી છે. સાહેદ ને પ્રશ્ન પુછવામાં આવેલ તે પહેલા જ જવાબ આપવામાં આવેલ હોય, જેની નોંધ લેવામાં આવે છે.** એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓએ મોંઘીબેનને જમણા હાથે લાકડી મારેલી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે બનાવ બન્યો તે બાબતે ચંદનસિંહ જીવાભાઈ એ અમારા ચારેય ભાઈઓ સામે ફરીયાદ કરેલી. તે કામમાં પોલીસે તપાસ કરી અમારી સામે ચાર્જશીટ પણ કરેલુ. તે ફરીયાદના કામે પોલીસે અમને ચારેય ભાઈઓને અટક કરેલા અને અમે જામીન ઉપર છુટેલા તેવી વાતનો સ્વિકાર કરેલ છે. પોલીસે તપાસ કરેલી તે વખતે પોલીસે તેઓની પાસેથી હથિયારો કબ્જે કરેલા હશે. એ વાત નો સ્વિકાર કરેલ છે કે ચંદનસિંહ

એ કરેલ કેસ ફોજદારી કેસ નં.૨૭૮૯/૧૯૯૭ થી ધોળકા કોર્ટમાં ચાલતો હતો. તે કેસ માં શું થયુ તેની તેમને ખબર નથી. સવાલ: તમને જે મુદ્દામાલ બતાવવામાં આવેલો તેમાં ખોડી વાળી લાકડી ન હતી? જવાબ: તે બદલી કાઢી હશે. સવાલ: કોણે બદલી કાઢી હશે? જવાબ: તેની તેમને ખબર નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે આ જે હથિયારો તેઓએ ઓળખેલા તે હથિયારો ઉપર કોઈ નિશાની જોઈ હોય અને તે હથિયાર ઉપર ચોકકસ નિશાની હતી તેવા નિશાનો તેઓએ પોલીસને બતાવેલા હોય અને ઓળખી બતાવેલ હોય તેવુ બનેલ નહિં. સાહેદ જણાવે છે કે લોહીવાળા નિશાન હતા, બીજા કોઈ નિશાન ન હતા. સવાલ: કોર્ટમાં જે હથિયારો જોયેલા તેમાં કોઈ લોહી ન હતુ? જવાબ: બદલી લાવેલા હોય તો મને શું ખબર. બનાવ બન્યા બાદ તેઓ વણકુટા ગામે ગયેલા. વણકુટા ગામ તેઓના ઘરથી ત્રણ કીલોમીટર ના અંતરે આવેલુ છે. વણકુટા ગામે તેઓ ચાલીને ગયેલા હતા. વણકુટા ગામે જવા તેઓ છ વાગ્યે નીકળેલા અને સવા છ વાગ્યે વણકુટા ગામે પહોંચી ગયેલા. વણકુટા ગામે પહોંચ્યા પછી અમે વાઘુભાઈ અમરસીંગભાઈ ને ત્યાં ગયેલા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે વાઘુભાઈ અમરસીંગભાઈ ને બધી વાતચીત કરેલી અને તેઓએ કહેલ કે તેઓને પોલીસ સ્ટેશન જવુ છે. વાઘુભાઈ તેઓના ભાઈ થાય છે. વાઘુભાઈ તેમને બળદ ગાડામાં બેસાડી પોલીસ સ્ટેશને લઈ ગયેલા. તેઓ બનાવ બાદ તરત વાઘુભાઈના ઘરે વણકુટા ગામે ગયેલા તેવી હકીકત તેઓએ પોલીસને જણાવેલી કે કેમ તેની તેમને ખબર નથી. વાઘુભાઈના ઘરે તેઓ પાંચેક મીનીટ જેટલુ રોકાયેલા. વાઘુભાઈને ત્યાંથી કોઠ પોલીસ સ્ટેશન ત્રણ કીલોમીટર દુર આવેલુ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે વણકુટા ગામના વાઘુભાઈ પાસે જે તે સમયે ટ્રેકટર, ટ્રોલી વિગરે સાધનો હતા. વણકુટા ગામે પ્રાથમીક આરોગ્ય કેન્દ્દ આવેલુ છે કે કેમ તેની તેમને ખબર નથી. તેઓ ધનવાડા ગામમાં પ્રાથમીક આરોગ્ય કેન્દ્દ આવેલુ હતુ કે કેમ તેની તેમને ખબર નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓના ધનવાડા ગામમાં પંચાયત કચેરી આવેલી છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે પંચાયત કચેરીમાં ટેલીફોનની સગડવ છે. વણકુટા ગામે

આવેલ પંચાયત ઓફીસમાં ટેલીફોનની સગવડ આવેલી હતી કે કેમ તેની તેમને ખબર નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓ છ વાગ્યે ધનવાડાથી નીકળી સાત વાગ્યે કોઠ પોલીસ સ્ટેશન પહોંચી ગયેલા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓનામાંથી જેને જેને બનાવમાં ઈજા થયેલી તે બધાના કપડા લોહી વાળા થયેલા હતા. સવાલ: આવા લોહી વાળા કોઈ કપડા પોલીસમાં જમા કરાવેલ હોય, અને પોલીસે પંચનામુ કરીને જમા લીધેલો હોય તેવુ બનેલુ ખરુ? જવાબ: પોલીસે એમને એમ લઈ લીધેલા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તમને ખરેખર કોઈ ભાઈઓને ઈજા ન હતી અને તમે કોઈ ભાઈઓએ પોલીસ સ્ટેશને લોહીવાળા કપડા આપેલા જ નથી.પોલીસ સ્ટેશને ફરીયાદ આપી ત્યાંથી વાડીલાલ દવાખાને ગયેલા. વાડીલાલ દવાખાને કોકની જીપમાં ગયેલા. તેમને એ વાતની ખબર નથી કે વણકુટા ગામથી કોઠ થઈ વાડીલાલ હોસ્પિટલ જતા વચ્ચે બાવળા આવે અને બાવળા મુકામે પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર આવે. સાહેદ જણાવે છે કે કયા રસ્તે ગયેલા તેની મને ખબર નથી, જેથી બાવળા આવેલ કે કેમ તેની તેમને ખબર નથી. વાડીલાલ હોસ્પિટલમાં તેઓ રાત્રીના આશરે દશેક વાગ્યે પહોંચેલા. વાડીલાલ હોસ્પિટલ પહોંચ્યા ત્યાં સુધી તેઓના માંથી કોઈ ઈજા પામનાર ની સારવાર કરાવવા પ્રયત્ન કરેલ નહિં. સવાલ: વાડીલાલ હોસ્પિટલમાં પહોંચ્યા ત્યારે તેઓ બધા ભાનામાં હતા? જવાબ:જગદીભાઈ અને રાજુભાઈ ભાનમાં ન હતા. તેઓ બાકીના ભાઈઓ ભાનમાં હતા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે જગદીશભાઈ અને રાજુભાઈ બનાવ વખતે ઈજા થઈ ત્યારથી બેભાન થઈ ગયેલા. એ વાત ખરી છે કે જગદીશભાઈ અને રાજુભાઈને વાડીલાલ હોસ્પિટલમાં ગયા બાદ સારવાર કરાવ્યા બાદ તેઓને ભાન આવેલુ. તેમને ડોકટર સાહેબે પુછપરછ કરેલી કે કેવી રીતે વાગ્યુ છે અને શું બનેલુ છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ડોકટર સાહેબને તેઓ જે જાણતા હતા તે કહેલુ. એ વાતનો ઈન્કાર કરેલ છે કે ડોકટર સાહેબ પાસે મેં, કયાં બનાવ બન્યો, કયા સમયે બન્યો, કોની સાથે બન્યો તે વિગતો જણાવેલી નહિં. એ વાતનો સ્વિકાર કરેલ છે કે જે ડોકટરે તેમની સારવાર કરી તેને તેઓની સાથે કોઈ દુશ્મની નથી. તેઓ ડોકટર

સાહેબને તેઓને પાઈપ વાગેલ હોય તેવુ લખાવેલુ નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે લોખંડની પાઈપ અને ખોડી વાળી લાકડી બન્ને અલગ અલગ વસ્તુ છે.એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓએ ડોકટર સાહેબ ને કોઈએ મને ખોડી વાળી લાકડી થી ઈજા પહોંચાડેલ હોય, તેવુ લખાવેલ નથી. સવાલ: તમને ડોકટરે રજા તે જ દિવસે આપી દીધેલી? જવાબ: તેમને રજા આપી દીધેલી કે કેમ તેની તેમને ખબર નથી. એ વાત નો સ્વિકાર કરેલ છે કે બનાવ વખતે સામસામી બોલાચાલી, ઝગડો અને મારામારી થયેલી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે આ બનાવ બન્યો તેમાં સામેવાળામાંથી ચંદનસિંહ, વજેસીંગ, પ્રવિણ અને મોંઘીબેનને ઈજાઓ થયેલી. આ બનાવમાં સામેવાળા આ ચાર જણાને કોઈએ બનાવ વખતે લોહી નીકળતુ હોય અને તેઓને વાગેલુ હોય તેવુ તેઓએ જોયેલુ નહિં. એ વાતનો ઈન્કાર કરે છે કે ચંનદસિંહ, વજેસંગ ભાઈ, પ્રવિણસિંહ અને મોંઘીબેનને તેઓ બધાએ ભેગા મળીને હથિયારો વડે માર મારીને ગંભીર ઈજાઓ પહોંચાડેલી, પરંતુ તેઓ સોગંદ ઉપર બનાવની સાચી વિગત જણાવતો નથી અને ખોટી જુબાની આપે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે પોલીસમાં મારો જવાબ થયેલો તે વખતે અમે ભીમાભાઈ ના મકાનમાં ક્રાઉનટીવી, ઘડીયાળ, કાગળની સુટકેશની હકીકત લખાવેલી નથી. જગદીશભાઈને ધારીયાના બે ઘા વાગેલા હતા. તેઓએ ડોકટરને જગદીશભાઈને ધારીયાના બે ઘા વાગેલા હોય તેવું બતાવેલ નહિં. એ વાતનો ઈન્કાર કરેલ છેકે નારણના કપાળે જીતેન્દભાઈએ કોદાળી મારેલાની હકીકત તેઓએ તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે લોખંડની પાઈપ ભાવુભાઈ હેમુભાઈએ ડાબા પગે મારેલ તેવી કોઈ હકીકત તેમના નિવેદનમાં લખાવેલી નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓએ ભાવુભાઈ હેમુભાઈ નામની વ્યકિત વિરૂધ્ધ ફરીયાદ આપેલી નથી. એ વાતની તેઓને ખબર નથી કે તેઓના ભાઈ જગદીશભાઈ એવું જણાવતા હોય કે બનાવમાં ચંદનસિંહ, વજેસંગભાઈ પોપટભાઈ, પ્રવિણસંગ વજેસંગ, અને મોંઘીબેન પોપટભાઈને ઈજાઓ થયેલી. તેઓના ભાઈ જગદીશભાઈ એવું કહેતા હોય કે આ બનાવમાં ચંદનસિંહને

માથામાં ઈજા થયેલી, વજેસંગભાઈ પોપટભાઈને બન્ને હાથે અને બન્ને પગે ફ્રેકચર થયેલા અને પ્રવિણસંગભાઈને માથામાં ઈજા થયેલી તેવુ કહેતા હોય તો તે વાત ખોટી છે. સવાલ: તમારા ભાઈએ એવુ પણ જોયેલુ કે બનાવમાં આ ચારેય વ્યકિતઓને ઈજા થતા લોહી નીકળેલુ ? આ તબકકે સાહેદ જણાવે છે કે મેં એવુ કહેલ ન હતુ કે જગદીશભાઈ એ જોયેલુ તે મેં જોયેલુ પરંતુ તેવુ લખાવી દીધેલ. આ તબકકે આજરોજ નોંધવામાં આવેલ ઉલટતપાસ ના પારા નં.૧૧ માં જણાવેલ વિગતોથી વિરૂધ્ધની હકીકત જણાવતા હોય અને ઉલટતપાસમાં પોતે વીટનેસબોક્ષમાં સોગંદ ઉપર હકીકત જણાવેલ હોય તેની સામે વાંધા લેતા હોય, સાહેદના ઉપરોકત કન્ડકટની નોંધ લેવામાં આવે છે. જવાબ: ખોટી વાત છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓએ જે જણાવેલ તે મુજબનો કોઈ બનાવ બનેલ નથી, તેમને કે તેઓના ભાઈઓને આરોપીએ કોઈ હથિયારોથી ઈજા પહોંચાડેલી નથી, તેઓના ઘરમાં આરોપીઓએ કોઈ તોડફોડ કરેલ નથી અને નુકશાન પહોંચાડેલ નથી, તેઓની વચ્ચે સહીયારી દિવાલ માં દરવાજો મુકવાની તકરાર હોય, તેના કારણે તેઓએ આરોપી પક્ષ સાથે ઝગડો અને મારા મારી કરેલા અને આરોપી પક્ષને ગંભીર ઈજાઓ પહોંચાડેલી તે બનાવમાંથી છટકવા માટે આરોપીપક્ષ ઉપર ખોટુ દબાણ લાવવા તેઓ સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓએ તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં ચંદનસિંહના હાથમાં ધારીયુ હોય તેવુ લખાવેલ નથી. બનાવ વખતે ચણતરકામ કરવાવાળા કોઈ હાજર ન હતા. આરોપીઓ બનાવ વખતે ચણતરકામ જાતે કરતા ન હતા. બનાવ સમયે તેઓના પક્ષે ચાર ભાઈઓ હતા અને સામાપક્ષે પણ ચાર જણા હતા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓ ચાર અને તે ચાર બન્ને પક્ષ એકબીજાને આડેધડ મારવા લાગેલા. સાહેદ જણાવે છે કે તેઓએ મારેલા નથી.એ વાતનો ઈન્કાર કરેલ છે કે ઉગ્ર બોલાચાલી બાદ તેઓના બન્ને પક્ષ વચ્ચે ઝપાઝપી થયેલી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે સામસામે ઝપાઝપી થયેલી ત્યારે કોણકોની સાથે ઝપાઝપી કરેલી તેવી ખબર ન હોય. સવાલ: તેવી જ રીતે કોણ કોને મારે છે તેની

ખબર ના હોય? જવાબ: ઝગડો થયા પછી અમે અંદર જતા રહેલ હોય, જેથી કોણે કોને માર્યુ તે ખબર ના હોય. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓ અને તેઓના ભાઈઓએ આરોપીઓ વિરૂઘ્ધ પહેલેથી કાવતરુ રચી હુમલો કરી તેમને ઈજા પહોંચાડી તેમની વિરૂઘ્ધ ખોટા આક્ષેપો કરી તેઓ જાણતો ન હોય તેવી અને ખોટી વિગતોને સાચી તરીકે દર્શાવી ફરીયાદ આપેલી અને તેવી જ રીતે સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૦૭ થી સાહેદ રાજુભાઈ ભીમાભાઈ કો.પટેલએ સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓએ તેમની સર તપાસમા જણાવેલ છે કે, તેઓના ઘરને અડીને ચંદુભાઈ જીવાભાઈનું મકાન આવેલું છે અને તે લોકો તેઓના ઘરની બાજુમાં તેમના ઘરનું બારણું મુકતા હતા. જેથી તેઓના કાકા જગદીશભાઈ રતનાભાઈએ તેમને બારણું મુકવાની ના પાડેલી. જેથી ચંદુભાઈ જીવાભાઈ તથા વજુભાઈ પોપટભાઈ તથા જીતુભાઈ ચંદુભાઈ અને હેમુભાઈ ભાવુભાઈનાઓએ જગદીશભાઈને ગાળો બોલેલી અને બારણું મુકવાની કેમ ના પાડે છે તેવું કહેલ.જેથી તેઓના કાકા એ તેમને તેઓની જગ્યામાં બારણું મુકવાની ના પાડેલી. જેથી ચંદુભાઈ જીવાભાઈ ધારીયુ લઈને આવેલા. વજુભાઈ પોપટભાઈ ખોલીવાલી લાકડી લઈને આવેલા, જીતુભાઈ લાંબા હાથની કોદાલી લઈને આવેલા અને હેમુભાઈ ભાવુભાઈના હાથમાં પાપ હતી. તે તમામ ભેગા થઈને તેઓના કાકાને મારવા લાગેલા. જેથી તેઓના ફલીયાના લોકો મારશો નહી તેવુ કહેતા હતા. આ બનાવ વખતે તેઓએ પણ મારવાની ના પાડેલી તો તેઓને હેમુભાઈ ભાવુભાઈએ તેઓના ડાબા પગમાં પાઈપ મારી દીધેલી. તેમજ ચંદુભાઈએ તેઓને ધારીયાનો હાથો તેઓના ડાબા પગ ભાવુભાઈએ તેઓના ડાબા પગમાં પાઈપ મારી દીધેલી. તેમજ ચંદુભાઈએ તેઓને ધારીયાનો હાથો તેઓના ડાબા પગના ઢીંચણે મારેલો. જેથી તેઓને ડાબા પગે ફ્રેકચરની ઈજા થયેલી. જેથી તેઓ એક ખુણામાં પડી ગયેલો. આ બનાવમાં તેઓ અને તેઓના કાકા સિવાય નારણભાઈ રત્નાભાઈ કે જેઓ તેઓના કાકા થાય તેઓ પણ ત્યાં આવી ગયેલા અને તેમને વજુભાઈ પોપટભાઈએ ખોલીવાલી લાકડી માથામાં મારેલી. તેમજ આ બનાવમાં તેઓના કાકા ઘનશ્યામભાઈ રતનાભાઈ પણ ત્યાં હતા, તેઓને બનાવમાં માથામાં કોદાલી વાગી ગયેલી પરંતુ કોણે મારેલું તે તેઓને યાદ નથી. હવે જણાવે છે કે તેઓના કાકા ઘનશ્યામભાઈને માથામાં કોદાલી

જીતુભાઈએ મારેલી હતી. તેઓ ચારેય ઈજા પામનારને પોલીસ ત્યાં આવી ગયેલી અને સારવાર માટે વાડીલાલ હોસ્પીટલ અમદાવાદ લઈ ગયેલી. તેઓને વાડીલાલ હોસ્પીટલમાં આશરે દોઢેક મહીનો સારવાર માટે રાખેલા.તમો આરોપી જીતુભાઈને ઓળખી બતાવેલ કે જેઓએ દુધીયા કલરનો શર્ટ પહેરેલ છે તથા લાઈનીંગવાળો સફેદ શર્ટ પહેરેલ છે તે વજુભાઈ પોપટભાઈ છે. તેઓએ મુદ્દામાલ આર્ટીકલ નં.૧ વાળું ધારીયું બતાવવામાં આવેલ જે જોઈને જણાવેલ કે જે બનાવના દિવસે આરોપી ચંદુભાઈના હાથમાં હતું તે જ છે. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ બતાવવામાં આવેલ જે કોદાલી છે જે બનાવના દિવસે આરોપી જીતુભાઈના હાથમાં હતી તે જ છે. તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં.૪ બતાવવામાં આવેલ જે લોખંડની પાઈપ છે જે હેમુભાઈ ભાવુભાઈના હાથમાં બનાવ સમયે હતી તે જ છે.

જયારે સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ઘ્વારા ઉલટ તપાસ કરતાં એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેઓ ધોળકા કોર્ટ માં ઘણી વખત આવેલા છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓએ કરેલા કેસમાં સાક્ષી તરીકે અને તેઓની સામે ચંદનસિંહએ કરેલા કેસમાં આરોપી તરીકે આવવાનું થાય. બનાવ બન્યો ત્યારે તેમની ઉમર આશરે ૧૬–૧૭ વર્ષની હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓ તે વખતે મજુરી કામ કરતા હતા. સાહેદ જણાવે છે કે તેઓ ભણતા હતા. બનાવ બાદ તેઓને પોલીસને પહેલી વખત બનાવના દિવસે જ પોલીસ તેઓના ઘરે આવેલી ત્યારે મળવાનું થયેલુ. એ વાતનો સ્વિકાર કરેલ છે કે બનાવના દિવસે પોલીસ આવી તે વખતે તેઓ પોલીસને બનાવ બાબતે કંઈ જણાવેલુ નહિં. પોલીસ બનાવના દિવસે તેઓના ઘરે આશરે બારેક વાગ્યાની આસપાસ આવેલી, ચોકકસ સમય તેમને યાદ નથી. સવાલ: તમારા ઘરે પોલીસ આવી તે વખતે જગદીશભાઈ રત્નાભાઈ, ઘનશ્યામભાઈ રત્નાભાઈ, નારણભાઈ રત્નાભાઈ, હું, ભીમાભાઈ રત્નાભાઈ, વીજુબેન રત્નાભાઈ, લક્ષ્મીબેન રત્નાભાઈ, મારા મમ્મી હીરાબેન આ બધા તે વખતે ઘરે હતા? જવાબ: મારા મમ્મી તે વખતે ઘરે ન હતા. પોલીસ આવી ત્યારે તેઓના મમ્મી સીવાયના ઉપર જણાવેલા લોકો ઘરે હાજર હતા કે કેમ તે તેમને હાલ ચોકકસ યાદ

નથી. સાહેદ જણાવે છે કે તેમને વાગેલુ હતુ. એ વાતનો સ્વિકાર કરેલ છે કે પોલીસ બનાવના દિવસે પોલીસની ગાડીમાં સીધા વાડીલાલ હોસ્પિટલે લઈ ગયેલ હોય તેવુ બનેલ નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓએ તેમની સરતપાસમાં લખાવેલ હકીકત કે, ''બનાવના દિવસે પોલીસ તેઓના ઘરે આવી તેમને સીધા વાડીલાલ હોસ્પિટલ લઈ ગયેલી'' તે હકીકત ખોટી છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે પોલીસ બનાવના દિવસે આવી તેમને બધાને પોલીસ સ્ટેશન લઈ ગયેલી. પોલીસ સ્ટેશન ગયા પછી તેઓના ચારેય પૈકી જગદીશભાઈએ ફરીયાદ આપેલી. ફરીયાદ આપી પછી તેમને બધાને વાડીલાલ હોસ્પિટલ લઈ ગયેલા. સાહેદ જણાવે છે કે પોલીસની ગાડીમાં લઈ ગયેલ નહિં પરંતુ પોલીસની ગાડી તેઓની સાથે આવેલી અને તેમને પોલીસ સ્ટેશનથી વાડીલાલ હોસ્પિટલ પ્રાઈવેટ વાહનમાં લઈ ગયેલ. તેઓ પોલીસ સ્ટેશને ગયેલા ત્યારે પોલીસને તેઓએ જણાવેલ કે તેમને વાગેલુ છે અને તેઓનો જવાબ લો. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેથી તે જ દિવસે જેમ તેઓના કાકાની ફરીયાદ લીધી તેમજ પોલીસે તેઓનો જવાબ લઈ લીધેલો. એ વાતનો સ્વિકાર કરેલ છે કે પોલીસે તેમનો જવાબ લઈ લીધેલો પછી પોલીસને આ બનાવ બાબતે તેમને મળવાનું થયુ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓએ પોલીસને બનાવ સમયે તેઓ મજુરીકામ કરતા હોવાનું લખાવેલુ. એ વાતનો ઈન્કાર કરેલ છે કે પોલીસે તેઓની પુછપરછ કરી જવાબ લખાવેલો ત્યારે તેઓએ પોલીસને જીતુભાઈ પાસે લાંબા હાથાની કોદાળી હતી તેવુ લખાવેલ નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ફળીયાના લોકો ભેગા થઈ ગયેલા અને મારશો નહિં તેવુ કહેતા હતા તેવી હકીકત તેઓએ પોલીસ રૂબરૂ જણાવેલી નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે કોઈ ને મારશો નહિં તેવુ તેઓ બોલેલ હોય તેવુ તેઓએ પોલીસને લખાવેલુ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે ચં દુભાઈએ તેમને ધારીયાનો હાથો ડાબા ઢીંચણે મારેલ હોય તેવી કોઈ હકીકત

તેઓએ પોલીસ રૂબરૂ જણાવેલી નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે ઘનશ્યામભાઈને જીતુભાઈએ માથામાં કોદાળી મારેલી હોય તેવી હકીકત તેઓએ પોલીસ રૂબરૂ જણાવેલ નથી. સવાલ: દવાખાને ડોકટર સાહેબે પુછેલુ કે કેવી રીતે વાગેલુ ? જવાબ: દવાખાને પહોંચ્યો ત્યારે હું ભાનમાં ન હતો. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ડોકટર સાહેબને તેમને શું થયુ તે કોણે શું લખાવેલુ તેની તેમને ખબર નથી. સવાલ: ચંદનસિંહ જીવાભાઈનું મકાન કોના મકાનને અડીને આવેલુ છે? જવાબ:તેમનું મકાન જગદીશભાઈના મકાનને અડીને આવેલુ છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તે બે મકાન વચ્ચેનો કરો સહીયારો છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે જયારે બનાવ બન્યો ત્યારે જે સહીયારો કરો હતો ત્યાં તે દિવાલ માંથી તેઓના કાકા જગદીશભાઈ ઈંટો કાઢતા હતા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તે વખતે ઈંટો કાઢતા હતા એટલે ચંદુભાઈએ તેઓના કાકા જગદીશભાઈને અટકાવેલા અને કહેલ કે સહીયારા કરાની ઈંટો કાઢશો નહિં. એ વાતનો સ્વિકાર કરેલ છે કે આ ઈંટો કાઢવાની બાબતમાં પહેલા બોલાચાલી થયેલી. બોલાચાલી આશરે પંદર-વીસ મીનીટ ચાલેલી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે પંદર-વીસ મીનીટ બોલાચાલી ચાલેલી તે ઉંચા અવાજે ચંદુભાઈ અને જગદીશભાઈ વચ્ચે થયેલી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે આ ઉંચા અવાજે બોલાચાલી થયેલી ત્યારે તેઓના ફળીયાના લોકો ભેગા થઈ ગયેલા. તેઓના ફળીયામાં કુલાભાઈ રામભાઈનું ઘર આવેલુ છે. તેઓના કાકા જગદીશભાઈને ખબર છે કે તેઓના ફળીયામાં કોના કોના મકાનો આવેલા છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓના મકાનો ઘનવાડા પટેલવાસમાં આવેલા છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓના મકાનની સામે કુલભાઈ રામભાઈનું મકાન, પુંજાભાઈ રવજીભાઈના બે મકાન, પ્રભાભાઈ રવજીભાઈના બે મકાન, ચંદુભાઈ પ્રભાતસિંહના બે મકાન, મોહનભાઈ ગોવાભાઈના બે મકાન, મથુરભાઈ ગોવાભાઈના બે મકાન, કનુભાઈ પચાણભાઈનું મકાન, કુમાભાઈ પચાણભાઈનું મકાન અને ભરત દિપસંગનું મકાન

એ રીતેના મકાનો આવેલા છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે આ બધા ઘરવાળા આ બોલાચાલી થયેલી તે વખતે ત્યાં ભેગા થઈ ગયેલા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે જગ્યા ઉપર કરામાં બારણુ પાડવાનું હતુ અને બારણુ પાડવા માટે ચણતરનો સામાન લઈને ત્યાં રાખેલો હતો. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ચણતરના સામાનમાં ઈંટો, રેતી, સીમેન્ટ, તગારા, પાવડા, લેલા બધુ જ હતું. એ વાતનો સ્વિકાર કરેલ છે કે પહેલા આ બોલાચાલી પછી ચંદુભાઈની અને જગદીશભાઈની વચ્ચે ધકકામુકકી થયેલી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ધકકામુકકી થઈ પછી બુમાબુમ થયેલી એટલે તેઓ બધા પહોંચી ગયેલા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓ પહોંચ્યા ત્યારે તેઓના કાકા જગદીશભાઈ પડેલી હાલતમાં હતા. એ વાતની તેમને ખબર નથી કે તે વખતે ચંદુભાઈ પણ ત્યાં પડેલી હાલતમાં હતા કે કેમ? એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓ બધા પહોંચ્યા ત્યારે તેઓના કાકા જગદીશભાઈને પડેલા જોઈને તેમને બધાને ગુસ્સો આવેલો. એ વાતનો સ્વિકાર કરેલ છે કે આખો બનાવ બન્યો તે ચંદુભાઈના ઘરવાળો કરો છે ત્યાં બનેલો. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેમને ગુસ્સો આવેલો પછી સામ સામુ બન્ને બાજુ ધીંગાણુ થયેલુ. એ વાતનો સ્વિકાર કરેલ છે કે જેના હાથમાં જે ચડયુ તે રીતે એક બીજાને મારતા હતા. તેઓની વચ્ચે આ સામસામુ ધીંગાણુ અને મારામારીનો બનાવ બનેલો તે આશરે દશેક મીનીટ જેટલો ચાલેલો. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓની વચ્ચે સામસામે ધીં ગાણુ ચાલુ હતુ ત્યાં સુધી તેઓના ફળીયાના કોઈ તેઓની વચ્ચે પડેલા નહિં. એ વાતનો સ્વિકાર કરેલ છે કે પણ તેઓના ફળીયાના લોકોએ આ બનાવ જોયેલો. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓના ફળીયાના જે લોકોએ બનાવ જોયેલો તે લોકો તટસ્થ લોકો હતા. તેમને એવુ લાગેલ નહિં કે તેઓએ પોલીસને એવુ જણાવવુ જોઈએ કે તેઓના ફળીયાના તટસ્થ લોકો જેણે આ બનાવ જોયેલો છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે બનાવ બન્યો તે બનાવમાં ચંદનસિંહ જીવાભાઈ, વજેસંગભાઈ પોપટભાઈ, પ્રવિણસિંહ વજેસંગ તથા મોંઘીબેન પોપટભાઈ ને

પણ ઈજાઓ થયેલી. એ વાતની તેમને ખબર નથી કે ચંદનસિંહને ભીમાભાઈ રત્નાભાઈએ માથામાં લાકડીના બે ફટકા મારેલા અને તેની ઈજા થયેલી કે કેમ? એ વાતની તેમને ખબર નથી કે વજેસંગભાઈ પોપટભાઈને નારણભાઈ રત્નાભાઈએ બન્ને હાથે અને પગે માર મારી ફ્રેકચર કરેલા કે કેમ? એ વાતની તેમને ખબર નથી કે ચીકા રત્ના એટલે કે જગદીશ રત્નાએ પ્રવિણભાઈ વજેસંગભાઈને માથામાં લાકડી મારી ઈજા પહોંચાડેલી કે કેમ? એ વાતનો સ્વિકાર કરેલ છે કે આડેધડ મારામારી થતી હતી જેથી તેમને કોણ કોને શું મારે છે તે ખબર રહેલી નહિં. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેવી જ રીતે તેઓની બાજુ પણ જેમને વાગેલુ તેમાં પણ કોણે કોને શું માર્યુ છે તેની તેમને ખબર રહેલી નહિં. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેમને નામ. કોર્ટ રૂબરૂ જે હથિયારો બતાવવામાં આવેલા તેમાં કોઈ ખોળી વાડી લાકડી ન હતી. એ વાત નો સ્વિકાર કરેલ છે કે તેમના પોલીસ રૂબરૂના જવાબમાં હથિયારના ઓળખ અંગેની હકીકત, લંબાઈ વિગેરે પોલીસને જણાવેલ નહિં. એ વાતનો સ્વિકાર કરેલ છે કે પોલીસ તેમને આજદીન સુધી હથિયારની ઓળખ માટે બોલાવેલા હોય તેવુ બનેલ નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓના ગામમાં મોટાભાગના લોકો ખેડુત અને ખેતમજુરો છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે જેથી મુદ્દામાલમાં દર્શાવેલા ઓઝારો દરેક ના ઘરમાં હોય. એ વાતનો સ્વિકાર કરેલ છે કે મુદ્દામાલ જેવા જ બીજા ઓઝારો સાથે પડેલા હોય તો તેને જુદા તારવી શકાય નહિં. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓ, જગદીશભાઈ બધા પોલીસ સ્ટેશને એક સાથે પહોંચેલા નહિં. બનાવવાળી જગ્યાએથી પહેલા સામેવાળા જતા રહેલા કે કેમ તેની તેમને ખબર નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે બનાવ બાદ બોલાચાલી થયા બાદ સામેવાળા અને તેઓ વારાફરતી જગ્યા ઉપર પહોંચેલા. તેઓમાંથી પહેલા કોણ જગ્યા ઉપર પહોં ચેલ અને પછી કોણ પહોંચેલ તે તેમને ખબર નથી. તેવી જ રીતે સામેવાળામાંથી પહેલા કોણ આવેલુ અને પછી કોણ આવેલુ તેની તેમને ખબર નથી. બનાવ પછી

તેઓ બધા વણકુટા ગયેલા હોય અને વણકુટાથી બળદગાડામાં બેસીને બાવળા પોલીસ સ્ટેશને ગયેલા હોય તેવુ બનેલ કે કેમ તે તેમને હાલ ખબર નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓના ગામ થી વણકુટા ગામ ચાર કીલોમીટર દુર થાય છે. જગદીશભાઈ એવુ કહેતા હોય કે તેઓ બધા બનાવ બાદ તેઓના ગામ થી વણકુટા ગામે ચાલતા ચાલતા ગયેલા અને વણકુટા ગામ થી બળદગાડામાં ગયેલા તો તે હકીકત બાબતે તેમને ખબર નથી. બનાવ સમયે બન્ને બાજુ ઈજાઓ થયેલી પરંતુ જમીન ઉપર લોહી પડેલુ કે કેમ તેની તેમને ખબર નથી. તેમને એવી પણ ખબર નથી કે બન્ને બાજુ જેને ઈજા થયેલી તેના કપડા લોહી વાળા થયેલા કે કેમ? સાહેદ જણાવે છે કે તેમને બન્ને પગે વાગેલ હતુ, જેથી તેમને બીજાની ખબર નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે બનાવમાં આડેધડ ઝગડો થતો હોય, સામેવાળાને તેમના જ માણસોથી અને તેઓના લોકોને તેઓના જ માણસોથી ઈજા થઈ હોય તેવુ બની શકે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓ સામાપક્ષને હુમલો કરી ઝગડો કરી તેમના ઘરે જઈ ગંભીર ઈજાઓ પહોંચાડેલી જેની ફરીયાદ તેઓની વિરૂધ્ધ થતાં તેમાં તેઓનો બચાવ ઉભો કરવા તેઓના કાકા જગદીશભાઈ પાસે તેઓ બધાએ ખોટી ફરીયાદ કરાવડાવેલી અને તેઓએ તે ખોટી ફરીયાદને મદદ કરવા માટે પોલીસમાં ખોટુ નિવેદન આપેલુ. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓ તેઓના પક્ષના માણસોને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

**(૧૧)** આ કામે આંક ૧૧૧ થી સાહેદ નારણભાઇ રત્નાભાઇ કો.પટેલે સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓએ તેમની સર તપાસમા જણાવેલ છે કે, ચંદનસિંહ જીવાભાઇને તેમના મકાનનું બારણું મુકવાનું હોવાથી તેઓની સાથે ઝઘડો થયેલો. **આ ઝઘડામાં શું થયેલું પુછતા સાહેદ થોડીવાર કંઇ બોલેલ નહી અને પછી બોલેલ કે ખોટુ શું બોલવું, તેમ કહી જણાવેલ કે સામાવાળાએ તેઓને લાકડીઓ મારેલી પરંતુ તેઓએ ધારીયા મારેલાનું લખાવેલું.** આ બનાવમાં જગદીશભાઈ નારણભાઈને માથામાં ઈજા થયેલી. આ બનાવમાં તેમને માથામાં ઈજા થયેલી. જગદીશભાઇને માથામાં

કોણે મારેલુ પુછતા સાહેદ જણાવે છે કે ચંદુભાઇએ કે પછી હેમંતસિંહે કે પછી જીતેનદ્રભાઇએ મારેલું હશે. જગદીશભાઇ સિવાય આ બનાવમાં ઘનશ્યામભાઇને માથામાં વાગેલું હતું. **<u>ઘનશ્યામભાઇને કોણે મારેલું તેની તેઓને ખબર નથી. આ બનાવમાં તેઓને માથામાં ઈજા થયેલી. તેઓને માથામાં લાકડી આ બનાવમાં વાગેલીઈ તેઓને લાકડીનો ઘા માથામાં કોણે મારેલો તેની તેમને ખબર નથી.</u>** બનાવ બાદ સાંજ ના છ વાગ્યે વાડીલાલ હોસ્પિટલ અમદાવાદ ખાતે સારવાર માટે ગયેલા જયાં તેઓને આંઠ–નવ વાગી ગયેલા. આ બનાવમાં ઘરના સામાનને નુકશાન કરેલુ. જેમાં ઘરના નળીયા, પંખા, તપેલા વિગેરેને પણ નુકશાન કરેલુ. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.ર વાળી લાકડી બતાવવામાં આવેલ જે જોઇ જણાવેલ કે આ જ લાકડી હતી કે કેમ તે તેઓ કહી શકે નહી. બનાવની ફરીયાદ તેઓના ભાઈ જગદીશભાઈએ આપેલી. આરોપીઓને તેઓ જોયેથી ઓળખી શકે. **<u>આરોપી વજુભાઈ અને જીતેન્દ્ર ભાઈને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.</u>**

જયારે આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ જણાવેલ છે કે, તેઓ ચાર ભાઈઓ અને આરોપીઓ એકજ ફળીયામાં રહે છે. સાહેદ જણાવે છે કે થોડા દુર રહે છે. એ વાતનો સ્વિકાર કરેલ છે તેઓના ફળીયામાં બીજા રહેણાંકી મકાનો આવેલા છે. તેઓના ફળીયામાં તેઓના બે પક્ષ સીવાયના કુલાભાઈ રામભાઈ, લાલાભાઈ દેવાભાઈના મકાન આવેલા હતા, બીજા બધા થોડા દુર રહે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે પુંજાભાઈ રવજીભાઈના બે મકાન આવેલા છે. સાહેદ જણાવે છે કે આ પું જાભાઈના મકાન દુર આવેલા છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓના ફળીયામાં હરીભાઈ ભગવાનભાઈના બે મકાન આવેલા છે, મોહનભાઈ ગોવાભાઈના બે મકાન છે, મથુરભાઈ ગોવાભાઈના બે મકાન આવેલા છે, ચંદુભાઈ પ્રભાતસિંહના બે મકાન આવેલા છે, ભંગુભાઈ પઢેરીયાના બે મકાન આવેલા છે, લખનુભાઈ પાચાણભાઈનું એક મકાન, ખુમાભાઈ પાચાણભાઈનું એક મકાન, ભરતભાઈ દિપસંગભાઈનું એક મકાન આવેલુ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓના ફળીયામાં પશાભાઈ

ગોવાભાઈના બે મકાન આવેલા છે. પશાભાઈનું મકાન તેઓના મકાન થી ૧ ૦૦–૨૦૦ ફુટ દુર આવેલુ છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે આ બધા લોકો પોતાના પરિવાર સાથે વસવાટ કરે છે. **એ વાતનો સ્વિકાર કરેલ કે આ ઝગડો થયેલો તે ચંદુભાઈના ઘરની દિવાલ પાસે બનેલો.** એ વાતનો સ્વિકાર કરેલ છે કે ચંદુભાઈના ઘરની દિવાલથી આ બધા આજુબાજુના મકાનોવાળાને ચંદુભાઈના મકાનની દિવાલ આગળ હોબાળો થતો હોય, અવાજ થતો હોય તો ખબર પડે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે બનાવ બન્યો તે દિવસે તેઓના ફળીયાવાળા બધા ત્યાં ભેગા થઈ ગયેલા હતા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ફળીયાવાળા જે લોકો ભેગા થઈ ગયેલા હોય તે તટસ્થ માણસો છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ખરેખર શું બનેલુ હોય તેવુ ફળીયાવાળાને ખબર હોય. **એ વાતનો સ્વિકાર કરેલ છે કે બનાવ બન્યો તેમાં ચંદુભાઈને વાગેલુ, વજેસંગને વાગેલુ, પ્રવિણભાઈ અને મોંઘીબેન ને વાગેલુ. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ચંદુભાઈને પણ આ બનાવમાં માથામાં વાગેલુ.** એ વાતની તેમને ખબર નથી કે વજુભાઈ પોપટભાઈના હાથમાં અને પગમાં ફ્રેકચર થયેલા કે કેમ. સાહેદ જણાવે છે કે હાથમાં ફ્રેકચર થયેલ તેની તેમને ખબર છે. પ્રવિણભાઈ ને પણ માથામાં વાગેલુ કે કેમ તેની તેમને ખબર નથી. ચંદુભાઈ, વજેસંગ અને પ્રવિણભાઈને વાગેલુ હોય, તે તેઓમાંથી કોણે મારેલુ તે તેમને ખબર નથી. સાહેદ જણાવે છે કે તેઓએ મારેલુ નથી, તેઓના ત્રણ ભાઈઓમાંથી કોઈએ મારેલુ હશે. તેઓના ભાઈમાં જગદીશભાઈ, ભીમાભાઈ અને ઘનશ્યામભાઈ હતા. જગદીશભાઈ, ભીમાભાઈ અને ઘનશ્યામભાઈએ સામાવાળાઓને લાકડીઓથી મારેલા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ચંદુભાઈ, વજેસંગભાઈ અને પ્રવિણભાઈને મારેલા તેનો આ લોકો એ તેઓની બધાની સામે કેસ પણ કરેલો. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તે કેસ માં તેઓના ભાઈઓ સાથે મુદ્દત પડતી હતી અને અમે કોર્ટમાં પણ આવતા હતા. એ વાતનો સ્વિકાર કરેલ કે આ બનાવ બન્યો ત્યારથી આજદીન સુધી આરોપીઓ બધા તેઓના

ગામમાં જે જગ્યાએ રહેતા હતા ત્યાં જ રહે છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેવી જ રીતે બનાવ સમયે તેઓ બધા જયાં રહેતા હતા ત્યાં જ રહે છે. આ ઝગડા પછી તેઓની વચ્ચે બીજો ઝગડો થયેલો નથી કે કેમ તેની તેમને ખબર નથી. બનાવ બન્યો તે પછી પોલીસને તેઓને મળવાનુ થયેલુ. હવે જણાવે છે કે પોલીસ ને બનાવ બાદ મળ્યા કે કેમ તેની તેમને ખબર નથી. પોલીસે બનાવ બાબતે તેમની પુછપરછ કરેલી હોય તેવુ બનેલુ કે કેમ તે તેમને યાદ નથી. **<u>બનાવમાં ધારીયા ખોટા લખાવેલા તે કોના કહેવાથી લખાવેલા તેની તેમને ખબર નથી.</u>** એ વાતનો સ્વિકાર કરેલ છે કે ફરીયાદ આપવા ગયેલા ત્યારે તેઓ બધા ભાઈઓ તથા જેને જેને ઈજા થયેલી હતી તે બધા સાથે હતા. એ વાતનો સ્વિકાર  છે કે ફરીયાદ કરવા માટે તેઓ બધા પોલીસ સ્ટેશને સાથે ગયેલા હતા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓ બધાએ ભેગા મળીને ફરીયાદ લખાવતા હતા. તે વખતે તેઓ પોલીસને એવુ કહેલ હોય કે તેમને પણ આમાં વાગેલુ છે અને તેઓનો પણ જવાબ લો તેવુ તેઓએ કહેલ નહિં. સાહેદ જણાવે છે કે તેઓ એકબાજુ બેઠેલો હતા, તેમને કંઈ ખબર નથી કે શું લખાવેલુ.**<u>બનાવ સવારના સાડા નવ વાગ્યે શરૂ થયેલો. એ વાતનો સ્વિકાર કરેલ છે કે સવારના સાડા નવ વાગ્યે બનાવની શરૂઆત થઈ તે વખતે અમારા ભાઈ ભીમાભાઈ, હું, ચીકાભાઈ રત્નાભાઈ અને ઘનશ્યામભાઈ રત્નાભાઈ આ ચારેય જણા એ ચંદુભાઈની દિવાલ નો કરો કોતરતા હતા.</u>** એ વાત નો સ્વિકાર કરેલ છે કે ચં દુભાઈએ આવીને તેમને કહેલ કે આ કરો કોતરશો નહિં. એ વાતનો સ્વિકાર કરેલ છે કે આ વખતે તેઓ કરો કોતરતા હતા અને તે લોકો ના પાડતા હતા જેથી તેઓ બધા વચ્ચે બોલાચાલી થયેલી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે આ બોલાચાલી આશરે દશેક મીનીટ જેટલી ચાલેલી અને બન્ને બાજુથી એક બીજાને જોર જોરથી ગમે તેમ બોલતા હતા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તે વખતે ચંદુભાઈની દિવાલ આગળ ચણતર નો સામાન પડેલો હતો, જેમાં ઈંટો, રેતી, તગારા, પાવળા, લેલુ વિગેરે હતુ. **<u>એ વાતનો સ્વિકાર કરેલ છે કે પહેલા ગરમ અવાજે દશ-પંદર મીનીટ બોલાચાલી</u>**

**<u>ચાલેલી અને પછી સામસામે ધકકા મુકકી થયેલી.</u>** એ વાત ખરી છે કે ધકકા મુકકી થયેલી તે વખતે તે બન્ને બાજુ વાળા એકબીજાના ધકકા વાગવાથી પડી પણ ગયેલા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓને બધાને ત્યાં ધકકા મુકકીમાં પડી જવાથી પાસેમાં પડેલ ઈંટો, તગારા, પાવડા વાગેલા. સાહેદ જણાવે છે કે ધકકામુકકીમાં બધા પડી ગયેલા નહિં. બનાવ બન્યા બાદ તેઓ ભાઈઓ વણકુટા ગામે ગયેલા હોય તેવું બનેલુ. બનાવ બન્યા બાદ તેઓ બધા ચાલતા વણકુટા ગામે ગયેલા હતા. બનાવ બાદ તેઓ વણકુટા ગામે અમરશીભાઈના ઘરે ગયેલા હતા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે વણકુટા ગામ તેઓના ઘરેથી આશરે પાંચ–છ કીલોમીટર દુર થાય છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે વણકુટા ગામના અમરશીભાઈ તેઓના સંબંધી થાય છે અને તેઓ મોટા માણસ છે. અમરશીભાઈ ના ઘરે તેઓ ગયેલા તે વખતે અમરશીભાઈ હયાત ન હતા. અમરશીભાઈ ના ઘરે તેમના છોકરા પબાભાઈ હતા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે વણકુટા ગામે જઈ તેઓએ સારવાર કરાવેલી નહિં. ત્યાંથી તેઓ કોઠ ગયેલા. વણકુટા ગામે બનાવ બાદ તેઓ આશરે પાંચ–છ કલાક સુધી રહેલા. વણકુટા ગામે તેઓ બપોરે ૧૧–૧૨ વાગ્યે પહોંચેલા અને સાંજે આશરે છ–સાત વાગ્યા સુધી વણકુટા ગામમાં રહેલા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ત્યાંથી તેઓ કોઠ ગયેલા. કોઠ મુકામે તેઓ મોટર માં બેસીને ગયેલા. સાહેદને પુછતા કે તમે પહેલા કોઠ પોલીસ સ્ટેશને ગયેલા કે દવાખાને તે પુછતા સાહેદ જણાવે છે કે તેઓ કોઠ મુકામે સીધા જ થાણે ગયેલા. તેઓની સામેવાળાને વાગેલુ હતુ તે કયા દવાખાને ગયેલા હતા તેની તેમને ખબર નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓ જે પાંચ–છ કલાક વણકુટા ગામે અમરશીભાઈને ત્યાં રોકાયેલા ત્યારે તેઓ અંદરો અંદર વાતો કરેલી કે ફરીયાદ કેવી રીતે આપવી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓ અંદરો અંદર વાતચીત કર્યા પછી પોલીસ સ્ટેશન જઈ ને ફરીયાદ આપેલી. બનાવ બન્યો તે વખતે જે હોબાળો થયાનું તેઓએ જણાવ્યુ છે તે વખતે આશરે ૫૦–૬૦ લોકો ભેગા થયેલા હતા. એ વાતનો સ્વિકાર કરેલ

છે કે બનાવ વખતે અમુક લોકો તેઓના તરફે હતા અને અમુક લોકો સામાવાળા તરફેના હતા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે બનાવ તેઓની વચ્ચે ચાલ્યો તે મારામારીનો બનાવ આશરે પાંચ થી દશ મીનીટ જેટલો ચાલેલો. **<u>એ વાતનો સ્વિકાર કરેલ છે કે આ બનાવમાં તેઓ તથા સામેવાળા તથા ટોળાના ભેગા થયેલા માણસો સામસામે આડેધડ જેના હાથમાં જે આવે તે એકબીજાને મારવા લાગેલા.</u>** એ વાતનો સ્વિકાર કરેલ છે કે જેથી કોણ કોને શું મારે છે તે જોઈ શકાય નહિં. એ વાતનો સ્વિકાર કરેલ છે કે બનાવ વખતે ઝગડો ચાલેલો તે વખતે સામસામી ધકકા મુકકી પણ થયેલી હતી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ધકકા મુકકી થઈ તેમાં સામાવાળા, તેઓ, એમ ઘણા લોકો પડી પણ ગયેલા હતા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે આ બનાવમાં એવુ પણ બનેલુ કે સામસામે મારામારી થતી હતી તેમાં એવુ પણ બની શકે કે તેઓના માણસો જ તેમને ભુલથી મારી દે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓના માંથી જે લોકો પડી ગયેલા તે લોકોને પડી જવાથી પણ વાગેલુ. સાહેદ જણાવે છે કે તેઓના માંથી કોઈ પડી ગયેલુ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓના પક્ષે તેઓના પક્ષના લોકો સામાવાળા પર આડેધડ હુમલો કરતા હોય, તેમનાથી તેઓને વાગેલ. એ વાતનો ઈન્કાર કરેલ છે કે ધકકામુકકીમાં પડી જતા જે વ્યકિતઓ પડી ગયેલી તેમને ઈજાઓ થયેલી. તેઓ જમીન ઉપર લોહી પડેલુ જોયેલુ નહિં. બનાવમાં ચંદુભાઈ ના કપડા લોહી વાળા થયેલા હોય, પરંતુ તેઓએ જોયેલા નહિં. એ વાતનો ઈન્કાર કરેલ કે વજુભાઈ, જીતુભાઈ, હેમુભાઈ ના કપડા લોહીવાળા થયેલા હતા. સાહેદ જણાવે છે કે તે લોકોને વાગેલ નહિં તો કેવી રીતે લોહી વાળા કપડા થાય. તેઓના તરફે કોઈ વ્યકિતના કપડા લોહીવાળા થયેલા હોય અને તે પોલીસને આપેલા હોય તો તેની તેમને ખબર નથી. દવાખાનામાં તેઓ સારવાર માટે ગયેલા ત્યારે તેઓએ ડોકટરને ઈજા બાબતે કંઈ હકીકત જણાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ કે તેઓ જણાવે છે તેવો કોઈ બનાવ બનેલો નથી. એ વાત નો ઈન્કાર કરેલ

કે આરોપીઓએ તેઓને ધારીયા કે લાકડી વડે કોઈ ઈજા પહોંચાડેલ નથી. એ વાત નો ઈન્કાર કરેલ કે ફરીયાદ આપતી વખતે તેઓ બધા ભાઈઓએ નકકી કરી ને ફરીયાદ આપેલી, તેથી તેઓ તે ફરીયાદ ને મદદ કરવા માટે સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે. એ વાત નો સ્વિકાર કરેલ છે કે તેઓ અને સામાવાળા વચ્ચેની તકરાર બારણુ મુકવાની તકરાર જ હતી, તે સીવાય તેઓની વચ્ચે બીજી કોઈ તકરાર ન હતી. એ વાત નો સ્વિકાર કરેલ કે સામાવાળા બધા તેઓની બાજુ બારણુ મુકવાનો હકક છોડી દે તો તેઓ અને સામાવાળાને બીજી કોઈ તકરાર નથી.

**(૧૨)** આ કામે ફરીયાદપક્ષે આંક ૧૨૫ થી સાહેદ ભીમાભાઇ રત્નાભાઇ કોલીપટેલે સોગંદ ઉપર જુબની આપેલી છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ તા.૧૭/૧૦/૧૯૯૭ ના રોજ સવારે ૯:૩૦ વાગ્યે બનેલો. તે વખતે હું મારા ઘરે હતો. આ વખતે ચંદનસંગ જીવુભાઈ સાથે ઝગડો થયેલો. આ વખતે ચંદનસંગ જીવુભાઈ દિવાલ ચણતા હતા અને બારણુ મુકતા હતા તે વખતે તેમના ભાઈ જગદીશભાઈએ આ જગ્યાએ તેમને હથિયાર અને ગાડો મુકવાની જગ્યા છે, તમે બારણુ મુકશો નહિં. જેથી આ વખતે ચંદનસંગ જીવુભાઈ ઉશ્કેરાઈ ગયેલા અને જેમ ફાવે તેમ ખરાબ ખરાબ ગાળો બોલવા લાગેલ. આ વખતે તેમના હાથમાં દાંતી હતી. આ ગાળો જગદીશભાઈ ને બોલતા હતા. આ વખતે આ ચંદનસંગ એ તું કેમ મને બારણુ મુકવાની ના પાડે છે તેમ કહી જગદીશભાઈ ને તેના હાથમાંનુ દાંતુ માથામાં મારી દીધેલુ. જેથી તેઓના ભાઈ જગદીશને માથામાં સખત લોહી નીકળેલુ. આ વખતે તેમનો દિકરો જીતેન્દ્રસિંહ આવેલો અને તે કોદાળી લઈને આવેલો અને તેના હાથમાં ની કોદાળીના હાથા જગદીશભાઈના બન્ને ખભા ઉપર મારેલા. જેથી તેમના ભાઈને મુંઢ માર વાગેલ તે વખતે તેમનો નાનો ભાઈ નારણ વચ્ચે પડતા વજેસંગ ભાઈ પોપટભાઈએ તેના હાથમાંની ખોળીવાળી લાકડી નારણભાઈને માથામાં મારી દીધેલી. આ વખતે આરોપી હેમંતસંગભાઈ નાઓએ લોખંડની પાઈપ લઈને આવેલો

અને નારણભાઈને બન્ને બાજુના ખભા ઉપર મારી દીધેલી. આ વખતે ઝગડામાં ઘનશ્યામભાઈ વચ્ચે પડતા તેને વજેસંગભાઈએ માથામાં ખોળી વાળી લાકડી મારેલી. આ વખતે તેઓનો દિકરો રાજુભાઈ વચ્ચે પડતા તેને હેમંતસંગ ભાવુભાઈએ પાઈપ મારી દીધેલ, જેથી તેઓના દિકરા રાજુભાઈને ઢાકણીમાં ફ્રેકચર થયેલુ. તેમજ આ વખતે વજેસંગભાઈ પોપટભાઈના ઓએ રાજુભાઈને બરડામાં લાકડીઓ મારી મુંઢ માર મારેલો. ત્યારબાદ આ આરોપીઓ તેઓના ઘરમાં આવીને બ્લેક એન્ડ વાઈટ ટીવી, સીલીંગ પંખો, ઘડીયાલ તોડી નાખેલી તેમજ પીતળનુ બેડુ તોડી નાખેલુ અને ઘણી બધી તોડફોડ કરી નુકશાન કરેલુ. ત્યારબાદ આ લોકોએ તેઓ બધાને ઘરમાં પુરી દીધેલા. આરોપીઓ ચાર જણા હતા. આ ચારેય આરોપીઓને તેઓ ઓળખતા હોવાનું જણાવેલ. આરોપી નં. ૨ વજુભાઈ પોપટભાઈ અને આરોપી નં.૩ જીતેન્દ્રસિંહ ચંદુભાઈને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. પોલીસે તેઓની પુછપરછ કરેલી. તેમને મુદ્દામાલ હથિયારો બતાવવામાં આવતાં એમ.આર.નંબર ૫૨/૨૩, મુદ્દામાલ પાવતી નં. ૫૬/૧૯૯૭ તેમજ કોઠ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ફર્સ્ટ ૬૪/૧૯૯૭ થી મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ બતાવવામાં આવેલ જે જોઈને જણાવેલ કે આ દાંતી બનાવ સમયે ચંદનસંગ જીવુભાઈના હાથમાં હતી. તેમને મુદ્દામાલ આર્ટીકલ નં. ૨ બતાવવામાં આવેલ જે લાકડી બનાવ સમયે વજેસંગભાઈ પોપટભાઈના હાથમાં હતી તે જ છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. તેમને મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ બતાવવામાં આવેલ છે જે કોદાળી કહેવામાં આવે છે. આ કોદાળી બનાવ સમયે જીતેન્દ્રસિંહના હાથમાં હતી જેને તેઓએ ઓળખી બતાવેલ છે. તેમને મુદ્દામાલ આર્ટીકલ નં. ૪ બતાવવામાં આવે છે જેને લોખંડની પાઈપ કહેવાય, આ પાઈપ બનાવ સમયે હેમંતસંગ ભાવુભાઈ ના હાથમાં હતી તે જ છે જે તેઓએ ઓળખી બતાવેલ છે.બનાવમાં તેઓના ભાઈ જગદીશભાઈને, નારણભાઈ, ઘનશ્યામભાઈ તથા તેમનો દિકરા રાજુભાઈને ઈજાઓ થયેલી હોય, જેથી તેઓની સારવાર માટે તેઓ વાડીલાલ હોસ્પીટલ માં ગયેલા અને ત્યાં સારવાર કરાવેલી. આ સિવાય તેઓ વિશેષમાં કંઈ

કહેવા માંગતા નથી.

જયારે સદર સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરતાં એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેઓના ગામમાં મોટા ભાગના ખેડુત અને ખેતમજુર કક્ષાના વ્યકિતઓ છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ખેતી માટે અને ખેત મજુરી માટે તથા પશુપાલન માટે લાકડી, કોદાળી, લાકડા કાપવા ધારીયુ જેવી વસ્તુઓ દરેક વ્યકિતઓના ઘરમાં હોય છે અને આ બધી વસ્તુઓ બજારમાં સહેલાઈ થી વેંચાતી મળી શકે છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે આ મુદ્દામાલ હથિયારો આજરોજ તેઓએ પહેલી વખત જોયેલા છે. સાહેદ જણાવે છે કે તેઓએ અહિંયા પહેલી વખત જોયેલા, પરંતુ ઝગડો થયેલો તે વખતે જોયેલા હતા. આ હથિયારો બતાવી પોલીસે હથિયારો ઓળખાવેલ હોય અને તેઓનુ નિવેદન લીધેલ હોય તેવુ બનેલ નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓએ જયારે પોલીસને જે જવાબ આપ્યો ત્યારે કોઈ હથિયાર પર કોઈ ઓળખ ચીહન હોય કે જે બીજા હથિયારથી અલગ પડતા હોય તો તેવા ઓળખ ચીહનો પણ તેઓએ પોલીસને જણાવેલ નહિં. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ બતાવવામાં આવેલ જે જોઈને જણાવેલ કે તે નવા જેવી છે. **<u>એ વાતનો સ્વિકાર કરેલ છે કે આ ચારેય હથિયારો ઉપર કોઈ પંચોની સહીઓ વાળી કાપલી અથવાતો કબજે કરનાર પોલીસ અધિકારીઓની સહીવાળી કાપલી લગાવેલી નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે મુદ્દામાલ ઉપર લગાવવામાં આવેલા કાગળો/સ્લીપ નવા કાગળો છે, ૨૭ વર્ષ જુના કાગળો નથી.</u>** આ કામે અગાઉ તેઓની જુબાની થયેલી નથી. તેઓ તેઓની સાથે તેઓનું ઓળખપત્ર લાવેલ છે. તેઓ તેઓની સાથે તેઓનું આધારકાર્ડ લાવેલ છે જેમાં તેઓનું નામ ભીમાભાઈ રત્નાભાઈ લખેલુ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે **<u>તેઓએ પોલીસના નિવેદનમાં બનાવ સવારે ૯:૩૦ વાગ્યે બનેલ હોવાનું લખાવેલ નથી.</u>** સાહેદ જણાવે છે કે તેઓએ લખાવેલુ પરંતુ પોલીસે લખેલુ નહિં

હોય. તેમને આરોપીઓએ ઘરમાં પુરી દીધેલાનું તેઓએ જે તેઓની સરતપાસમાં લખાવેલાની હકીકત ખરી નથી, તેઓને ગામના લોકોએ ઘરમાં પુરી દીધેલા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ગામના લોકોએ કે આરોપીઓએ તેઓને તેઓના ઘરમાં પુરી દીધા હોય તેવું તેઓએ તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવેલ કે તેઓનુ પોલીસે કોઈ નિવેદન જ લીધેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે બનાવ બન્યા પછી તેઓને પોલીસને મળવાનું થયેલ નથી. ત્યારબાદ જણાવેલ કે તેઓ સાંજે પાંચ વાગ્યે પોલીસ સ્ટેશને ગયેલા, તે વખતે ફરીયાદ નોંધાવેલી. બનાવની ફરીયાદ તે જ દિવસે નોંધાવેલી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ફરીયાદ નોંધાવ્યા પછી તેઓને પોલીસને આ બનાવ બાબતે મળવાનું થયેલુ નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ફરીયાદ લખાવી ત્યારે તેઓ બધા ભાઈઓ ત્યાં પોલીસ સ્ટેશનમાં હાજર હતા. આ બનાવની ફરીયાદ તેઓ ભાઈ જગદીશભાઈ રત્નાભાઈએ આપેલી. એ વાતનો ઈન્કાર કરેલ કે ફરીયાદ અમે ચારેય ભાઈઓએ ભેગા મળીને લખાવેલી. તેઓ પોલીસ સ્ટેશન ગયેલો ત્યારે તેઓએ પોલીસ ને એવુ કહેલ નહિં કે બનાવ વખતે તેઓ હાજર હતા, બનાવ તેઓએ નજરે જોયેલ છે, તેઓનું નિવેદન લઈ લો. જેણે ફરીયાદ લીધેલી તે પોલીસે પણ તેમને એવુ કહેલ નહિં કે તમારુ નિવેદન આપી દો. પોલીસે તેમનો કોઈ જવાબ લઈને તેમાં સહી લીધેલ હોય તેવુ બનેલ નથી. એ વાતનો સ્વિકાર કરેલ કે તેમને આ બનાવમાં કોઈ ઈજા થયેલી નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે બનાવ વખતે સામસામે મારામારી થયેલી હતી. આ બનાવ આશરે અડધો કલાક ચાલેલો હોય તેવું બનેલ નથી. સાહેદ જણાવે છે કે બનાવ આશરે ૧૦–૧૫ મીનીટ જેટલો ચાલેલો. એ વાતનો સ્વિકાર કરેલ છે કે આ ૧૦–૧૫ મીનીટમાં સામસામે બનાવ બનેલો જેથી ખુબ હોબાળો પણ થયેલો. એ વાતનો સ્વિકાર કરેલ છે કે હોબાળો થયો એટલે ત્યાંથી જતા આવતા તેમજ આજુબાજુના લોકો

ત્યાં ભેગા થઈ ગયેલા.એ વાતનો ઈન્કાર કરેલ છે કે જે જગ્યાએ બનાવ બનેલો તે ચંદુભાઈના ઘરની દિવાલ પાસે બનેલો. સાહેદ જણાવે છે કે **<u>બનાવ તેઓના ઘરની આગળ બનેલો.</u>** એ વાતનો સ્વિકાર કરેલ છે કે ચંદુભાઈના ઘરને ત્રણ ઘર છોડીને તેઓનું ઘર આવેલુ છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ચંદુભાઈનું ઘર અને તેઓનું ઘર આ બન્ને જગ્યાઓ અલગ અલગ છે. બનાવ વખતે રસ્તે જતા જે લોકો ભેગા થયેલા તેમના કોઈ ના નામ તેઓ આપી શકે નહી. આ રસ્તે જતા લોકો તેઓ ગામના જ લોકો હતા. રસ્તે જતા લોકો જે ભેગા થયેલા તે આશરે ૧૫ થી ૨૦ જેટલા માણસો હશે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓના ફળીયામાં તેઓની પાડોશમાં કુલાભાઈ રામભાઈ, લાલાભાઈ દેવાભાઈ, હરીભાઈ ભગવાનભાઈ, મોહનભાઈ ગોવાભાઈ, મથુરભાઈ ગોવાભાઈ, ભગુભાઈ પઢેરીયા, પાંચાણભાઈ લાખાભાઈ, ઉમાભાઈ પાંચાણભાઈ, ભરતભાઈ દિપસંગભાઈ, પશાભાઈ ગોવાભાઈ તે રીતેના લોકોના મકાનો આવેલા છે. સાહેદ જણાવે છે કે પશાભાઈ બહાર રહે છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે પશાભાઈ સિવાયના તમામ લોકો પોત પોતાના પરિવાર સાથે તેઓના પાડોશમાં રહે છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તે બધા સાથે  તેઓને સારા સંબંધો છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓના ફળીયા વાળા લોકો પણ તેમના પરિવાર સાથે આ બનાવ સમયે ભેગા થઈ ગયેલા. તેઓના સારા સંબંધો હોય, જેથી આ બનાવમાં આ પૈકીનું કોઈ છોડાવવા વચ્ચે પડેલ નહિં. આ લોકો માંથી કોઈએ એવુ પણ કહેલ નહિં કે ઝગડશો નહિં. **<u>એ વાતનો સ્વિકાર કરેલ છે આરોપી ચંદુભાઈ જીવુભાઈ બનાવ વખતે તેમના મકાનની દિવાલ ચણતા હતા. એ વાત ખરી છે કે ચંદુભાઈ જે મકાન ની દિવાલ ચણતા હતા તે દિવાલ તેમને ચણતા અટકાવવા અમારા તરફે પ્રયત્ન થયેલો.</u>** ચંદુભાઈ ને દિવાલ ચણતા અટકાવવા માટે સૌથી પહેલા જગદીશભાઈ એ પ્રયત્ન કરેલો. એ વાતનો સ્વિકાર કરેલ છે કે દિવાલનું ચણતર કામ ચાલતુ હતુ તે ઈંટો, રેતી અને સીમેન્ટ થી ચણતરકામ કરતા હતા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે આ વખતે ચણતર

કામ ચાલુ હોય જેથી ચણતર કામના હથિયારો લેલા, પાવડા, તગારા વિગેરે ચણતર કામમાં જરૂરી સાધનો ત્યાં હતા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે આ વખતે ત્યાં કડીયા પણ હાજર હતા. સવાલ: પહેલા કડીયાને અટકાવવા ગયેલા? જવાબ: ના.ચં દુભાઈ સાથે સીધી વાત કરવા ગયેલા અને ચંદુભાઈને મળીને જ અટકાવવા ગયેલા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ચંદુભાઈ તેમની દિવાલ પાસે હતા ત્યારે જગદીશભાઈ એ ચંદુભાઈ ની દિવાલ પાસે જઈ તેમને અટકાવવાનો પ્રયત્ન કરેલો. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ચંદુભાઈ એ કહેલ કે તેઓ તેઓના મકાન ની દિવાલ ચણે છે, તું અટકાવીશ નહિં. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ચંદુભાઈ એ ના પાડી કે તેઓ બાં ધકામ નહિં અટકાવે એટલે ઉગ્ર બોલાચાલી થયેલી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ચં દુભાઈ ચણતર કામ અટકાવતા ન હતા જેથી તેમને અટકાવવા માટે આ ઝગડો થયેલો. બનાવ બન્યા બાદ તેઓ દશ પંદર મીનીટ પછી બનાવવાળી જગ્યાએ પહોં ચેલો. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓ દશ પંદર મીનીટ પછી બનાવવાળી જગ્યાએ પહોંચ્યા ત્યારપછી તેઓ તેઓના પરિવારના તેઓના ભાઈઓ જે પણ હતા તેઓને લઈને તેઓ તેઓના ઘરમાં ગયેલો. એ વાતનો સ્વિકાર કરેલ છે તેઓના ભાઈ નારણભાઈને પણ બનાવમાં ઈજા થયેલી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે બનાવ વખતે નારણભાઈ તેમના પહેલાના હાજર હતા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે આખા બનાવ વખતે નારણભાઈ હાજર હતા, તેઓ પાછળથી પહોંચેલા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે નારણભાઈએ બનાવમાં જે જોયુ તે તેઓના કરતા સારુ જોયુ હોય. એ વાતનો સ્વિકાર કરેલ  કે નારણભાઈ સાથે તેઓને કોઈ ખરાબ સંબંધો નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે નારણભાઈ અને બધાને ઘરે લઈ ગયા પછી તેઓં બધા લોકોને પુછપરછ કરેલી કે કેવી રીતે વાગ્યુ. એ વાતનો ઈન્કાર કરેલ છે કે નારણભાઈએ અને તેઓના જગદીશભાઈ અને જે લોકોને વાગેલુ હતુ તે બધાએ કહેલુ કે સામાવાળા કોઈની પાસે દાંતી કે કોદાળી જેવા હથિયારો ન હતા. સાહેદ જણાવે છે કે હતા,તેઓએ જોયેલા. એ વાત ખરીનો ઈન્કાર કરેલ છે કે કોઈ આરોપી પાસે દાંતી

કે કોદાળી જેવા ન હતા પરંતુ પાછળથી તેઓ તે હથિયારોની વિગત અને તેને લગતી વાર્તા પાછળથી ઉભી કરેલી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે સમગ્ર બનાવમાં તેઓના પક્ષે કોઈને દાંતી, કે કુહાડી જેવા હથિયારથી ઈજા થયેલી જ નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે આ બનાવ બન્યો તે વખતે સામસામી મારામારી થયેલી હતી. એ વાતનો સ્વિકાર કરેલ કે જેવી તેઓએ ફરીયાદ કરી તે રીતે સામા પક્ષને જે ઈજાઓ થયેલી તે રીતે ચંદનસીંહ જીવાભાઈ એ તેઓ બધા ઉપર ફરીયાદ કરેલી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓએ બનાવ જોયેલો છે એટલે તેઓના પક્ષને વાગેલુ તેઓએ જોયેલું તેવી જ રીતે સામા પક્ષના લોકોને પણ વાગેલુ હતુ તે તેઓએ જોયેલુ. એ વાતનો સ્વિકાર કરેલ છે કે સામાપક્ષ વાળાને જે ઈજા થયેલી તે તેઓનામાંથી કોણે પહોંચાડેલી તે તેઓ એટલા માટે કહી શકે નહિં કારણ કે તેઓ બનાવ વખતે હાજર ન હતા. સામાવાળામાં ચંદુભાઈને માથામાં વાગેલું હતું કે કેમ તેની તેમને ખબર નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે બનાવમાં વજુભાઈ પોપટભાઈને બન્ને પગે અને હાથે ઈજાઓ થયેલી હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે પ્રવિણસિંહ વજેસંગને માથામાં વાગેલુ હતુ. તેઓએ તેવુ જોયેલ નથી કે મોંઘીબેન પોપટભાઈને પણ જમણા હાથે ઈજા થયેલી હતી કે કેમ. તેઓએ ઘરે જઈ ને પુછપરછ કરેલી ત્યારે સામાવાળાને જે વાગેલું છે તે કોણે માર્યુ તેવી પુછપરછ તેઓએ કરેલી નહિં. સામાવાળાને ઈજા થયેલી એટલે ચંદુભાઈએ તેઓની સામે ફરીયાદ કરેલી અને તે કેસ ધોળકા કોર્ટ માં ચાલતો હતો અને તેની મુદૃતોમાં પણ તેઓ આવતા હતા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓની સામેનો જે કેસ હતો જેમાં તેઓ મુદૃતોમાં આવતો હતો તે કેસમાં ચંદુભાઈ કે જેને ઈજા થયેલી અને બીજા ઈજા પામનાર લોકો ની નામ. કોર્ટ માં જુબાની થયેલી હોય અને કેસ ચાલેલો હોય તેવુ બનેલ નથી. બનાવ બાદ તેઓ ઘરે બે–ત્રણ કલાક જેટલો સમય રોકાયેલા હતા. તેઓ ઘરે ત્રણેક કલાક રોકાયા બાદ તેઓ પોલીસ સ્ટેશન ગયેલા નહિં પરંતુ કલ્યાણપુર ગયેલા. કલ્યાણપુર ગામ તેઓના

ઘરથી ત્રણ કિલોમીટર અંતરે આવેલુ છે. કલ્યાણપુર તેઓ લોકો ચાલતા ગયેલા હતા. કલ્યાણપુર મુકામે તેઓ, જગદીશભાઈ, નારણભાઈ, ઘનશ્યામભાઈ તેઓ ચાર જણા ગયેલા હતા. સાહેદ જણાવે છે કે રાજુભાઈ તેઓની સાથે આવેલા નહિં, તેને તેઓ પાછળથી લેવા ગયેલા. કલ્યાણપુર ગામે તેઓ મહોબતસંગભાઈ અમરસીં ભાઈ ના ઘરે ગયેલા હતા. આ મહોબતસંગભાઈ તેઓના સગા થાય છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે આ મહોબતસંગભાઈ ગામના મોટા વ્યકિત છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓ જે તેઓના ગામથી આ મહોબતસંગના ઘરે ગયેલ ત્યાં સુધી તેઓના માંથી કોઈએ પોલીસ ને બનાવ ની જાણ કરવાનો પ્રયત્ન કરેલ નહિં. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓ કોઈએ કોઈને મોકલીને કે ફોન મારફત પણ આ સમય દરમ્યાન પોલીસ ને જાણ કરવાનો પ્રયત્ન કરેલો નહિં. કલ્યાણપુર તેઓ મહોબતસં ગભાઈને ત્યાં સુધી તેઓ બે-ત્રણ કલાક સુધી રોકાયેલા હતા. આ બે-ત્રણ કલાક સુધી તેઓ મહોબતસંગ ને ત્યાં રોકાયેલા તે દરમ્યાન પણ મહોબતસંગને ત્યાં થી કોઈને મોકલીને પણ પોલીસ ન જાણ કરવાનો પ્રયત્ન કરેલ નહિં. તેઓ મહોબતસંગના ઘરે ચાલતા ગયેલા તેમાં તેઓને અડધોથી પોણો કલાક જેટલો સમય થયેલો. તેઓના ઘરે બનાવ પછી ત્રણેક કલાક ઘરે રહેલા, તેઓ ચાલતા ગયા તે એક કલાક અને ત્રણ કલાક મહોબતસંગના ઘરે રોકાયેલા, આ છ થી સાત કલાક ના સમયગાળા દરમ્યાન તેઓ કોઈએ નજીક ના દવાખાના માં જઈ ને સારવાર મેળવવાનો પ્રયત્ન કરેલો નહિં. એ વાતનો સ્વિકાર કરેલ છે કે મહોબતસંગને ત્યાં તેઓ ગયેલા એટલે શું બનાવ બન્યો છે તેની પુછપરછ થયેલી અને તેની વાતચીત થયેલી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ત્યાં તેઓ બધા વચ્ચે નકકી થયેલુ કે આપણે ફરીયાદ દાખલ કરવી જોઈએ અને જેથી ચર્ચા થયા પછી નકકી થયુ કે ફરીયાદ દાખલ કરવી જોઈએ. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓના બધામાંથી ફરીયાદ કોણે આપવાની તે તેઓ બધાએ ચર્ચા કરી તે દરમ્યાન નકકી થયેલુ અને ફરીયાદ જગદીશભાઈ આપશે તેવુ નકકી થયેલુ. એ વાતનો ઈન્કાર કરેલ કે

જગદીશભાઈ એ પોલીસ સ્ટેશને જઈ ને કેવી રીતે અને શું ફરીયાદ આપવાની તેવુ પણ નકકી થયેલુ. પછી ત્યાંથી તેઓ કોઠ પોલીસ સ્ટેશને ગયેલા. કોઠ પોલીસ સ્ટેશને તેઓ જીપ બાંધીને ગયેલા હતા. કોઠ પોલીસ સ્ટેશન તેઓ લોકો કોણ કોણ ગયેલા તે બાબતે પુછતા જણાવેલ કે તેઓ ચાર જેમાં તેઓ, ઘનશ્યામભાઈ રત્નાભાઈ, નારણભાઈ રત્નાભાઈ અને જગદીશભાઈ રત્નાભાઈ ગયેલા તથા કલ્યાણપુરના મહોબતસંગભાઈ, પ્રભાતસંગભાઈ, નાનુભા, ભીમભા અને ભવાનપુરા થી ઘમભાઈ આટલા લોકો તેઓ પોલીસ સ્ટેશન ગયેલા હતા. આટલા બધા લોકો જોડે આવેલા તે વખતે તેઓ બધાને વાગ્યુ છે તો પહેલા સારવાર કરાવીએ તેવી વાતચીત થયેલી નહિં. એ વાતનો સ્વિકાર કરેલ છે કે પોલીસ સ્ટેશન ફરીયાદ લખાવવા ગયેલા ત્યારે પણ તેઓ બધા લોકો જેટલા ગયેલા તે બધા સાથે જ હતા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે કલ્યાણપુર વાળા મહોબતસંગભાઈ અને બીજા લોકો તેઓને ફરીયાદ કરવામાં મદદ થાય તેટલા માટે પોલીસ સ્ટેશને આવેલા હતા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેમણે તેમનું કામ પણ કરેલુ અને તેઓની મદદ પણ કરેલી અને ફરીયાદ લખાવી પણ દીધેલી. ત્યાંથી પોલીસ સ્ટેશનથી ઘમભાઈ અને બે–ત્રણ જણા રાજુભાઈ ને લેવા માટે ગયેલા હતા. તે લોકો રાજુભાઈ ને લઈને પોલીસ સ્ટેશને આવેલા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તે વખતે તેઓ બધા જ પોલીસ સ્ટેશને હાજર હોઈએ, તેઓ પોલીસને તે વખતે કહેલ નહિં કે તેઓએ બનાવ જોયેલો છે કે તેઓને વાગેલ છે, તેઓનું નિવેદન લો. પોલીસ સ્ટેશન થી તેઓ બધા ભેગા થઈ ગયેલા અને પછી તેઓ વાડીલાલ હોસ્પીટલમાં ગયેલા. તેઓ કોઠ પોલીસ સ્ટેશન ગયેલા હતા ત્યાં નજીકમાં પ્રાથમીક સારવાર કેન્દ્દ આવેલુ છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તે પ્રાથમીક સારવાર કેન્દ્દમાં જઈ સારવાર લેવાનો પ્રયત્ન કરેલ નહિં. એ વાતનો ઈન્કાર કરેલ છે કે સીધા વાડીલાલ જવાનું તેઓ બધાએ ભેગા મળીને નકકી કરેલુ નહિં. સાહેદ જણાવે છે કે પોલીસ સ્ટેશને થી તેઓને એવુ લખી આપેલુ કે સીધા વાડીલાલ હોસ્પીટલમાં જાવ. તેઓને પોલીસ સ્ટેશને થી

વાડીલાલ જઈને સારવાર કરાવવાનું કાગળ લખી આપેલુ તે તેઓ વાડીલાલ દવાખાનામાં આપેલુ. વાડીલાલ દવાખાનામાં તેઓ ગયા ત્યારે જેને વાગેલ હતુ તેની સારવાર થયેલી અને તેઓ બધા ઘરે પાછા ગયેલા. સાહેદ જણાવે છે કે ઘરે તેઓ એકલો જ પાછો ગયેલો. ઘરે પાછા ગયા પછી તેઓ એવી કોઈ તપાસ કરી નહિં કે સામાવાળાને શું વાગ્યુ છે અને તેઓને કઈ હોસ્પીટલમાં દાખલ કર્યા છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે ચંદુભાઈ દિવાલ ચણતા હતા તે તકરાર તેઓની વચ્ચે હતી અને જો તે તકરારનુ નિવારણ આવે તો તેઓએ આરોપીઓ સાથે કોઈ તકરાર રહે નહિં . એ વાતનો ઈન્કાર કરેલ છે કે અમારા ઘરમાં પંખા અને અન્ય ચીજવસ્તુઓની તોડફોડની હકીકત તેઓએ જણાવેલી તે તેઓએ ફરીયાદ આપ્યા બાદ ફરીયાદને સમર્થન આપવા માટે વાડીલાલ દવાખાનાથી ઘરે જઈને પોતાના જ ઘરમાં તોડફોડ કરી આરોપીઓ વિરૂધ્ધ ખોટા આક્ષેપો કરેલા છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓ બનાવ વખતે હાજર ન હતા, તેઓએ બનાવ જોયેલો નથી, સામા પક્ષ વાળા ચંદનસિંહ, વજેસંગભાઈ, પ્રવિણસિંહ અને મોંઘીબેનના ઘરે જઈ તેઓના પક્ષના લોકોએ તેઓના ભાઈઓએ તેમની ઉપર હથિયારોથી હુમલો કરી તેમને ગં ભીર ઈજાઓ પહોંચાડેલી,જેની ફરીયાદ ચંદનસિંહ એ તેઓ બધા પર કરેલી હોય, તેમાં બચાવ ઉભો કરવા માટે અને ચંદુભાઈ ની દિવાલ તોડાવવા માટે આરોપીઓ ઉપર દબાણ લાવવા માટે તેઓ બધાએ આરોપીઓ વિરૂધ્ધ ખોટી ફરીયાદ ખોટા આક્ષેપો કરી ઉપજાવી કાઢેલી છે અને તેઓની ખોટી ફરીયાદને સમર્થન આપવા માટે તેઓ સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

**(૧૩)** આ કામે આંક ૧૨૮ થી સાહેદ લક્ષ્મીબેન ડો/ઓ રત્નાભાઈ કો.પટેલએ સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આજથી આશરે ૨૫-૩૦ વર્ષ પહેલા તેઓને લઘરાભાઈએ તેઓ પાણી ભરીને આવી ત્યારે ધોલ મારેલી અને તેઓની સાથે ઝઘડો કરેલો. આ સિવાય બીજુ કશું તેણીની સાથે કરેલ નથી. આ સિવાય બીજા કોઈએ કશુ કરેલું હોય તેવું બનેલ નથી. સદર બનાવ બાબતે

ઘણો સમય થઇ ગયેલ હોવાથી લઘરાભાઇ કોર્ટમાં હાજર છે કે મે તે તેઓ ચોકકસ કહી શકે નહી.

સદર સાહેદ તેઓની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોઈને વિ.એપીપીશ્રીની મૌખીક વિનંતીથી તેઓને હોસ્ટાઇલ જાહેર કર્યા બાદ તેમની ઉ.ત કરવા છતાયે તેમણે ફરીયાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જયારે સદર સાહેદની એ.પી.પી.શ્રીનાઓના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરતાં એ વાતનો સ્વિકાર કરેલ છે કે, એ વાત તેમને ખબર નથી કે તા. ૧૮/૧ ૦/૧૯૯૭ ના રોજ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ કે તેઓ તથા તેઓના કુટુંબીજનો ઘરે હતા ત્યારે તેઓના ઘરની દિવાલને અડીને તેઓના ગામના દરબાર ચં દનસિંહ તેમના ઘરની દિવાલ ચણતા હતા ત્યારે તેઓના ઘરની ઓશરીમાં તેમની દિવાલનો દરવાજો મુકતા હોવાથી તેઓના ભાઈ જગદીશ તેમને કહેવા ગયેલ કે તેઓની જમીનમાં કેમ દરવાજો મુકો છો, તેઓનું ગાડુ તથા ખેતીના સાધનો તેઓ અહિંયા મુકે છે, તેમ કહેતા ચંદનસિંહ જેમ ફાવે તેમ ખરાબ ગાળો બોલવા લાગેલા અને ત્યાં વજુભાઈ પોપટભાઈ હાથમાં લોખંડની ખોડીવાળી લાકડી તથા જીતેન્દ્રસિંહ ચંદનસિંહ હાથમાં કોદાળી તથા હેમુભાઈ ભાવુભાઈ હાથમાં લોખંડની પાઈપ લઈ દોડી આવેલા, તે વખતે બોલાચાલી થતા અને ઝગડો થતાંતેઓએ તેઓના ભાઈને સમજાવેલ, પણ ચંદનસિંહ ઘરમાંથી હાથમાં દાંતી લઈ આવી ઉશ્કેરાઈ જઈ કહેવા લાગેલ કે આ તારી જમીન ત્યાં છે, કેમ દરવાજો મુકવાની ના પાડે છે તેવુ કહી ચંદનસિંહ ના હાથમાંની દાંતી નો એક ઘા જગદીશ ના માથામાં કરેલો, જેથી તેને માથામાંથી લોહી નીકળતા જમીન ઉપર પડી ગયેલ અને જીતેન્દ્રસિહ હાથમાંથી કોદાળી ના હાથા થી તેઓના ભાઈના ખભા ઉપર ફટકા મારવા લાગેલા અને તેઓના ભાઈ ને વધારે મારશે જેથી ઘનશ્યામભાઈ દોડી ને છોડાવવા જતા વજુભાઈ એ ઘનશ્યામભાઈના માથામાં ખોડીવાળી લાકડી મારતા તેને પણ લોહી નીકળેલુ અને લાકડીનો ઘા કરેલો અને ડાબા ખભા ઉપર પણ વાગેલું,

અને નારણભાઈ ત્યાં જતા વજુભાઈએ લાકડીનો એક ઘા નારણભાઈના માથામાં મારેલ અને જેથી તેને લોહી નીકળેલુ, તે વખતે હેમુભાઈના હાથમાંથી લોખંડની પાઈપથી નારણભાઈના હાથના બાવળા ઉપર બે ઘા મારેલા અને વધારે બુમાબુમ થતા આજુબાજુના ઘણા માણસો ભેગા થઈ ગયેલા અને તેઓના ભાઈનો દિકરો રાજુ વચ્ચે પડતા બાબુભાઈએ લોખંડની પાઈપના ઘા કરતા પગે તથા પેટના ભાગે વાગેલ, આ વખત તેઓ વચ્ચે પડતા તેમને પણ ગળાના ભાગે નખોળીયા વાગેલ અને આ ચારેય જણા તેમના હથિયારો સાથે તેઓના ઘરમાં આવી ટીવી, ઘડીયાળ, પંખો તેમજ ઘરના નળીયા તોડી ફોડી નાખેલા અને નુકશાન કરેલુ. એ વાતનો ઈન્કાર કરેલ કે આરોપીઓને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

જયારે આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરતાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, લઘરામભાઈએ તેઓને ધોલ મારેલી તેવું લખાવેલ તે સિવાય બીજો કોઈ બનાવ તેઓની હાજરીમાં બનેલ નથી.

(૧૫) આ કામે ફરીયાદપક્ષે આંક ૧૩૫ થી સાહેદ હીરાબેન ભીમાભાઇ કો.પટેલએ સોગંદ ઉપર જુબની આપેલી છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ તા. ૨૭/૧૦ ના રોજ બનેલુ, કયુ વર્ષ હતું તે તેણી અભણ હોય કહી શકે નહીંઈ બનાવ વખતે તેણી તેણીના ઘરે હાજર હતી. તે સમયે ભાવુભાઈ હેમંતસંગ તેઓના ઘરે આવેલા અને તેઓના બાબા રાજુભાઈને પગમાં મારેલુ. ત્યારબાદ પોપટભાઈ વજુભાઈ એ તેમના દિકરા રાજુભાઈને બરડાના ભાગે લાકડી થી મારેલુ. ત્યારબાદ તેણીનો દિકરો પડી જતાં તેને કંઇ ભાન રહેલ નહી. પછી તેમના દિકરાને ભવનપરાથી ગાડી બોલાવી તેઓના દિકરાને વી.એસ.હોસ્પીટલ સારવાર સારૂ લઈ ગયેલા. આ બનાવ નું કારણ પુછતા જણાવે કે તેણીના ઘરની પાછળ ખડકી મુકેલ તે બાબતે થયેલ. આ બનાવમાં તેઓના દિયર જગદીશભાઈને પણ માર મારેલો.તેઓના દિયર જગદીશભાઈ ને માથાના ભાગે ઈજા થયેલી. આ ઈજા વજેસંગના દિકરા પ્રવિણે કરેલી. બનાવ

બન્યો ત્યારે તેણી ઘરે હતી અને આ બનાવ તેમની નજર સામે બનેલ છે અને બનાવ વખતે તેણી તેણીની ઘરે જ હતી. તેઓને મુદ્દામાલ હથીયારો બતાવવામાં આવે તો હાલમાં ઘણો સમય થઇ ગયેલ હોય તેઓ ઓળખી શકે નહી. આરોપીઓને જોયે ઓળખી શકતા હોવાનું જણાવેલ છે.

જયારે આરોપીઓના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરતાં એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે, તેણી કાયમથી જ તેણીના બતાવેલ સરનામે રહે છે અને તેણીના આજુબાજુ માં રહેતા પાડોશીઓ સાથે સારા સંબંધો છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેણીને કોઈ ની સાથે સારુ-ખરાબ થાય તો આજુબાજુ ના બધા લોકો આવી ને ત્યાં ઉભા રહે. ભીમા રત્ના તેણીના પતિ થાય છે. નારણભાઈ, ચીકાભાઈ, ઘનશ્યામભાઈ તેણીના દિયર થાય છે. આ ઝગડા બાબત આ લોકો સામે પણ ફરીયાદ થયેલી તેની તેમને ખબર છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તે ઝગડો થયેલો તેમાં ચંદુભાઈ ને વાગેલુ, વજુભાઈ ને વાગેલુ, પ્રવિણભાઈ ને વાગેલુ અને મોંઘીબેન ને વાગેલુ હતુ. સાહેદ જણાવે છે કે **<u>તેઓના લોકોને પણ વાગેલુ હતુ.</u>** ચંદુભાઈ, વજેસંગ, પ્રવિણભાઈ અને મોંઘીબેન ને જે વાગેલુ તે લોકોને તેઓનામાંથી કોણે કોણે મારેલુ તેની તેમને ખબર નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે બનાવ વખતે સામસામે ઝગડો થયેલો હતો અને બન્ને પક્ષે ઈજાઓ થયેલી. સવાલ: તમારા દિકરાને કોણે માર્યુ તે તમે જોયુ, તો સામાવાળાને કોણે માર્યુ તે તમે જોયુ હોય ને ? જવાબ: તેણીના દિયરે માર્યુ હોય. બનાવ બાબતે પોલીસે તેઓનો કોઈ જવાબ લીધેલો કે કેમે તેની તેમને ખબર નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે બનાવ બન્યો તે વખતે તેણી ધનવાડા ગામની સીમમાં ઘાંસ લેવા ગયેલી હતી અને ઘરે પાછી આવેલી ત્યારે તેણીના દિકરાને વાગેલુ હતુ અને તેણીના દિકરાને તેણીએ પુછતા તેણે તેણીને બનાવ ની માહિતી આપેલી. એ વાત નો ઈન્કાર કરેલ છે કે તા. ૨૭/૧૦/૧૯૯૭ ના રોજના પોલીસ રૂબરૂના નિવેદનમાં તેઓએ એવુ લખાવેલુ કે, ''ગઈ તા.૧૭/૧૦/૧૯૯૭ ના રોજ તેણી ધનવાડા ગામની સીમમાં તેણી ઘાસ લેવા ગયેલી

અને ઘરે પાછી આવતા જોયેલ તો તેણીના દિકરા રાજુ ને ડાબા પગે વાગેલ હતુ અને તેણીના દિયર ને વાગેલ હતુ, જેથી તેણી તેણીના દિકરાને પુછતા તેણે જણાવેલ કે'' એ વાત ખરી નથી કે મેં મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, ''ભાવુભાઈ હેમંતસંગ તેઓના ઘરે આવેલા અને તેઓના બાબા રાજુભાઈ ને પગ માં મારેલુ. ત્યારબાદ પોપટભાઈ વજુભાઈ એ તેણીના દિકરા રાજુભાઈ ને બરડાના ભાગે લાકડી થી મારેલુ. ત્યારબાદ તેણીનો દિકરો પડી જતા તેમને કંઈ ભાન રહેલ નહિં.'' ફરી થી પુછતા જણાવેલ છે કે પોલીસે તેણીની પુછપરછ કરેલી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે પોલીસે પુછપરછ કરી ત્યારે તેમને જે ખબર હતી તે બધુ તેણીએ લખાવેલુ હતુ. બનાવ આશરે કેટલો સમય ચાલેલો હશે તેની તેમને ખબર નથી. હવે જણાવેલ છે કે બનાવ દોઢ કલાક સુધી ચાલેલો. સાહેદ જણાવે છે કે ઢેખાડા નાખેલા હતા. આ ઢેખાડા પડેલા તેમાં તેણીના ઘરના લોકોને કંઈ વાગેલુ ન હતુ. બનાવ બાદ તેઓ બધા એટલે કે તેણી, તેણીના પતિ, તેણીના દિયરો પહેલા વણકુટા ગામે ગયેલા. સાહેદ જણાવે છે કે પાછળથી તેણીના દિકરાને લઈ ગયેલા. વણકુટા ગામે તેણીના પતિ અને તેણીના ત્રણેય દિયર ગયેલા હતા. તેણી અને તેણીનો દિકરો ભવાનપરાથી ગાડી આવ્યા બાદ પાછળથી ગયેલા હતા. ભવાનપરાથી તેણીના ભાણીયા કચરાભાઈ ની ગાડી આવેલી હતી. કચરાભાઈ ની ગાડી માં તેણી કોઠ પોલીસ સ્ટેશન ગયેલા અને ત્યાંથી વી.એસ.હોસ્પીટલમાં ગયેલા. એ વાતનો સ્વિકાર કરેલ કે પોલીસ સ્ટેશને ગયેલા ત્યારે ત્યાં ફરીયાદ લખાવતા હતા ત્યારે તેણી જોડે ગયેલી. તેણીના પતિ, તેણીના દિયરો બધાને ખબર હતી કે તેણી જોડે આવેલી છે. એ વાતની તેમને ખબર નથી કે તેમણે પોલીસ સ્ટેશનમાં એવુ કહેલુ હોય કે તેણી તેઓની સાથે આવેલી છે અને તેણીએ બનાવ જોયેલો છે તેવુ કહેલ કે કેમ. તેણીએ પોલીસ સ્ટેશન માં એવુ કહેલ કે તેણી આવી છે, તેણીએ બનાવ જોયેલો છે, મારો જવાબ લો. એ વાત ખરીનો ઈન્કાર કરેલ કે પોલીસે તેણીનો જવાબ તરત જ લઈ લીધેલો. ત્યારબાદ

જણાવેલ કે પોલીસે તેણીનો જવાબ લીધેલો. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તે વખતે જવાબ લીધા બાદ તેણીને પોલીસ ને મળવાનું થયેલુ નથી. એ વાતનો ઈન્કાર કરેલ કે તેણીએ બનાવ જોયેલો નથી અને તેણીને કોઈ જાતમાહિતી નથી તેમ છતાં તેણી તેણીના દિયર જગદીશભાઈ એ કરેલી ખોટી ફરીયાદ ને સમર્થન આપવા માટે સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૧૫) આ કામે ફરીયાદપક્ષે આંક ૧૩૯ થી સાહેદ ડો.અહેમદહુસેન ગુલમહંમદ સચોરાએ સોગંદ ઉપર જુબની આપેલી છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૮/૧૦/૧૯૯૭ ના રોજ દર્દી નામે નારણભાઈ રતનભાઈ જેમની ઉંમર જે તે સમયે ૨૯ વર્ષ હતી તેઓ વી.એસ.હોસ્પીટલના ફરજ પર હાજર ડોકટર એસ.લક્ષ્મીને હીસ્ટ્રીમા જણાવેલ સામાવાળા વ્યકતીએ તા.૧૭/૧૦/૯૭ સવારે ૯ વાગે ઘનવાડા ગામે અમદાવાદ થી ૪૦ કીમી દુર આવેલ છે ત્યા માર મારેલ છે. દર્દીએ કમ્પ્લેનમા લખાવેલ કે માથાના ભાગે ઈજા થયેલ છે ફરજ પરના ડોકટર દ્રારા તપાસ કરતા દર્દી સભાન અવસ્થામા હતા.દર્દીને તપાસતા છુદાયેલો ઘા જેની સાઈઝ ૩×૨ હતી જે માથાના જમણી બાજુ માથાના પાછળના ભાગે હતી. માથામા ડાબી બાજુ પાછળના ભાગે છોલાયેલુ હતુ.ત્યાર બાદ દર્દીને વધુ સારવાર માટે ન્યુરો સર્જરી વિભાગમા મોકલેલ જયા દર્દીનો માથાનો એકસ રે કરાવેલ જે નોર્મલ હતો. ઓપીડી બેઝ સારવાર કરીને તેઓને ડીસ્ચાર્જ કરવામા આવેલ.જે એમ.એલ.સી સર્ટીફીકેટ નં.૧૩૦૨/૯૭ જેમા નીચે ડો.એસ.લક્ષ્મી દ્રારા આપવામા આવેલ અને જેમા જે તે સમયના આર.એમ.ઓશ્રી વી.એસ.હોસ્પીટલનાઓની સહી અને હોદાનુ સીલ ઓળખી બતાવેલ છે. જે **આક.૧૪૦. થી** રજુ રાખેલ છે. તા.૧૮/૧૦/૯૭ ના રોજ દર્દી નામે જગદીશભાઈ રતનભાઈ જેમની ઉંમર જે તે સમયે ૨૭ વર્ષ હતી તેઓ વી.એસ.હોસ્પીટલના ફરજ પર હાજર ડોકટર એસ.લક્ષ્મીને હીસ્ટ્રીમા જણાવેલ સામાવાળા વ્યકતીએ તા.૧૭/૧૦/૯૭ સવારે ૯ વાગે ઘનવાડા ગામે અમદાવાદથી ૪૦ કીમી દુર આવેલ છે ત્યા માર મારેલ છે. દર્દીએ કમ્પ્લેનમા લખાવેલ કે માથાના

ભાગે ઈજા થયેલ તથા ડાબી બાજુ ખભા પર ઈજા થયેલ હતી.ફરજ પરના ડોકટર દ્રારા તપાસ કરતા દર્દી સભાન અવસ્થામા હતા. દર્દીને તપાસતા છુદાયેલો ઘા જેની સાઈઝ ૪×૧ સેમી માથનાના પાછળના ભાગમા હતી અને બીજો ઘા તેની સાઈઝ ૩×૨ સેમી જે માથના આગળના ભાગમા હતા. ત્યાર બાદ દર્દીને વઘુ સારવાર માટે ન્યુરો સર્જરી વિભાગમા તથા ઓર્થો વીભાગમા મોકલેલ જયા દર્દીનો માથાનો એકસ–રે કરાવેલ. જે નોર્મલ હતો. દર્દીને ઓપીડી બેઝ સારવાર કરીને ડીસ્ચાર્જ કરવામા આવેલ. જે એમ.એલ.સી સર્ટીફીકેટ નં.૧૩૦૩/૯૭ જેમાં નીચે ડો.એસ.લક્ષ્મી દ્રારા આપવામા આવેલ અને જેમા જે તે સમયના આર.એમ.ઓશ્રી વી.એસ.હોસ્પીટલનાઓની સહી અને હોદાનુ સીલ જે રજુ દાખલ **આક.૧૪૧**. તા.૧૮/૧૦/૯૭ ના રોજ દર્દી નામે ઘનશ્યામભાઈ જેમની ઉમર જે તે સમયે ૨૦ વર્ષ હતી તેઓ વી.એસ.હોસ્પીટલના ફરજ પર હાજર ડોકટર એસ.લક્ષ્મીને હીસ્ટ્રીમા જણાવેલ સામાવાળા વ્યકતીએ તા.૧૭/૧૦/૯૭ સવારે ૯ વાગે ઘનવાડા ગામે અમદાવાદ થી ૪૦ કીમી દુર આવેલ છે ત્યા માર મારેલ છે.દર્દીએ કમ્પ્લેન મા લખાવેલ કે માથાના ભાગે તેમજ ડાબા બરડા પર ઈજા હતી. ફરજ પરના ડોકટર દ્રારા તપાસ કરતા દર્દી સભાન અવસ્થામા હતા. દર્દીને તપાસતા છુદાયેલો ઘા જેની સાઈઝ ૪×૨ સેમી માથાના પાછળના ભાગમાં હતી. જેમા ડાબા બરડા પર છોલાયેલો ઘા હતો.ત્યાર બાદ દર્દીને વઘુ સારવાર માટે ન્યુરો સર્જરી વિભાગમા તથા ઓર્થો વીભાગમા મોકલેલ જયા દર્દીનો માથાનો એકસ રે કરાવેલ તેમજ ડાબા ખભા તથા ડાબા હાથનો એકસ રે કરાવેલ જેમા કોઈ પણ પ્રકરનુ ફેકચર ન હતુ.દર્દીને ઓપીડી બેઝ સારવાર કરીને ડીસ્ચાર્જ કરવામા આવેલ. જે એમ.એલ.સી સર્ટીફીકેટ નં.૧૩૦૪/૯૭ જેમા નીચે ડો.એસ.લક્ષ્મી દ્રારા આપવામા આવેલ અને જેમા જે તે સમય ના આર.એમ.ઓ શ્રી વી.એસ.હોસ્પીટલ નાઓની સહી છે અને હોદાનુ સીલ જે રજુ દાખલ **આક.૧૪૨**.તા.૧૭/૧૦/૯૭ ના રોજ દર્દી નામે રાજુભાઈ ભીમાભાઈ જેમની ઉમર જે તે સમયે ૧૬ વર્ષ હતી તેઓ વી.એસ.હોસ્પીટલ ના ફરજ પર હાજર ડોકટર એસ.લક્ષ્મીને હીસ્ટ્રીમા જણાવેલ સામાવાળા વ્યકતીએ

તા.૧૭/૧૦/૯૭ સવારે ૯ વાગે ધનવાડા ગામે અમદાવાદ થી ૪૦ કીમી દુર આવેલ છે ત્યા માર મારેલ છે .દર્દીએ કમ્પ્લેન મા લખાવેલ કે ડાબા ધુટણ પર ઈજા થયેલ હતી.ફરજ પરના ડોકટર દ્રારા તપાસ કરતા ડાબા ધુટણ પર સોજો હતો અને લોહી નીકળતુ હતુ .દર્દીને તપાસતા છુદાયેલો ધા જેની સાઈઝ ૦.૫×૦.૫ સેમી ધા હતો. ત્યાર બાદ દર્દીને એકસ રે કરાવવામા આવેલ ધુટણમા આવતા એક બોન જેને પટેલા કહેવામા આવે છે તેનુ ફેકચર હતુ.દર્દીને ૧૭/૧૦/૯૭ ના રોજ દાખલ કરેલ અને તા.૪/૧૧/૯૭ ના રોજ ડીસ્ચાર્જ કરેલ.જે એમ.એલ.સી સર્ટીફીકેટ નં.૩૩૮૨/૯૭ જેમા નીચે ડો.રાજેશ પરીખ દ્રારા આપવામા આવેલ અને જેમા જે તે સમયના આર. એમ.ઓશ્રી એમ.કે.ગરાસીયા વી.એસ.હોસ્પીટલનાઓની સહી અને હોદાનુ સીલ ઓળખી બતાવેલ જે **આક.૧૪૩** એમ.આર.નં.પર/૨૩ થી આર્ટીકલ નં.૧ ધારીયુ બતાવવામા આવે છે તે જોઈને જણાવેલ કે એમ.એલ.સી સર્ટીફીકેટ નં.૧૩૦૨ (નારણભાઈ), ૧૩૦૩(જગદીશભાઈ), ૧૩૦૪(ધનશ્યામભાઈ) મા જણાવેલ દર્દીઓને સર્ટીફીકેટમા બતાવવામા આવેલ તે મુજબની ઈજા થઈ શકે.એમ.આર. નં.પર/૨૩ થી આર્ટીકલ નં.૨ એક વાસની લાકડી બતાવવામા આવે છે તે જોઈને જણાવેલ કે એમ.એલ.સી સર્ટીફીકેટ નં.૧૩૦૨ (નારણભાઈ), ૧૩૦૩ (જગદીશ ભાઈ), ૧૩૦૪(ધનશ્યામભાઈ) અને ૩૩૮૨/૯૭ (રાજુભાઈ ભીમાભાઈ)મા જણાવેલ દર્દીઓને સર્ટીફીકેટમા બતાવવામા આવેલ તે મુજબની ઈજા થઈ શકે. એમ.આર.નં.પર/૨૩ થી આર્ટીકલ નં.૩ એક વાસના હાથમા ફીટ કરેલ કોદાળી બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ કે સદર હથીયાર વડે જો હાથના ભાગેથી મારવામા આવે તો તમામ દર્દીઓને થયેલી ઈજાઓ થઈ શકે અને જો કોદાળીના ભાગેથી મારવામા આવે તો એમ.એલ.સી સર્ટીફીકેટ નં.૧૩૦૨ (નારણભાઈ),૧૩૦૩ (જગદીશભાઈ), ૧૩૦૪ (ધનશ્યામભાઈ) મા જણાવેલ દર્દીઓને સર્ટીફીકેટમા બતાવવામા આવેલ તે મુજબની ઈજા થઈ શકે.એમ.આર.નં.પર/૨૩ થી આર્ટીકલ નં.૪ લોખંડની પાઈપ બતાવવામા આવે છે તે જોઈને જણાવેલ કે સદર હથીયારના

ઉપરના ભાગે જે ઉપસેલ ભાગ છે જો તેનાથી મારવામા આવે તો ઘુટણના ભાગે દર્દી રાજુભાઈને થઈ છે તે ઈજા થઈ શકે તથા અન્ય ભાગેથી મારવામા આવે તો તમામ દર્દીઓને થયેલી ઈજાઓ થઈ શકે.તેઓ છેલ્લા ૧૪ વર્ષ થી ડોકટર તરીકે સેવા આપે છે અને છેલ્લા નવ વરસથી વી.એસ.મા આસીસ્ટન્ટ આર.એમ.ઓ તરીકે ફરજ બજાવે છે.સર્ટીફીકેટ મુજબ દર્દી નામે રાજુભાઈ ને થયેલી ફેકચરની ઈજા ગંભીર ઈજા કહી શકાય જયારે બાકીના ત્રણેય દર્દીઓને થયેલી ઈજા સામાન્ય ઈજા કહી શકાય.

તેઓ તેઓની સાથે વી.એસ.હોસ્પીટલનુ અમદાવાદ વ્યવસ્થાપક મંડળનુ તા.૨૧ /૩/૮૨ ની સભામા મંજુર કરેલ ઠરાવની નકલ જેમા કામ નં.૨૭ તથા ઠરાવ નં.૩૩૪ થી હોસ્પીટલમા આવતા વિવિધ કેસોના પ્રકાર જેમ કે ઓપીડી, ઈન્ડોર કેસ, મરણકેસ, મેડીકો લીગલ કેસ, ઓપરેશનને લગતા કેસ, તેમજ અન્ય અલગ અલગ પ્રકારના કેસોના હોસ્પીટલમા રાખવાના રજીસ્ટરો તથા જન્મ મરણના રજીસ્ટરો, ડીલ ેવરીના રજીસ્ટરો ના રેકોર્ડ કાયમી રાખવા અંગેની નીતી તથા સાચવવાની મુદતો નો મં જુર કરતો ઠરાવ ની નકલ જેમા અનુક્રમ નં.૧ થી ૪ થી કેસોનુ વર્ગીકરણ કરી સાચવવાની મુદત દર્શાવેલ છે તે ઠરાવની નકલમા નીચે ડોકટર જીતેન્દ્ર એ.પરમાર એમ.એસ.જનરલ સર્જરી આર.એમ.ઓ સેઠ.વી.એસ.જનરલ હોસ્પીટલ નાઓના નામ તથા હોદાનુ સીલ તેમજ તેઓની સહી ઓળખી બતાવેલ છે.જેમા ઓપીડી કેસ ના પેપર્સ ત્રણ વરસ તથા સાદા કેસ , આઉટડોર કેસ તથા મરણના કેસ ૧૦ વર્ષ તથા મેડીકોલીગલ કેસના કાગળો ૨૦ વર્ષ તથા મેડીકો લીગલ કેસના લગતા રજીસ્ટરો રાખવા તે મુજબ ઠરાવ કરેલ.

જયારે આરોપીઓના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરતાં જણાવેલ કે, તેઓ એમ.બી.બી.એસ. ભણેલા છે.એ વાતનો સ્વિકાર કરેલછે કે કયા હથીયારોથી કઈ રીતની ઈજા થઈ શકે તે સારુ તેઓએ વિશેષ ડીગ્રી મેળવેલ નથી. એવુ ચોકકસ પણે કહી શકાય નહી કે જે ડોકટરે દર્દીની સારવાર કરી હોય તે ડોકટર જ દર્દીની ઈજા અંગે ચોકકસ અને સાચો અભીપ્રાય આપી શકે. **એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓએ**

**<u>આ કામના કોઈ દર્દીને તપાસેલા નથી.</u>** એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓ મેડીકલ સર્ટીફીકેટ જોઈને તે આધારે જુબાની આપે છે. એ વાતનો સ્વિકાર કરેલ છે જે ડોકટરશ્રીઓએ આ કામે દર્દીઓને તપાસેલ છે તેમની સાથે તેઓએ કોઈ કામ કરેલ નથી.એ વાત નો સ્વિકાર કરેલ છે કે ડોકટરશ્રીની સાથે કામ કરેલ ન હોય તેમના હસ્તાક્ષર કે સહી થી તેઓ વાકેફ નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે મેડીકલ સર્ટીમા કોના હસ્તાક્ષર છે તે તેઓ ચોકકસ પણે કહી શકે નહી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે દર્દીની જે તપાસ કરવામા આવે તે અંગેની તમામ વિગતો કેસ પેપર્સમા લખવામા આવતી હોય છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે પહેલા કેસ પેપર્સ તૈયાર થાય અને ત્યાર બાદ મેડીકલ સર્ટીફીકેટ તૈયાર થાય. એ વાતનો સ્વિકાર કરેલ છે કે તેઓએ આ કામના દર્દીની તપાસના કોઈ પણ કેસ પેપર્સ જોયેલા નથી. એ વાતનો ઈન્કાર કરેલ કે કેસ પેપર્સ ના હોય તો દર્દીને શુ સારવાર આપવામા આવેલ તે તેઓ કહી શકે નહી. સાહેદ જણાવે છે કે મેડીકલ સર્ટી આધારે કહી શકુ. એ વાતનો સ્વિકાર કરેલ છે કે મેડીકલ સર્ટીમા દર્દીને શુ સારવાર આપવામા આવેલી કઈ રીતે સારવાર આપવામા આવેલી તેનો ઉલ્લેખ હોતો નથી.એ વાતનો સ્વિકાર કરેલ છે કે આ કામે જે ચાર દર્દીને તપાસેલા છે તેમના સારવાર ના કેસ પેપર્સ તેઓની પાસે નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે સામાન્ય સંજોગોમા સારવાર માટે આવેલ દર્દી જો સભાન અવસ્થામા હોય તો તે દર્દી પાસેથી હીસ્ટ્રી જાણીને સર્ટીમા લખવામા આવતી હોય છે અને જો દર્દી સભાન અવસ્થામા ન હોય તો તેના સગા કે તેને લાવનાર વ્યકતી સામાન્ય રીતે હીસ્ટ્રી લખાવતા હોય છે. ત્યારબાદ એ વાતનો સ્વિકાર કરેલ છે કે આ કામે જે ડોકટરશ્રીએ દર્દીની સારવાર કરેલી તેમનુ પોલીસે ઈજા બાબતનુ કે હીસ્ટ્રી બાબતનુ નીવેદન લીધેલ હોય તો તે તેઓના ધ્યાનમા નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે પોલીસે સારવાર કરનાર ડોક્ટર ને દર્દીઓ ને થયેલ ઈજા થઈ શકે કે કેમ તેવું પુછેલ હોય તો તેવુ તેઓના ધ્યાનમાં નથી.એ વાતનો સ્વિકાર કરેલ છે કે વીએસ હોસ્પીટલમા પોલીસનુ ટેબલ છે અને પોલીસ ત્યા ચોવીસ કલાક હાજર હોય છે.એ વાતનો સ્વિકાર કરેલ છે કે મેડીકલ લીગલ કેસમા દર્દી પોલીસ યાદી સાથે

અથવા તો યાદી વગર આવે છે.

ત્યારબાદ એ વાતનો સ્વિકાર કરેલ છે કે જો  કોઈ દર્દી પોલીસ યાદી વગર આવે તો તે અંગે ની જાણ તેઓનો સ્ટાફ પોલીસ ને કરે છે અથવા તો દર્દીને  પોલીસ નો સંપર્ક કરવાનુ કહેવામા આવે છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે આ કામ ના દર્દી રાજુભાઈ એમએલસી નં ૩૩૮૨/૯૭ પોલીસ યાદી વગર આવેલા જ્યારે અન્ય ત્રણ દર્દીઓ પોલીસ યાદી સાથે આવેલા. દર્દી નામે રાજુભાઈ કે જે પોલીસ યાદી વગર આવેલા તેમને થયેલ ઈજા બાબતે પોલીસને ડોક્ટરશ્રી દ્ધારા કે સ્ટાફ દ્ધારા કે દર્દી દ્ધારા જાતે જાણ કરવામા આવેલી કે કેમ તે તેઓ મેડીકલ સર્ટી આધારે કહી શકતા નહી તેવું પુછતા સાહેદ જણાવે છે કે દર્દીને અંદરના દર્દી તરીકે સારવાર આપવામાં આવેલી હતી જેથી તેઓ કહી શકે કે પોલીસ ને જાણ કરવામા આવેલી હશે. આ જાણ કોણે કરેલી હશ તે તેઓ ચોક્કસ કહી શકે નહી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે પોલીસને રાજુભાઈ બાબતે જાણ કરવામા આવેલી હોય તે અંગે નો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરી શકુ તેમ નથી. દર્દીએ આપેલ યાદી મેડીકલ સર્ટી.તથા કેસ પેપર્સનો ભાગ બને કે કેમ તે પુછતા સાહેદ લખાવે છે કે જો પોલીસે યાદી આપેલ હોય તો ભાગ બને અને જો દર્દી યાદી લઈને આવેલ હોય તો તે યાદી તેમને પાછી આપવામા આવતી હોય છે.એ વાત નો સ્વિકાર કરેલ છે કે પોલીસ યાદીને ઈન્વર્ડ રજીસ્ટરમા નોધવામા આવતી હોય છે. એ વાત નો સ્વિકાર કરેલ છે કે દર્દી સાથે થયેલ બનાવ તથા વીગતની ટુકમા વીગત લખવામા  આવતી હોય છે. એ વાત નો સ્વિકાર કરેલ છે કે જે ત્રણ દર્દી યાદી સાથે આવેલા તે યાદીઓ તેઓની પાસે ન હોય રજુ કરી શકાય તેમ નથી.એ વાત નો સ્વિકાર કરેલ છે કે કોર્ટ દ્રારા કોઈ યાદી મગાવવામા આવેલ હોય અથવા તો કોઈ યાદી મોકલવામા આવેલ હોય તો તે દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો તેઓની પાસે નથી. એ વાત નો ઈન્કાર કરેલ કે ત્રણેય દર્દીઓ કે જે યાદી સાથે આવેલાનુ તેઓ જણાવે છે તે કોઈ પણ જાતના પુરાવા વગર ખોટુ જણાવે છે.એ વાત નો સ્વિકાર કરેલ છે કે જો કોઈને ગંભીર ઈજા થયેલ હોય તો તેને અંદર ના દર્દી તરીકે સારવાર

આપવામા આવે અન્યથા બહારના દર્દી તરીકે સારવાર આપવામા આવે છે. ત્યારબાદ એ વાત નો સ્વિકાર કરેલ છે કે ઈજાના રંગ પરથી ઈજા કેટલી જુની છે તે જાણી શકાય.એ વાત ખરી છે કે ઈજામા જે લોહી નીકળતુ હોય કે લોહી ગંઠાઈ ગયેલ હોય તેના પરથી પણ ઈજાની ઉમર વિશે જાણી શકાય. એ વાત નો સ્વિકાર કરેલ છે કે ચારેય સર્ટી.મા ઈજાનો કલર કે ઈજા પરથી લોહી નીકળતુ હોય કે લોહી ગંઠાઈ ગયેલ હોય તે લખવામાં આવેલ નથી જેથી આ ચારેય સર્ટી.ના આધારે ઈજાની ઉમર વિશે ચોકકસપણે કહી શકાય નહી. ત્યારબાદ એ વાતનો સ્વિકાર કરેલ છે કે દર્દી નામે નારણભાઈ તથા જગદીશભાઈ તથા ઘનશ્યાભાઈ આ ત્રણેય દર્દીઓને બહારના દર્દી તરીકે સારવાર આપવામા આવેલ જેથી કહી શકાય કે તેમને થયેલ ઈજાઓ સામાન્ય પ્રકારની ઈજા છે. તેઓ ઓપીડી કેસ નં.૪૮૩ નારણભાઈ રત્નાભાઈનુ મેડીકલ સર્ટી.જોઈને જણાવેલ કે સર્ટી.મા જે ઈજા જણાવેલ છે તે સિવાયની આંતરીક કે આનુશાંગીક ઈજાઓ થયેલ હોવાનુ જણાય આવતુ નથી તથા તેમાં હીસ્ટ્રીના કોલમમા માથામાં સામાવાળાએ પાઈપ દ્રારા ઈજા કરેલ તેવું જણાય આવે છે અને તેવું તેમા લખેલ છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે સદર દર્દીને જે ઈજા થયેલ તે લાકડી થી અથવા તો ખોળી વાળી લાકડી થી કોઈએ ઈજા કરેલ હોય તેવુ દર્દીએ હીસ્ટ્રી તરીકે સર્ટી.મા લખાવેલ નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે દર્દી નામે નારણભાઈને બાવડા પર ઈજા થયેલ હોય તેવુ પણ હીસ્ટ્રીમા લખાવેલ નથી તથા તે રીતની ઈજાનો ઉલ્લેખ મેડીકલ સર્ટી.મા પણ નથી. એ વાત ખરી છે કે તેઓએ લોખંડની ખોળી વાળી લાકડી જોયેલ છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે એવુ કહી શકાય કે જો લોખંડની ખોળીવાળી લાકડીથી ઈજા કરવામા આવે તો ઈજાનો પ્રકાર ટી આકારનો થાય.

ત્યારબાદ **એ વાતનો સ્વિકાર કરેલ છે કે આ દર્દી નારણભાઈને ટી આકારની કોઈ ઈજા થયેલ હોય તેવો ઉલ્લેખ મેડીકલ સર્ટી.મા કરેલ નથી.** એ વાતનો સ્વિકાર કરેલ છે કે દર્દી તેની ઈજાઓ વિશે જે જણાવે તે ઈજાઓ તથા ડૉકટર

જે તપાસીને તેમને જણાય આવે તે ઈજાઓ મેડીકલ સર્ટી.મા લખતા હોય છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે કપાયેલ છુંદાયેલ ભાગ એક જેવો સીધો ધારવાળો ના હોય. એ વાતનો સ્વિકાર કરેલ છે કે દર્દી નારણભાઈને થયેલ ઈજાઓ સખત અને બોથડ જગ્યાએ પડવાથી અથવા અથડાવાથી થઈ શકે તે પ્રકારની હતી. તેમને આંક – ૧૪૧ બતાવવામા આવે છે તે જોઈને જણાવેલ કે તે જગદીશભાઈનુ મેડીકલ સર્ટી. છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે સદર દર્દીએ હીસ્ટ્રીમા માથાના ભાગે તથા ડાબા ખભા પર પાઈપ વડે ઈજા કરેલ હોવાનુ લખાવેલ છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે પાઈપ એ બોથડ હથીયાર કહેવાય અને ધારીયુ તે તીક્ષ્ણ હથીયાર કહેવાય.એ વાતનો સ્વિકાર કરેલ છે કે બોથડ પદાર્થ થી છુદાયેલ ઘા થાય તથા તીક્ષ્ણ હથીયારથી કપાયેલ ઘા થાય.

ત્યારબાદ **એ વાતનો સ્વિકાર કરેલ છે કે તીક્ષ્ણ હથીયારથી જે ઈજાઓ થાય તે ઈજાઓની ધાર એક સરખી હોય છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે આ દર્દી ધારીયા કે દાતી જેવા તીક્ષ્ણ હથીયાર વડે ઈજા થયેલ હોય તે આક–૧૪૧ વાળા સર્ટી. ઉપરથી જણાય આવતુ નથી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે દર્દીએ તેને કોદાળી કે ધારીયા કે દાતી વડે ઈજા થયેલ હોય તેવી હીસ્ટ્રી પણ જે તે સમયે ડોકટરશ્રીને જણાવેલ નથી.** એ વાતનો સ્વિકાર કરેલ છે કે દર્દીને થયેલ ઈજાઓ સખત બોથડ પદાર્થ સાથે અથડાવાથી તથા પડવાથી થઈ શકે છે. સાહેદ જણાવે છે કે એકથી વધુ વાર પડે તો એક સાથે આ રીતેની ઈજાઓ થઈ શકે છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે દર્દીને થયેલ જે ઈજાઓ મેડીકલ સર્ટીમા બતાવામા આવે છે તે કોઈ આનુસંગીક થયેલ નથી તે મેડીકલ સર્ટી.આધારે કહી શકાય. તેમને આંક – ૧૪૨ બતાવવામા આવે છે તે જોઈને જણાવેલ કે તે ઘનશ્યામભાઈનુ મેડીકલ સર્ટી. છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે સદર દર્દીએ હીસ્ટ્રીમા માથાના ભાગે તથા ડાબી બાજુ પડખાના ભાગે એટલે કે કમરની ઉપરના ભાગે પાઈપ વડે ઈજા કરેલ હોવાનુ લખાવેલ છે.

એ વાત નો સ્વિકાર કરેલ છે કે સદર દર્દીને જે ઈજા થયેલ તે લાકડીથી અથવા તો ખોળીવાળી લાકડીથી કોઇએ ઈજા કરેલ હોય તેવુ દર્દીએ હીસ્ટ્રી તરીકે સર્ટી.મા લખાવેલ નથી.એ વાત નો સ્વિકાર કરેલ છે કે તેઓએ લોખંડની ખોળીવાળી લાકડી જોયેલ છે. એ વાત નો સ્વિકાર કરેલ છે કે એવુ કહી શકાય કે જો લોખંડની ખોળીવાળી લાકડીથી ઈજા કરવામા આવે તો ઈજાનો પ્રકાર ટી આકારનો થાય. એ વાતનો સ્વિકાર કરેલ છે કે આ દર્દી નારણભાઈને ટી આકારની કોઈ ઈજા થયેલ હોય તેવો ઉલ્લેખ મેડીકલ સર્ટી.મા કરેલ નથી.

ત્યારબાદ એ વાતનો સ્વિકાર કરેલ છે કે પાઈપ, લોખંડની ખોળીવાળી લાકડી અને સાદી લાકડી એ ત્રણેય અલગ હથીયારો છે. એ વાતનો સ્વિકાર કરેલ છે કે દર્દીને થયેલ ઈજાઓ સખત બોથડ પદાર્થ સાથે અથડાવાથી તથા પડવાથી થઈ શકે છે. એ વાત નો સ્વિકાર કરેલ છે કે દર્દીને થયેલ જે ઈજાઓ મેડીકલ સર્ટીમા બતાવામા આવે છે તે કોઈ આનુસંગીક થયેલ નથી તે મેડીકલ સર્ટી.આધારે કહી શકાય.એ વાતનો ઈન્કાર કરેલ કે દર્દીને થયેલ ઈજાઓ જો કોઈ હાથથી ખણે તો પણ થઈ શકે. એ વાત નો સ્વિકાર કરેલ છે કે કોઈ સખત પદાર્થ સાથે ઘસડાય તો પણ દર્દીને થયેલ ઉજડાની ઈજા થઈ શકે છે. તેમને આંક – ૧૪૩ બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ કે તે રાજુભાઈનુ મેડીકલ સર્ટી. છે.એ વાત નો સ્વિકાર કરેલ છે કે સદર દર્દીએ હીસ્ટ્રીમા ડાબા ઘુટણ પર સામાવાળાએ ઈજા કરેલ હોવાનુ લખાવેલ છે. એ વાત નો સ્વિકાર કરેલ છે કે સામાવાળાએ કોઈ હથીયાર વડે ઈજા કરેલ હોય તેવુ આ દર્દીએ હીસ્ટ્રીમા લખાવેલ નથી.એ વાતનો સ્વિકાર કરેલ છે કે દર્દીને અસ્થીભં ગની ઈજા થયેલ છે તે દર્શાવતો કોઈ એકસ રે તેઓએ આ કામે રજુ કરેલ નથી. એ વાત નો સ્વિકાર કરેલ છે કે જો કોઇ વ્યકતી દોડતા દોડતા પડી જાય તો ઘુંટણ પર ઈજા થાય અને અસ્થિભંગ થઇ શકે. એ વાત નો સ્વિકાર કરેલ છે કે આ ચારેય દર્દીઓએ તે્મને કોણે ઈજા કરી તેમના ચોકકસ નામ હિસ્ટ્રીમાં લખાવેલ નથી. એ વાતનો ઇન્કાર કરેલ છે કે આ દર્દીને ક્રેકચરની ઈજા થયાનો કોઇ પુરાવો તેઓએ

જોયો સુધા ન હોવા છતા તથા ઉપલબ્ધ ન હોવા છતા ફ્રેકચરની ઈજા અંગે ખોટી હકીકત જણાવેલ છે. એ વાત નો સ્વિકાર કરેલ છે કે આ ઈજા પગ પર હતી એટલે કે શરીરના જીવલેણ ભાગ પર ન હતી. એ વાત નો સ્વિકાર કરેલ છે કે ચારેય દર્દીઓને થયેલ ઈજા તિક્ષ્ણ હથીયાર દ્વારા થઈ શકે તે રીતની ન હતી. એ વાતનો ઈન્કાર કરેલ કે તેઓએ દર્દીઓને તપાસ્યા ન હોય તથા તેમની ઈજાઓ બાબત અને મેડીકલ સર્ટીફીકેટ બાબત કોઈ જાત માહીતી ન હોવા છતા અને માહીતગાર ન હોવા છતા તેઓ સોગંદ પર ખોટી જુબાની આપે છે.

**(૧૪)** વધુમા, આ કામે આંક ૮૬ થી પંચસાહેદ સીકંદરભાઈ રાજાભાઈ વોરા દ્વારા પંચનામાની હકીકતને સમર્થન આપવામા આવેલ નથી.

સદર પંચ સાહેદ તેઓની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોઈને વિ.એપીપીશ્રીની મૌખીક વિનંતીથી તેઓને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ તેમની ઉ.ત કરવા છતાયે તેમણે ફરીયાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જ્યારે સદર પંચસાહેદે બચાવપક્ષ તરફેની ઉલટ તપાસ મા એ વાત નો સ્વીકાર કરેલ છે કે તેઓની હાજરીમાં કોઈ પંચનામું થયેલ હોય તેવું બનેલ નથી.

**(૧૫)** વધુમા, આ કામે આંક ૯૦ થી પંચસાહેદ દીલીપકુમાર લુણુમલ મહેશ્વરી દ્વારા પંચનામાની હકીકતને સમર્થન આપવામા આવેલ નથી.

સદર પંચ સાહેદ તેઓની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોઈને વિ.એપીપીશ્રીની મૌખીક વિનંતીથી તેઓને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ તેમની ઉ.ત કરવા છતાયે તેમણે ફરીયાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જ્યારે સદર પંચસાહેદે બચાવપક્ષ તરફેની ઉલટ તપાસ મા એ વાત નો સ્વીકાર કરેલ છે કે સહી સિવાય બીજુ કંઈ જાણતા નથી.

**(૧૫.૧)** આમ, ઉપરોકત પંચ સાહેદોની જુબાની જોતાં તેઓએ ફરીયાદપક્ષે રજુ થયેલ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી.

**પુરાવાનુ મુલ્યાકન:–**

(૧૬) સદર કામે ફરીયાદ પક્ષે તપાસવામા આવેલા ફરીયાદી,સાહેદો, પંચો,ડોકટરશ્રી તથા ત.ક.અમલદારશ્રી ની જુબાની તથા આ તમામ સાહેદોની જુબાની મા રજુ રાખવામા આવેદ દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામા આવે છે. ફરીયાદ પક્ષ દ્રારા રજુ રાખવામા આવેલ ઉપરોકત પુરાવાનુ મુલ્યાકન કરતા અગાઉ ફરીયાદ પક્ષ દ્રારા આક.૮૪ થી એફ.આઈ.આર રજુ રાખવામા આવેલ છે.તે જોવામા આવે તો તેમા ફરીયાદીશ્રીની ફરીયાદ છે કે બનાવના દીવસે તેઓ તેમના ઘરે હતા ત્યારે તેમની બાજુમા રહેતા ચંદનસીહ જીવુભાઈ ડોડીયા તેઓના ઘરના આગળ દીવાલ ચણતા હતા તે વખતે તે દિવાલની અંદર તેમની તરફની જમીનમા તેમના ભાગે દરવાજો મુકવા માટે દરવાજાની જગ્યા મુકતા હતા જેથી તેઓ ત્યા ગયેલા અને કહેલ કે શા માટે અમારી જમીનના ભાગે દરવાજો મુકો છો અને સદર જમીન અમો અમારા ખેતીના ઓજારો મુકવા માટે ઉપયોગ કરીએ છીએ તો તમારો દરવાજો મુકશો નહી તેમ કહેતા ચંદનસીહ જેમ ફાવે તેમ ગાળો બોલી હાથમા દાતી લઈ તથા વજુભાઈ હાથમા લોખંડની ખોળીવાળી લાકડી લઈ તથા જીતેન્દ્રસીહ હાથમા કોદાળી લઈ તથા હેમુભાઈ હાથમા લોખંડની પાઈપ લઈ તેઓના ઘરની આગળ આવી ગાળો આપી કહેતા હતા કે અહીયા તારી જગ્યા નથી અને તુ કેમ દરવાજો મુકવાની ના પાડે છે.તેથી ફરીયાદીએ તેઓને કહેલ કે આ જગ્યા મારી છે જેથી તમારે દરવાજો મુકવો નહી તેમ કહેતા આ ચારેય જણા ઉશકેરાઈ ગયેલા અને ચંદનસીહે તેમના હાથમાની દાતીનો એક ઘા ફરીયાદીને માથામા મારતા તેમને સખત ઈજા થતા અને પુષ્કળ લોહી નીકળતા તેઓ નીચે પડી ગયેલા અને તે સમયે જીતેન્દ્રસીહે તેના હાથમાની કોદાળીના હાથાથી ફરીયાદીને બંને હાથે ખભા પર ફટકા મારી મુઢમાર મારેલ અને તે વખતે તેમના ભાઈ ઘનશ્યામભાઈ વચ્ચે પડતા વજુભાઈ એ તેમના હાથમા રહેલ ખોળી વાળી લાકડી માથામા મારતા ઈજા થતા લોહી નીકળેલ જેથી તેઓ પણ નીચે પડી ગયેલા અને તે સમયે તેઓને લાકડી ડાબા ખભાના

ભાગે મારેલી તથા નારણભાઈને વજુભાઈ એ તેના હાથમાની લાકડીનો એક ફટકો માથમા મારતા લોહી નીકળેલ અને તે સમયે હેમુભાઇએ તેના હાથમાની લોખંડની પાઈપથી નારણભાઈ ને હાથના બાવડા ઉપર બે ફટકા મારતા મુઢ માર વાગેલ અને તે વખતે બુમાબુમ કરતા તેમના ભત્રીજા રાજુભાઈ વચ્ચે પડતા હેમુભાઈ એ તેના હાથમાની લોખંડની પાઈપનો એક ફટકો તેના ડાબા પગના નળા પર મારતા તે પણ નીચે પડી ગયેલ અને તે સમયે આ વજુભાઈ તથા હેમુભાઈ એ બંને પોત પોતાના હથીયારોથી તેમના ભત્રીજા રાજુભાઈને બરડાના ભાગે જેમ ફાવે તેમ ફટકા મારતા બરડાના ભાગે સોળ પડી ગયેલા ત્યાર બાદ હેમુભાઈ એ તેમના ઘરમા મુકેલ ટીવી અને પંખા તોડી નાખેલા અને ઘરનો સામાન વેર વીખેર કરી નાં ખેલો.તે સમયે તેમના ભાઈ રત્નાભાઈ તથા તેમના બેન લખુબેન તથા વાસના ઘણા બધા માણસો ભેગા થઈ જતા આરોપીઓ હથીયાર લઈ તેમના ઘર તરફ જતા રહેલા.

**(૧૬.૧)** ફરીયાદીની ઉપરોકત ફરીયાદને ઘ્યાનમા રાખીને આક.૮૩ થી ફરીયાદી જગદીશભાઈ તથા આક.૯૯ થી ઘનશ્યામભાઈ તથા આક.૧૦૭ થી તપાસેલ સાહેદ રાજુભાઈ દ્રારા જે જુબાની આપવામા આવેલ છે તે જોતા તેઓ દ્રારા ફરીયાદ પક્ષના કેસની હકીકતો ને સમર્થન કરવામા આવેલ છે અને તેઓ દ્રારા તેમને કયા આરોપી દ્રારા કઈ રીતે ઈજા કરવામા આવેલ તે હકીકત સ્પષ્ટ પણે જણાવવામા આવેલ છે.વધુમા સદર સાહેદો દ્રારા તેમની જુબાનીમા આરોપીઓને ઓળખી બતાવેલ છે.તથા તેઓને બતાવવામા આવેલ મુદામાલ આર્ટીકલ પણ તેઓએ ઓળખી બતાવેલ છે અને સદર મુદામાલ હથીયાર કયા આરોપીના હાથમા હતુ તે હકીકત પણ તેઓએ તેમની જુબાની મા જણાવવામા આવેલ છે.બચાવ પક્ષ દ્રારા ઉપરોકત ત્રણેય સાહેદોની ઉપરોકત હકીકત બાબતે વીગતવાર ની ઉલટ તપાસ કરેલ છે તેમ છતા પણ ઉપરોકત હકીકત વિરુઘ્ધની કોઈ હકીકત બચાવપક્ષ

દ્વારા રેકર્ડ પર લાવવામા આવેલ નથી. જેથી ઉપરોકત ત્રણેય સાહેદની જુબાની પરથી બનાવ તેઓએ તેમની જુબાનીમા જે સમય તથા સ્થાન બતાવેલ છે તે સમયે તથા તે સ્થાને બનેલ હોવાની હકીકત તથા સદર બનાવ બનવા પાછળનુ જે કારણ હતુ તે તેઓ દ્વારા સ્પષ્ટ પણે જણાવવામા આવેલ છે.વધુમા આ કામે ફરીયાદ પક્ષ દ્વારા આક.૧૧૧ થી સાહેદ નારણભાઈ ને તપાસવામા આવેલ છે તેઓ પોતાની જુબાનીમા બનાવ બનેલાની અને બનાવમા જગદીશભાઈ ને તથા ઘનશ્યામભાઈ ને તથા તેઓને ઈજા થયેલ હોવાની હકીકત જણાવે છે પરંતુ તેઓને ચોકકસ કોના દ્વારા ઈજા કરવામા આવેલ હતી તે હકીકત તેમના દ્વારા જણાવવામા આવેલ નથી.

**(૧૬.૨)** બચાવપક્ષ દ્વારા ચારેય સાહેદોની ઉલટ તપાસ કરવામા આવેલ છે તે ફરીયાદીએ તેમની સરતપાસમા જણાવેલ છે કે ઘનશ્યામભાઈને વજુભાઈએ લોખંડની ખોળી વાળી લાકડી માથમા મારેલ હતી અને આ હકીકત ઘનશ્યામભાઈ દ્વારા પણ તેમની જુબાનીમા જણાવવામા આવે છે. **પરંતુ તેઓએ તેમની ઉલટ તપાસમા તે વાતનો સ્વીકાર કરેલ છે કે મુદામાલ આર્ટીકલમા ખોળી વાળી લાકડી નથી. આમ ફરીયાદ પક્ષના કેસની હકીકત મુજબ ખોળી વાળી લાકડી દ્વારા ઘનશ્યામભાઈ ને ઈજા થયેલ હોવાનુ જણાવવામા આવેલ છે પરંતુ આવી કોઈ ખોળી વાળી લાકડી આ કામે કબજે કરવામા આવેલ નથી જેથી સાહેદ ઘનશ્યામભાઈ ને ખોળી વાળી લાકડી દ્વારા ઈજા કરવામા આવેલ હતી કે કેમ તે હકીકત શંકા ઉપજાવે તેમ છે.**

**(૧૬.૩)** બચાવપક્ષ દ્વારા ફરીયાદ ના સમય બાબતે તથા ઈજા પામનાર સાહેદો દ્વારા સારવાર કરાવેલ તેના સમય બાબતે તકરાર લેવામા આવેલ છે તે સબંધે રેકર્ડ જોતા સદર કામે જે બનાવ બનેલ છે તે તા. ૧૭/૧૦/૧૯૯૭ ના

રોજ સવારના ૯:૩૦ કલાકે વાગે બનેલ હોવાનુ જણાઈ આવે છે જયારે સદર ફરીયાદ સાજના કલાક ૧૯:૩૦ વાગે આપેલ હોવાનુ જણાઈ આવે છે તથા આ કામના ઈજા પામનાર સાહેદો ધ્વારા ઈજાની સારવાર બીજા દીવસે એટલે કે તારીખ ૧૮/૧ ૦/૧૯૯૭ ના રોજ કરાવેલ હોવાનુ જણાઈ આવે છે. તે સબંધે બચાવપક્ષ દ્રારા ફરીયાદીની ઉલટ તપાસ કરવામા આવતા ફરીયાદીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે અમરશીભાઈ ને ત્યા અને પ્રભાભાઈને ત્યા તેમની તથા સગાસબંધી સાથે ફરીયાદ કેવી રીતે આપવી તેની ચર્ચા કરેલી અને પછી ફરીયાદ કરવા ગયેલા. આમ સવાર ના બનેલા બનાવ બાબતે ફરીયાદીએ અન્ય લોકો સાથે ચર્ચા કરીને તે ચર્ચા મુજબ ફરીયાદ આપેલી તે હકીકત જણાઈ આવે છે. વધુમા આ કામે રેકર્ડ પર એવી પણ હકીકત આવેલ છે કે આ કામના આરોપીઓએ આ કામના ફરીયાદપક્ષ વિરૂઘ્ધમા પ્ર થમ ફરીયાદ આપી હતી અને ત્યારબાદ હાલની ફરીયાદ ફરીયાદી ધ્વારા કરવામા આવેલ છે. જેથી આ ફરીયાદ આરોપીઓએ આપેલ ફરીયાદના કાઉન્ટર આપેલ હોવાનુ જણાઈ આવે છે. વધુમા એ હકીકત પણ રેકર્ડ પર આવે છે કે આ કામના ફરીયાદી તથા સાહેદો આ કામના આરોપીના તેમના ઘરે જયા દીવાલ ચણતા હતા ત્યા સામેથી ચાલીને ગયેલ છે અને તેઓના ત્યા ગયા પછી હાલનો બનાવ બનેલ છે. વધુમા ફરીયાદી દ્રારા ફરીયાદ મોડી આપવાનુ કારણ જણાવેલ છે કે આરોપી જીતેન્દ્ર અને મહેન્દ્ર આડા ઉભા રહેતા હતા અને ફરીયાદ કરવા દેવા જવા દેતા ન હતા પરંતુ તેઓએ તેમની ઉલટ તપાસમા તે વાતનો સ્વીકાર કરેલ છે કે ઉપરોકત હકીકત તેઓએ તેમની ફરીયાદ મા લખાવેલ નથી. આમ સદર ફરીયાદી અન્ય લોકો સાથે ચર્ચા વિચારણાના અંતે અન્ય લોકો સાથે ચર્ચા કરીને આરોપીઓએ જે ફરીયાદ આપેલ તેના પછી હાલની ફરીયાદ આપેલ છે જેથી સદર ફરીયાદ અતિશયોકતી ભરેલી હોવાનુ તથા જે રીતનો બનાવ બનેલ તે રીતની ચોકકસ હકીકત વાળી નહી હોવાનુ તથા આરોપીઓએ આપેલ ફરીયાદના કાઉન્ટરમા આપેલ હોવાનુ જણાઈ આવે છે. આ સંદર્ભે આ કામે ફરીયાદ

પક્ષે આક.૧૨૫ થી તપાસેલ સાહેદ ભીમાભાઈ તેમની ઉલટ તપાસ મા તે વાતનો સ્વીકાર કરેલ છે કે કલ્યાણપુર વાળા મહોબતસંગ અને બીજા લોકો અમને ફરીયાદ કરવામા મદદ થાય તેટલા માટે પોલીસ સ્ટેશને આવેલા હતા અને તેમનુ કામ પણ કરેલુ અને ફરીયાદ પણ લખાવી દીધેલી. વધુમા સદર સાહેદે તે વાતનો પણ સ્વીકાર કરેલ છે કે ચંદુભાઈ ચણતર કામ અટકાવતા ન હતા જેથી તેમને અટકાવા માટે આ જગડો કરેલો. આ સદર સાહેદની જુબાની પરથી આ કામના ફરીયાદપક્ષ ધ્વારા ઝઘડો કરવામા આવેલ તેવુ જણાઈ આવે છે. વધુમા સદર સાહેદે તે વાતનો પણ સ્વીકાર કરેલ છે કે ચંદુભાઈ દીવાલ ચણતા હતા તે તકરાર તેમના વચ્ચે હતી અને તે તકરાર નુ નીવારણ આવે તો તેઓને આ લોકો સાથે કોઈ તકરાર રહે નહી.વધુમા આક.૧૧૧ થી તપાસેલ સાહેદ નારણભાઈ નાઓએ પણ તેમની ઉલટ તપાસમા જણાવેલ છે કે અમે બધા ભેગા મળીને ફરીયાદ લખાવતા હતા.આમ ઉપરોકત હકીકત પરથી ફરીયાદીએ ફરીયાદ પ્રિ–પ્લાનીંગ કરીને તથા આરોપી ચંદુભાઈ ચણતરનુ કામ અટકાવતા ન હતા તે કારણસર આપેલ હોવાનુ જણાઈ આવે છે.

(૧૬.૪) આ કામના ફરીયાદી તથા સાહેદો ને થયેલ ઈજાઓની ગંભીરતા બાબતે ચર્ચા કરવામા આવે તો સદર કામે ફરીયાદી દ્રારા જણાવવામા આવેલ છે કે ચંદનસીહે તેમના હાથમાની દાતીનો એક ઘા ફરીયાદીને માથામા મારતા તેમને સખત ઈજા થતા અને પુષ્કળ લોહી નીકળતા તેઓ નીચે પડી ગયેલા અને તે સમયે જીતેન્દ્રસીહે તેના હાથમાની કોદાળીના હાથાથી ફરીયાદીને બં ને હાથે ખભા પર ફટકા મારી મુઢમાર મારેલ અને તે વખતે તેમના ભાઈ ઘનશ્યામભાઈ વચ્ચે પડતા વજુભાઈ એ તેમના હાથમા રહેલ ખોળી વાળી લાકડી માથામા મારતા ઈજા થતા લોહી નીકળેલ જેથી તેઓ પણ નીચે પડી ગયેલા અને તે સમયે તેઓને લાકડી ડાબા ખભાના ભાગે મારેલી તથા નારણભાઈ

ને વજુભાઈ એ તેના હાથમાની લાકડીનો એક ફટકો માથમા મારતા લોહી નીકળેલ અને તે સમયે હેમુભાઈએ તેના હાથમાની લોખંડની પાઈપથી નારણભાઈ ને હાથના બાવડા ઉપર બે ફટકા મારતા મુઢ માર વાગેલ અને તે વખતે બુમાબુમ કરતા તેમના ભત્રીજા રાજુભાઈ વચ્ચે પડતા હેમુભાઈ એ તેના હાથમાની લોખંડની પાઈપનો એક ફટકો તેના ડાબા પગના નળા પર મારતા તે પણ નીચે પડી ગયેલ અને તે સમયે આ વજુભાઈ તથા હેમુભાઈ એ બંને પોત પોતાના હથીયારોથી તેમના ભત્રીજા રાજુભાઈને બરડાના ભાગે જેમ ફાવે તેમ ફટકા મારતા બરડાના ભાગે સોળ પડી ગયેલા.સદર ઈજાઓને અન્ય સાહેદો દ્રારા પણ સમર્થન આપવામા આવેલ છે જે સં દર્ભે આક.૧૩૯ થી તપાસેલ ડોકટરશ્રીની જુબાની જોતા આ કામે ઈજા પામનાર સાહેદ જગદીશભાઈ ,નારણભાઈ, ઘનશ્યામભાઈ નાઓએ વી.એસ.હોસ્પીટલમા સારવાર કરાવેલ હોવાનુ જણાવે છે અને આ સારવાર સારુ દર્દીઓ તા.૧૮/૧૦/૧૯૯૭ ના રોજ દવાખાને આવેલ હોવાનુ અને તે દીવસે સારવાર કરેલ હોવાનુ જણાવે છે. ફરીયાદ પક્ષની સદર હકીકત બાબતે ચર્ચા કરવામા આવે તો સદર કામના ફરીયાદીએ જગદીશભાઈ ને માથામા ઈજા થયેલ હતી અને તેમાથી લોહી નીકળતુ હતુ તેવી હકીકત તેઓ તેમની જુબાની મા જણાવે છે.જયારે સાહેદ નારણભાઈ એ તેમની જુબાની મા તેઓને માથાના ભાગે ઈજા થયેલ હોવાનુ જણાવે છે તેવી જ રીતે સાહેદ ઘનશ્યામભાઈ નાઓએ પણ તેમની જુબાનીમા માથાના ભાગે તથા ડાબા હાથ પર ઈજા થયેલ હોવાનુ જણાવેલ છે.તથા ત્રણેય સાહેદોની ઈજા જોતા સદર ઈજાઓ ગંભીર પ્રકારની હોવાનુ તથા શરીરના ખુબજ નાજુક ભાગ પર થયેલ હોવાનુ તથા સદર ઈજાઓ બાબતે કોઈ પણ વ્યકતીએ તરત સારવાર કરાવવી પડે તે રીતની ઈજા થયેલ હોવાનુ જણાઈ આવે છે. સદર સાહેદોને આ ઈજા તા.૧૭/૧૦/૧૯૯૭ ના રોજ સવાર ના ૯:૩૦ કલાકે જે બનાવ બનેલો તે બનાવમા આરોપીઓ દ્રારા તેઓને ઈજા કરવામા આવેલ છે તેવુ જણાવવામા આવેલ છે પરંતુ તેઓ દ્રારા સદર ઈજાઓ બાબતે બીજા દીવસે

સારવાર કરવામા આવેલ તે હકીકત ખુબ મોટી શંકા ઉપજાવે છે અને ફરીયાદ પક્ષના સાહેદોને તેઓ કહે છે તેવી ઈજા બનાવના દીવસે થયેલ હતી કે કેમ તે હકીકત પણ શંકા ઉપજાવે છે. વધુમા આ કામે તપાસવામા આવેલ ફરીયાદી તેમની ઉલટ તપાસમા જણાવે છે કે બનાવ બાદ તેઓ વણકુટા ગામ કે જે તેમના ગામથી ચાર કીલોમીટર દુર આવેલ છે ત્યા તેમના ભાઈઓ સાથે ચાલતા ગયેલા. જે હકીકતને આ કામે તપાસવામા આવેલ સાહેદ ઘનશ્યામભાઈ દ્રારા પણ સમર્થન આપવામા આવેલ છે. આમ જયારે ફરીયાદી અને સાહેદ કહેતા હોય કે તેઓને માથાના ભાગે ગં ભીર ઈજાઓ કરવામા આવેલ અને ફરીયાદીને લોહી પણ નીકળેલ છે તે સંજોગો મા તેઓ દ્રારા સારવાર કરાવવાના બદલે ચાર કીલોમીટર દુર તેઓ ચાલીને ગયેલા તેવી હકીકત જણાવવામા આવેલ છે તથા આ ઈજાની તેઓએ બીજા દીવસે એટલે કે આશરે ચોવીસ કલાક બાદ સારવાર કરાવેલ છે તે સંજોગોમા તેઓને ઈજા થયેલ હતી કે કેમ અને જો થયેલ હતી તો આ ઈજાઓની જે પ્રકારની ગંભીરતા તે જણાવે છે તે પ્રકારની હતી કે કેમ તે હકીકત પર શંકા ઉપજે છે અને તે કારણે આ કામના આરોપીઓ ધ્વારા તેમને સજા કરવામા આવેલ હતી કે કેમ તે હકીકત પર પણ શંકા ઉપસ્થીત થાય છે. વધુમા આ કામના સાહેદ ભીમાભાઈ દ્રારા ઉલટ તપાસ મા એ હકીકત નો સ્વીકાર કરવામા આવેલ છે કે અમોએ નજીકના દવાખાનામા જઈને સારવાર મેળવવાનો પ્રયત્ન કરેલ નહી તથા તેઓએ નજીકમા આવેલા પ્ર ાથમીક સારવાર કેન્દ્રમા જઈ સારવાર લેવાનો પ્રયત્ન કરેલ નહી અને તેઓએ બધા ભેગા મળીને વાડીલાલ જવાનુ નકકી કરેલુ.વધુમા તેઓ જણાવેલ છે કે તેઓને પોલીસ સ્ટેશન થી તેવુ લખીને આપેલ કે સીધા વાડીલાલ હોસ્પીટલ જાવ. જે હકીકત પણ જો એક વાર માનવામા આવે તો પણ ઈજા પામનાર સાહેદો બનાવના દીવસે સારવાર કરાવવા દવાખાને ગયેલ નથી અને બીજા દીવસે પોણા અગીયાર વાગ્યાની આસપાસ સારવાર કરાવવા સારુ વાડીલાલ હોસ્પીટલ ગયેલ હોવાનુ જણાઈ આવે છે. આમ ફરીયાદ પક્ષ દ્રારા ઈજા પામનાર સાહેદોને જે ઈજા

થયેલ છે તે ઈજા આ કામના આરોપીઓ ધ્વારા બનાવના દીવસે કરવામા આવેલ હતી તે હકીકત સ્પષ્ટ પણે શંકા રહીત પુરવાર કરવામા આવેલ નથી.વધુમા આ કામે તપાસવામા આવેલ સાહેદો દ્રારા તે હકીકત નો સ્વીકાર કરવામા આવેલ છે કે સદર બનાવ બનેલો તે સામસામે બનાવ બનેલો અને ખુબ મોટો હોબાળો થયેલો અને આજુબાજુ ના લોકો પણ ભેગા થઈ ગયેલા.પરંતુ સદર કામે ત.ક.અમલદારશ્રી દ્રારા કોઈ પણ  સ્વતંત્ર સાહેદને સદર કામમા સાક્ષી તરીકે લીધેલ નથી.વધુમા આક.૧૧૧ થી તપાસેલ સાહેદ નારણભાઈ તેમની ઉલટ તપાસમા તે વાત નો સ્વીકાર કરેલ છે કે ધકકા મુકકી થયેલી તે વખતે બંને બાજુ વાળા એક બીજા ના ધકકા વાગવાથી પડી ગયેલા.

**(૧૬.૫)** કાયદાનો સામાન્ય નીયમ એ રીતનો છે કે જો પંચ સાહેદો હોસ્ટાઈલ જાય તેટલા કારણમાત્રથી ફરીયાદ પક્ષનો કેસ ફગાવી દેવો જોઈએ નહી પરંતુ ફરીયાદ પક્ષ દ્રારા તેમનો કેસ શંકારહીત પુરવાર કરવામા આવતો ન હોય ત્યારે પં ચનામા ની હકીકતો ને જીણવટપુર્વક કોર્ટે જોવી જોઈએ અને તે સંજોગોમા  પંચોની જુબાની ફરીયાદ પક્ષ માટે ખુબ જ મહત્વની બની રહે છે.સદર કામમા બચાવપક્ષ દ્રારા મુદામાલ બાબતે ફરીયાદી તથા સાહેદોની જુબાની અને તેઓની મૌખીક દલીલોમા એ રીતે રજુઆત કરવામા આવેલ છે કે નામદાર કોર્ટમા સાહેદોને જે મુદામાલ બતાવવામા આવેલ છે તે મુદામાલ પર પંચો કે અન્ય કોઈ ની સહી વાળી કાપલી લગાવવામા આવેલ નથી જે મુદામાલ પર કાપલીઓ લગાવવામા આવેલ છે તે  કોમ્પ્યુટરથી ટાઈપ કરેલા અક્ષરો વાળી કાપલી છે તથા સદર કાપલીઓ ઉપર કોની પાસેથી હથીયાર કબજે કરવામા આવેલ તે વિગત લખેલ નથી. બચાવપક્ષની ઉપરોકત તકરાર અંગે કબજે કરવામા આવેલ મુદામાલ રેકર્ડ રૂમમાથી મંગાવીને જોતા તેના પર કોઈ પંચો કે તપાસ કરનાર અધીકારી ની સહી જણાઈ આવતી નથી. તથા મુદામાલ પર કોમ્પ્યુટરાઈઝ

કાપલી લગાવવામા આવેલ છે. ૧૯૯૭ના કેસના મુદામાલ પર કોમ્પ્યુટરાઈઝ કાપલી લગાવવામા આવેલ છ  તે હકીકત પણ શંકા ઉપજાવે તેમ છે. વધુમા આ કામે તપાસવામા આવેલ ફરીયાદી તથા સાહેદોની જુબાની જોતા તેઓ દ્રારા તેમની ઉલટ તપાસમા તે વાતનો સ્વીકાર કરવામા આવેલ છે કે તપાસ કરનાર અમલદારશ્રી દ્રારા તેઓને કયારેય કોઈ મુદામાલ હથીયાર બનાવ સમયે બતાવવામા આવેલ નથી અને તેઓને કયા હથીયારથી ઈજા થયેલ હતી તેવુ પણ કયારેય જોવામા આવેલ નથી.વધુમા સાહેદો ખોળી વાળી લાકડી દ્રારા સાહેદ ઘનશ્યામભાઈ ને ઈજા થયેલાની ઈજા થયેલાની હકીકત જણાવેલ પરંતુ આવી કોઈ ખોળી વાળી લાકડી આ કામે કબજે કરવામા આવેલ નથી.ઉપરોકત હકીકત ને ઘ્યાન મા રાખી સદર કામે તપાસવામા આવેલ પંચ સાહેદોની જુબાની જોવામા આવે તો આ કામે આક.૮૬ થી પંચ  સાહેદ સીકંદરભાઈ નાઓને તપાસવામા આવેલ છે પરંતુ તેઓએ આક.૮૭ ના ગુનાવાળી જગ્યાના પંચનામા ને લેશમાત્ર સમર્થન કરેલ નથી તેવી રીતે આ કામે આક.૯૦ થી પંચ સાહેદ નીર્લીપ્ત કુમારને તપાસવા મા આવેલ છે તેઓએ તેમની જુબાની મા બનાવ ૧૯૯૭મા બનેલ હોવાનુ જણાવેલ છે પરંતુ પોલીસે તેમની હાજરીમા કોઈ હથીયાર કબજે કરેલ હોય તે હકીકતને સમર્થન આપેલ નથી. આમ તેઓની જુબાની પરથી પણ આક.૯૧ થી રજુ રાખેલ હથીયાર રીકવરીના પંચનામા ને લેશમાત્ર સમર્થન મળતુ નથી તે સંજોગોમા ફરીયાદ પક્ષ કહે છે તે મુજબ બનાવવાળી જગ્યાએ બનાવ બનેલ હોવાનુ તથા મુદામાલ મા રીકવર કરવામા આવેલ હથીયારો ફરીયાદ પક્ષ કહે છે તે મુજબ રીકવર કરવામા આવેલ હતા તે હકીકત ફરીયાદ પક્ષ તેમના પુરાવાથી નીશ:કપણે સાબીત કરી શકેલ નથી તેવુ મારુ નમ્ર પણે માનવુ છે.

**(૧૬.૬)** આ કામે આક.૧૩૯ થી ડોકટર સાહેદને તપાસવામા આવેલ છે તે સંદર્ભે બચાવ પક્ષ દ્રારા એવી તકરાર લેવામા આવેલ છે કે સદર ડોકટર સાહેદ દ્રારા ઈજા

પામનાર સાહેદોની સારવાર કરવામા આવેલ નથી તથા તેઓ જે તે સમયે વી.એસ.હોસ્પીટલમા ફરજ બજાવતા ન હતા તથા તેઓ દ્રારા રજુ રાખવામા આવેલ મેડીકલ સર્ટી ઝેરોક્ષ નકલો છે જેથી સદર સાહેદની જુબાની તથા તેઓ દ્રારા રજુ રાખવામા આવેલ મેડીકલ સર્ટી પુરાવામા વંચાણે લેવા જોઈએ નહી.તે સંદર્ભે ચર્ચા કરવામા આવેલ છે કે ડોકટરશ્રી દ્રારા મેડીકલ સર્ટી આધારે જુબાની આપવામા આવેલ છે તથા તેઓની જુબાની એક એકસપર્ટ વિટનેશ તરીકે કે જે દસ્તાવેજી પુરાવો જોઈ તે આધારે જુબાની આપી શકે તે માટે સક્ષમ હોય તે રીતે આપવામા આવેલ છે જેથી તેઓની જુબાની ન માનવાને કોઈ કારણ નથી.તેઓની જુબાની પરથી આ કામના સાહેદોએ તેઓની જુબાની મા જણાવેલ છે તે રીતની ઈજા થયેલ હોવાની હકીકત જણાઈ આવેલ છે.પરંતુ તેઓને થયેલ ઈજા આ કામના આરોપીઓએ આ કામે કબજે કરવામા આવેલ હથીયારો દ્રારા સ્વેચ્છા પુર્વક કરેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદ પક્ષ દ્રારા પુરવાર કરવામા આવેલ નથી. તે સંજોગોમા ડોકટરશ્રીની જુબાનીથી ફરીયાદ પક્ષના કેસને એ રીતનુ સમર્થન મળતુ નથી કે જેના પરથી આ કામના આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય. વધુમા આ કામના ત.ક.અમલદારશ્રી મરણ ગયેલ હોય તેઓને આ કામે તપાસવામા આવેલ નથી. વધુમા આ કામે આંક ૧૧૧ થી સાહેદ નારણભાઇ રત્નાભાઈ કો.પટેલે સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓએ તેમની સર તપાસમા જણાવેલ છે કે, ચંદનસિંહ જીવાભાઇને તેમના મકાનનું બારણું મુકવાનું હોવાથી તેઓની સાથે ઝઘડો થયેલો. **આ ઝઘડામાં શું થયેલું પુછતા સાહેદ થોડીવાર કંઇ બોલેલ નહી અને પછી બોલેલ કે ખોટુ શું બોલવું, તેમ કહી જણાવેલ કે સામાવાળાએ તેઓને લાકડીઓ મારેલી પરંતુ તેઓએ ધારીયા મારેલાનું લખાવેલું.** આમ સદર સાહેદ કે જે આ કામે ઈજા પામનાર તથા આ કામના ફરીયાદીના ભાઈ થાય છે તેઓએ સ્પષ્ટપણે જણાવેલ છે કે ફરીયાદપક્ષ ખોટી હકીકતવાળી ફરીયાદ આપી ખોટી રીતે ધારીયુ મારેલાનુ લખાવેલ છે અને આમ ફરીયાદપક્ષનો કેસ

વિશ્વસનીય જણાઈ આવતો નથી અને તેઓ ધ્વારા આરોપીઓ વિરૂધ્ધનો કેસ સ્પષ્ટપણે પુરવાર કરવામા આવતો નથી.

**(૧૭)** આમ, ફરીયાદી તથા સાહેદોએ વિરોધાભાસી હકીકત જણાવેલ હોય જેથી ફરીયાદપક્ષની હકીકતોને નિઃશંકપણે સમર્થન મળે તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવી શકેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે ગુન્હાવાળી જગ્યાનું પંચનામું થયેલ છે. પરંતુ, સદર પંચનામાના પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન કારક હકીકત જણાવતા ના હોય તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ તેમ છતાં તેઓએ પંચનામાની હકીકતને સમર્થનકારક હકીકત જણાવેલ ના હોય. જેથી સદર પંચનામુ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલાનુ ફલિત થાય છે. જેથી સદર દસ્તાવેજ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ અન્વયે પુરવાર થયેલ નથી. વધુમાં ઉપરોક્ત દસ્તાવેજોને જેમના તેમ વંચાણે લેવામાં આવે તો પણ ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષની હકીકતો નિઃશંકપણે પુરવાર થતી નથી.

**(૧૮)** આ તબકકે...નામદાર ગુજરાત હાઈ કોર્ટ ના Rakeshkumar Damodarji Acharya v/s state of Gujarat 2014(3) GLH 252 Coram: Hon’ble Justice Bhaskar Bhattacharya and J.B.Pardivala ના ચુકાદામા સ્પષ્ટપણે એવુ ઠરાવેલ છે કે,

***para 51*** *The trail judge owes a responsibility to weigh the probability of the prosecution evidence, which he has to do for arriving at the decision whether the prosecution allegations have been proved by the standard laid down in section 3 of the Evidence Act. In so weighing the probability of the prosecution allegation, of necessity, other probabilities also appearing from the evidence brought before the Court have to be considered for comparative assessment which of the probabilities should be accepted as a fact proved. If, from the evidence, any probability consistent with the innocence of the accused is equally strong as the probability pointing to his guilt, then on the strength of the presumption of innocence in favour of the*

*accused, it could be said that the prosecution has failed to prove its allegations. Even if the probability consistent with innocence is not equally strong with other probability of innocence is such as would cast a doubt, then it may be a case of reasonable doubt, the benefit of which must go to the accused. That being so, it is incumbent upon the trial Judge to consider all the probabilities that appear from the evidence before him, and he cannot afford to be credulous and omit so consider reasonable probabilities only because in the opinion of the medical expert, the case is one of homicidal death and not suicidal death. The trial Court, as a Judge of fact, must consider the evidence given in the case from all view points.*

(૧૮.૧) એટલે કે જયારે ન્યાયની અદાલતને ફરીયાદપક્ષના કેસમા વ્યાજબી શંકા જણાય એટલે કે જયારે ત્યારે તેવી શંકાનો લાભ આરોપીને અવશ્યપણે આપવો જ જોઈએ ત્યારબાદ આ સંદર્ભે ૨૦૧૭૮૨૯ જી.એલ.આર.૧૫૫૨–મહેશભાઈ રતીલાલ ભીલ વિ સ્ટેટ ઓફ ગુજરાતનો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં નામદાર હાઈકોર્ટે એવું ઠરાવેલ છે કે ફરિયાદપક્ષના કેસમાં જ્યારે શંકા ઉપસ્થિત થતી હોય ત્યારે માત્ર નૈતિકતાના આધારે સજા કરી શકાય નહિં. ગુન્હો ગમે તેટલો ગંભીર હોય અને શંકા ગમે તેટલી દ્રઢ હોય તો પણ તે ક્યારેય સાબિતી પુરાવાનું સ્થાન લઈ શકે નહિ અને જ્યારે આ શંકા ઉપસ્થિત થાય ત્યારે તેનો લાભ હંમેશા આરોપીને મળવો જોઇએ. એ જ રીતે નામદાર સવોચ્ચ અદાલતે જગ્ગાસિંઘ વિ.પંજાબ રાજય (એ.આઈ.આર. ૧૯૭૫ સુ.કો. ૧૩૫ ) ના ચુકાદમા ઠરાવ્યા અનુસાર ''શંકા આખરે શંકા છે, તે ગમે તેટલી દઢ હોય તો પણ સાબીતીનુ સ્થાન લઈ શક નહિ'' અને બનાવ બનવા બાબતે વ્યાજબી શંકા ઉપજેલી હોય તેથી ભારતીય ન્યાય પ્રણાલી અનુસાર વ્યાજબી શંકાનો લાભ આરોપીને આપવો ન્યાયોચીત જણાય છે.

(૧૯) આમ, ઉપરોક્ત સમગ્ર ચર્ચાને અંતે ફરીયાદપક્ષ આરોપીઓ વિરુદ્ધનો પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## ***// આખરી હુકમ //***

**(૧)** આ કામે આરોપી ન. (૩) જીતેન્દ્રસિંહ ચંદનસિંહ ડોડીયા રાજપુત (૪) હેમુભાઇ માવુભાઇ ડોડીયા રાજપુત તમામ રહે.ધનવાડા, તા.ધોળકા જી.અમદાવાદનાઓએ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫,૩૨૪,૩૨૩,૪૫૨,૪૨૭,૫૦૪,૧૧૪ મુજબ મુજબનાં ગુના સબબનાં કામે પુરતા પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આથી આરોપીઓને આદેશ આપવામાં આવે છે કે સી.આર.પી.સી. કલમ–૪૩૭ (એ) મુજબ અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/–જાત જામીન તથા તેટલીજ રકમના સધ્ધર જામીન હુકમની તારીખથી છ માસ માટેની સમય મર્યાદા માટે રજુ કરવા.

**(૩)** મુદ્દામાલ અપીલ સમય વિત્યે નિયમો અનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૪)** આ કામના આરોપી ન.(૧) ચંદનસિંહ જીવાભાઇ ડોડીયા રાજુપત તથા આરોપી ન. (૨) વજુભાઇ પોપટભાઇ ડોડીયાનાઓ મરણ ગયેલ હોય અને તે અંગેની પુરસીસ આજરોજ રજુ થયેલ હોય તેમની સામેનો કેસ એબેટ કરવામા આવે છે.

હુકમ આજ તારીખ–૧૭ થી, માહે–એપ્રિલ , સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ધોળકા.
તા : ૧૭ / ૦૪ / ૨૦૨૬

(પ્રહલાદકુમાર મુળશંકર જોષી)
એડી.જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ,ધોળકા.
કોડ નં. જીજે–૦૧૭૧૬.